ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૩ (કુલ વર્ષ ૬૩)
અંક-૪ • જુલાઈ, ૨૦૧૫ • પાના ૪૪ • કીમત રૂા. ૨૦
RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 3, ISSUE : 4, JULY 2015, PAGES 44. PRICE 20/-



## જિન-વચન

**જે તપનો, વાણીનો, રૂપનો અને ભાવનો ચોર હોય છે તે નિમ્ન કોટિનો દેવ થાય છે.**

तवतेणे वइतेणे रूवतेणे य जे नरे।
आयार भावतेणे य कुव्वई देवकिब्बिसं ।।

(દ. ૫-(૨)-૪૬)

જે મનુષ્ય તપનો ચોર, વચનનો ચોર, રૂપનો ચોર, આચારનો ચોર અને ભાવનો ચોર હોય છે તે કિલ્બિષિક (નિમ્ન કોટિનો) દેવ થાય છે.

A person who deceives or beguiles others in the matters of penance, speech, complexion, behaviour and feelings becomes a kilbish, i.e. deity of an Inferior category, in the next birth.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

## આચમન — આ માણસ વેપારી ન હોય!

પોતે હજારોના વેપાર ખેડતા, હીરા મોતીની પરખ કરતા, વેપારના કોયડા ઉકેલતા. પણ એ વસ્તુ તેમનો વિષય નહોતી. તેમનો – વિષય – પુરુષાર્થ તો આત્મઓળખ – હરિદર્શન – હતો. પોતાની પેઢી ઉપર બીજી વસ્તુ હોય યા ન હોય, પણ કોઈ ને કોઈ ધર્મપુસ્તક અને રોજનીશી હોય જ. વેપાર વાત પૂરી થઈ કે ધર્મપુસ્તક ઊઘડે અથવા પેલી નોંધપોથી ઊઘડે. તેમના લેખોનો જે સંગ્રહ પ્રગટ થયો છે તેમાંનો ઘણો ભાગ તો આ નોંધપોથીમાંથી લેવાયેલો છે. જે મનુષ્ય લાખોના સોદાની વાત કરી લઈને તુરત આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખવા બેસી જાય તેની જાત વેપારીની નહીં પણ શુદ્ધ જ્ઞાનીની છે. તેમનો આવી જાતનો અનુભવ મને એક વેળા નહીં પણ અનેક વેળા થયેલો. મેં તેમને કદી મૂર્છિત સ્થિતિમાં નથી જોયા. મારી જોડે તેમને કશો સ્વાર્થ નહોતો, તેમના અતિ નિકટ સંબંધમાં હું રહ્યો છું. હું તે વેળા ભિખારી બારીસ્ટર હતો. પણ જ્યારે હું તેમની દુકાને પહોંચું ત્યારે મારી સાથે ધર્મવાર્તા સિવાય બીજી વાર્તા ન જ કરે.

□ **મહાત્મા ગાંધીજી**

('સત્યના પ્રયોગો'માંથી)

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી


૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૫ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૩મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૨.
- કુલ ૬૩મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબ સાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ


## પૂર્વ તંત્રી મહાશયો


જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ


## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | એક અમૂલ્ય દિવ્ય ગ્રંથનું પ્રાગટ્ય શ્રી મહાવીર જૈન ગીતા | ડૉ. ધનવંત શાહ | ૩ |
| ૨. | ઉપનિષદમાં ગૃહસ્થના કર્મનો વિચાર | ડૉ. નરેશ વેદ | ૭ |
| ૩. | સમ્યગ્ દર્શનના આઠ અંગો | ડૉ. રશ્મિભાઈ ઝવેરી | ૧૧ |
| ૪. | શાકાહારનું સત્ય અને તથ્ય | શશિકાંત લ. વૈદ્ય | ૧૪ |
| ૫. | જૈન સાહિત્યના વિદેશી વિદ્વાનો | અનુવાદક : બીના ગાંધી | ૧૫ |
| ૬. | નવકારની સંવાદયાત્રા | ભારતી દિપક શાહ | ૧૯ |
| ૭. | 'જિન વાણી' – 'નિજ વાણી' | ડૉ. દીક્ષા સાવલા | ૨૧ |
| ૮. | અધ્યાત્મના ક – ખ – ગ | મીરા ભટ્ટ | ૨૩ |
| ૯. | વિદ્વાનો માટેનું એક મહત્ત્વનું કાર્ય ક્ષેત્ર | આ. વિ. કલ્યાણબોધિ સૂરિ | ૨૫ |
| ૧૦. | ચતુર્વિધ વાક્ | ભાણદેવ | ૨૬ |
| ૧૧. | જૈનદર્શનમાં 'ઉપયોગ'નું મહત્ત્વ | ગુણવંત બરવાળિયા | ૨૯ |
| ૧૨. | ભાવ-પ્રતિભાવ | — | ૩૧ |
| ૧૩. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૩૫ |
| ૧૪. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન | — | ૩૬ |
| 15. | Control Over Speech | Muni Vatsalyadeepji Trans. : Pushpa Parikh | 37 |
| 16. | The Seeer's Diary : `Don't show me the money | Reshma Jain | 38 |
| 17. | Enlighten yourself by Self Study of Jainology Leson 7 (1)– Jain Mythology | Dr. Kamini Gogri | 40 |
| 18. | The story of the fourth Chakravarty King Sanatkumar | Dr. Renuka Porwal | 42 |
| 19. | The Fourth Chakravarty Sanatkumar Pictorial Story (Colour Feature) | Dr. Renuka Porwal | 43 |
| ૨૦ | પંથે પંથે પાથેય : ન જાણ્યું જાનકીનાથે... | ઈન્દિરા સોની | ૪૪ |

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

● 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૩ (કુલ વર્ષ ૬૩) ● અંક : ૪ ● જુલાઈ ૨૦૧૫ ● વિક્રમ સંવત ૨૦૭૧ ● વીર સંવત ૨૫૪૧ ● અ. અષાઢ તિથિ-અમાસ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ●     ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## એક અમૂલ્ય દિવ્ય ગ્રંથનું પ્રાગટ્ય

### પ. પૂ. યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીની અંતિમ રચનાનું પૂ. આચાર્ય વાત્સલ્યદીપસૂરિ દ્વારા ભાવદર્શન

## શ્રી જૈન મહાવીર ગીતા

'પ્રબુદ્ધ જીવન'ને યશ અને ગૌરવ અપાવે એવી બે ઘટના તાજેતરમાં બની. એક, સતત છ વર્ષ સુધી પ્રત્યેક માસે, જેમના સર્જનમાં તત્ત્વ અને કલાનો સુભગ સમન્વય છે એવા જૈન અને ગુજરાતી સાહિત્યના સમર્થ સર્જક જયભિખ્ખુના જીવન અને સાહિત્યને પ્રસ્તુત કરતી 'જયભિખ્ખુ જીવનધારા'નું ધારાવાહી રૂપે 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત થતી હતી એ ધારાવાહી 'જીવતરની વાટે અક્ષરનો દીવો' શીર્ષકથી તેનું ગ્રંથ સ્વરૂપે મુંબઈ અને અમદાવાદમાં જિજ્ઞાસુ વિદ્વદ્‌જનોની વિશાળ ઉપસ્થિતિમાં વિમોચન થવું અને બીજી ઘટના, એવી જ રીતે ૯૦ વર્ષથી વધુ સમય સુધી અપ્રગટ રહેલી યોગનિષ્ઠ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીની અમૂલ્ય અંતિમ રચનાનું એઓશ્રીમાં પ્રપૌશિષ્ય આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજીએ 'પ્રબુદ્ધ જીવન'માં સતત છ વર્ષ સુધી જેનું ધારાવાહી સ્વરૂપે ભાવદર્શન કરાવેલ એ 'શ્રી જૈન મહાવીર ગીતા'નું મુંબઈમાં જૈનધર્મના ચિંતકો અને જિજ્ઞાસુઓની ઉપસ્થિતિમાં ગ્રંથ સ્વરૂપે પ્રગટ થવું.

**આ અંકના સૌજન્યદાતા**

**સેવન્તીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ**

સાહિત્યકાર પિતા જયભિખ્ખુના જીવન વિશે 'જીવતરની વાટે અક્ષરનો દીવો' શીર્ષકથી જીવન ચરિત્રનું સર્જન કરી પુત્ર કુમારપાળ દેસાઈએ પિતૃતર્પણ કર્યું, એ જ રીતે 'શ્રી જૈન મહાવીર ગીતા'નું ભાવદર્શન કરાવતી એ રચનાને ગ્રંથ સ્વરૂપે પ્રગટ કરી પ્રપૌશિષ્ય આચાર્ય વાત્સલ્યદીપજીએ ગુરુ અને દાદાગુરુનું તર્પણ કર્યું. આ એક વિરલ ઘટના છે.

પ્રથમ ગ્રંથ 'જીવતરની વાટે અક્ષરનો દીવો' વિશે તો 'પ્રબુદ્ધ જીવન'ના આ પહેલાંના અંકોમાં વિસ્તૃત રસદર્શન કરાવેલ છે. આજે આ 'શ્રી જૈન મહાવીર ગીતા'ની વાત કરીએ. આ ગ્રંથની રચના અને પ્રકાશનનો ઇતિહાસ રસપ્રદ છે. એમાં વણાયેલું તત્ત્વ ચિંતનીય, અમૂલ્ય

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬
● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોષી. ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c. No. 0039201 000 20260
● Website : www.mumbai-jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

અને અવિસ્મરણીય છે. આપણે પ્રકાશન અને તત્ત્વની વાત કરીએ.

**તાત્પર્ય એ છે કે જો કૃતિમાં તત્ત્વભાવ હોય તો યોગ્ય સમયે એ પ્રગટે છે જ. ધીરજનું તપ અને વિઘ્નોને પાર પાડવાની ક્ષમતા હોવી જોઈએ.**

પ. પૂ. યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજીનો આયુકાળ માત્ર ૫૧ વર્ષ. આ એકાવન વર્ષમાં દીક્ષા જીવન ૨૪ વર્ષનું. એમનું સર્જન ગદ્ય અને પદ્યમાં લગભગ ૧૪૦ પુસ્તકોનું એમાં વિષય વૈવિધ્ય ઘણું જ. એમના 'કર્મયોગ'થી લોકમાન્ય તિલક એટલા પ્રભાવિત થયા હતા કે એમણે કહ્યું કે કર્મ વિશેના મારા ગ્રંથનું સર્જન કરતા પહેલાં મેં જો પૂ. આચાર્યશ્રીના કર્મયોગનું વાંચન કર્યું હોત તો હું મારો કર્મ ઉપરનો ગ્રંથ ન લખત. પૂજ્યશ્રીના ૧૪ પુસ્તકો એ વખતના બરોડા રાજ્યના શિક્ષણ ખાતાએ પાઠ્ય પુસ્તક તરીકે પસંદ કરેલા. પૂજ્યશ્રીના પુસ્તકોની એકથી વિશેષ આવૃત્તિ પ્રકાશિત થયેલી, એમાંય એમના ભજનપદ સંગ્રહની તો ૧૧ આવૃત્તિ થઈ હતી.

આ 'શ્રી જૈન મહાવીર ગીતા'નું સર્જન એઓશ્રીએ વિ. સંવત ૧૯૭૯માં એટલે આજથી લગભગ ૯૨ વર્ષ પહેલાં કર્યું. પૂજ્યશ્રી આર્ષદૃષ્ટા ઋષિ અને ભવિષ્યની ઘટનાના જાણકાર હતા, એ તો સાબિત થઈ ચૂક્યું છે. પૂજ્યશ્રીએ આ જગતમાં ભવિષ્યમાં શું શું થશે એનો વિસ્તાર કરતી કવિતા આજથી સો વર્ષ પહેલાં લખેલ જે મહુડીના પ્રાંગણમાં પ્રસ્તુત છે, અને એ કવિતામાં પ્રસ્તુત કરેલા વિધાનો વર્તમાનમાં સાચા પડ્યા છે. આવા એ મહાજ્ઞાનીને પોતાના મૃત્યુની તિથિ પણ ખબર પડી હતી કે પોતાનો આત્મા સંવત ૧૯૮૧ના જેઠ વદી ત્રીજના દિવસે આ પુદ્ગલ દેહનો ત્યાગ કરશે. એટલે આ 'શ્રી જૈન મહાવીર ગીતા'ની સંસ્કૃતમાં લખાયેલ હસ્તપ્રત પોતાના અંતેવાસી સંસારી શિષ્ય કવિ પાદરાકરને આપી અને કહ્યું કે પોતાના દેહવિલય પછી ૨૫ વર્ષ પછી આ કૃતિનું પ્રકાશન કરવું.

આ પચ્ચીસ વર્ષ તો વીતી ગયા, પણ આર્થિક કારણોને કારણે સંસ્કૃત ભાષામાં લખાયેલી આ 'શ્રી જૈન મહાવીર ગીતા'નું પ્રકાશન ન થઈ શક્યું.

બીજા પંદર વરસ પસાર થઈ ગયા, એટલે કવિ પાદરાકરના સુપુત્ર પોપટલાલ પાદરાકરે અને ડૉ. રમણલાલ ચી. શાહે આ હસ્તપ્રત પ. પૂ. બુદ્ધિસાગર સૂરીશ્વરજીના પ્રશિષ્ય આચાર્ય પૂજ્ય દુર્લભસાગરજીને સોંપી. પૂજ્ય દુર્લભસાગરજીએ આ સંસ્કૃત હસ્તપ્રતને એ સમયના સંઘના આગેવાન શ્રેષ્ઠિ જનો શ્રી કેશુભાઈ લલ્લુભાઈ ઝવેરી, શ્રી ચીમનલાલ જેચંદભાઈ શાહ અને પ્રસિદ્ધ લેખક જયભિખ્ખુ વગેરેના સાથથી આ સંસ્કૃત 'શ્રી જૈન મહાવીર ગીતા'ને પુસ્તક સ્વરૂપે છપાવીને પ્રકાશિત કર્યું.

એટલે સર્જનના ચાલીશ વર્ષ પછી આ હસ્તપ્રતને પુસ્તક દેહ મળ્યો, પરંતુ એ સંસ્કૃતમાં જ, એટલે સ્વાભાવિક છે કે આ ગ્રંથને માત્ર વિદ્વદ્જનો જ વાંચી શકે.

લગભગ સંવત ૨૦૬૩માં મારે અમદાવાદ પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપજીના દર્શને જવાનું થયું અને અમારી જ્ઞાન ગોષ્ટિમાં આ સંસ્કૃત ગ્રંથની વાત નીકળતા મેં પૂજ્યશ્રીને વિનંતી કરી કે 'આપ આ ગ્રંથનો ગુજરાતીમાં અનુવાદ કરો, જે આપણે 'પ્રબુદ્ધ જીવન'માં નિયમિત ધારાવાહી સ્વરૂપે પ્રકાશિત કરીએ.' ત્યારે પૂજ્યશ્રીએ મને સૂચન કર્યું, કે 'માત્ર શબ્દેશબ્દનું ભાષાંતર કરવાથી આ કૃતિના ભાવ અને તત્ત્વનું દર્શન નહિ થાય, એટલે એ સંસ્કૃત શ્લોકોનો આધાર લઈને પ્રત્યેક પ્રકરણનું હું ભાવદર્શન કરાવું.' મને પૂજ્યશ્રીનું આ સૂચન ગમ્યું અને સંવત ૨૦૬૩થી જ 'પ્રબુદ્ધ જીવન'માં આ કૃતિના તત્ત્વ અને ભાવ દર્શાવવાના શ્રીગણેશ મંડાયા જે સંવત ૨૦૬૮ એટલે પાંચ વર્ષ સુધી અવિરત પ્રગટ થતાં રહ્યાં. આ ધારાવાહી જેમ જેમ પ્રગટ થતી રહી તેમ તેમ દેશ-પરદેશથી યશ મળવા લાગ્યો. વાચકોએ પૂ. આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજીના તત્ત્વને અને આચાર્ય પૂ. વાત્સલ્યદીપના ભાવદર્શનને વધાવી લીધાં. 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત થયા પછી આ 'શ્રી જૈન મહાવીર ગીતા'ને ગ્રંથ સ્વરૂપે પ્રગટ કરવાના ચક્રો ગતિમાન થયા. એમાંય વિઘ્નો આવ્યા અને ટળ્યા. ગુર્જરગ્રંથના શ્રી મનુભાઈએ પ્રકાશનની જવાબદારી સ્વીકારી શ્રુત સાહિત્યની પૂજા કરી અને આ સંવત ૨૦૭૧ના જેઠ માસમાં આ ગ્રંથનું મુંબઈમાં પ્રાગટ્ય થયું.

એટલે સર્જનના ચાલીસ વરસ પછી આ સંસ્કૃત હસ્તપ્રતનું પ્રકાશન પૂજ્યશ્રીના પ્રશિષ્ય આચાર્ય દુર્લભસાગરજી દ્વારા થયું, પછી બીજા બાવન વરસ પછી એટલે કુલ ૯૨ વર્ષ પછી આ ગ્રંથનું ગુજરાતીમાં પૂજ્યશ્રીના પ્રપૌશિષ્ય પૂ. આચાર્ય વાત્સલ્યદીપ દ્વારા પ્રકાશન થયું.

વર્તમાન ગ્રંથમાં૨૯૫૨ મૂળ સંસ્કૃત શ્લોકો અનુષ્ટુપ છંદમાં છે સાથોસાથ પૂ. આચાર્ય વાત્સલ્યદીપજીએ કરાવેલ પ્રકરણ પ્રમાણે સરળ ગુજરાતી ભાષામાં ભાવદર્શન પણ છે.

તાત્પર્ય એ છે કે જો કૃતિમાં તત્ત્વભાવ હોય તો યોગ્ય સમયે એ પ્રગટે છે જ. ધીરજનું તપ અને વિઘ્નોને પાર પાડવાની ક્ષમતા હોવી જોઈએ.

વળી આ તો દિવ્ય ગ્રંથ છે. એક પ્રખર યોગીની આત્મવાણી છે. આ ગ્રંથના ષોડસ અધ્યાય યોગોપસંહાર યોગમાં જણાવાયું છે કે આ ગ્રંથ, 'શ્રી જૈન મહાવીર ગીતા' પૂર્વે બ્રાહ્મી લિપિમાં લખાયો હતો. આ ગ્રંથમાં જ પૂ. આચાર્ય વાત્સલ્યદીપસૂરિજી ૧૨૫મા શ્લોકમાં લખે છેઃ 'શ્રી જૈન મહાવીર ગીતા' પૂર્વે ઋષિમુનિઓએ બ્રાહ્મી લિપીમાં લખ્યો હતો, તેને સમય જતાં શ્રી યશોભદ્રસૂરિજીએ પુનઃ લખી રાખેલો તે ગ્રંથ, શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી નિર્દેશ કરે છે કે મને મળ્યો અને તે મેં તમને પહોંચાડ્યો. આ સંપૂર્ણ વિધાન વાંચીએ છીએ ત્યારે વિચારમાં ડૂબી જવાય. શ્રી યશોભદ્રસૂરિજી કોણ હતા, ક્યારે થયા વગેરે નિર્દેશ

મળતો નથી, પરંતુ શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી એમ કહેવા માગે છે કે આ પૂર્વે લખેલા મહાપુરુષને અનુસાર છે અને તેની પ્રાપ્તિ તેમને કોઈ દિવ્ય શક્તિ દ્વારા થઈ હતી તે મુજબ તેમણે લખ્યો છે.

**રોગ મટાડે તે દવા અને દોષ મટાડે તે ધર્મ. આપેલા વિશ્વાસનો ઘાત કરવો એ મહાપાપ છે.**

એક વિચાર આવે છે કે શ્રી યશોભદ્રસૂરિજીનો આત્મા જ સમય જતા શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિજી રૂપે પ્રગટ્યો નહિ હોય?' (પાનું ૧૨૮).

'આ મહાવીર ગીતા પૂર્વના ઋષિઓએ બ્રાહ્મી લિપિમાં લખેલ તેને સમય જતાં યશોભદ્રસૂરિએ લખી હતી.'

'મેં જ્ઞાન કોષમાં ગુપ્ત રાખેલ તેને ભક્તિપૂર્વક દેવનાગરી લિપિમાં લખીને પ્રગટ કરી.'

'મારા પછી ધર્મની વૃદ્ધિ માટે ભવિષ્યમાં સૂરિઓ, મહર્ષિઓ વગેરે બીજી લિપિઓમાં અને બીજી ભાષાઓમાં પ્રેમપૂર્વક લખશે'–શ્રી જૈન મહાવીર ગીતા-પ્રકરણ યોગોપસંહાર યોગ-ગાથા-૧૨૫-૧૨૬-૧૨૭) પાનું ૧૨૯.

આવી તો ઘણી ભવિષ્યવાણી પૂજ્યશ્રીએ આ ગ્રંથના આ યોગોપસંહાર પ્રકરણમાં કરી છે.

આ ગ્રંથનું આ વરસે પ્રાગટ્ય વિશેષ રીતે ઉચિત એ છે કે આ ગ્રંથના કર્તા પ. પૂ. આચાર્ય ભગવંત યોગનિષ્ઠ બુદ્ધિસાગર સૂરીશ્વરજીના આચાર્ય પદની શતાબ્દીનું આ વરસ છે. આને જોગાનુજોગ કહીએ કે પેલા વિઘ્નગ્રહની કોઈ શુભ યોજના હશે?

કાળ એનું કામ કરતો જ હોય છે. પાંચ સમવાયમાં જ્યારે કાળ પરિપક્વ થાય ત્યારે જ 'વસ્તુ'નું પ્રગટીકરણ થાય છે.

ભગવદ્ ગીતામાં ૧૮ અધ્યાય છે જ્યારે અહીં સોળ અધ્યાય છે. જેના વિષયો છે, શ્રદ્ધા, પ્રેમ, કર્મ, ધર્મ, નીતિ, સંસ્કાર, શિક્ષા, શક્તિ, દાન, બ્રહ્મચર્ય, તપ, ત્યાગ, સત્સંગ, ગુરુભક્તિ, જ્ઞાન અને યોગોપસંહાર. ત્યાર પછી મંત્ર યોગ, ગૌતમ સ્તુતિ, શ્રેણિક સ્તુતિ, ચેટક સ્તુતિ, શક્તિયોગ અનુમોદના અને ઈન્દ્રસ્તુતિ એવા અલગ છ પ્રકરણો છે.

ભગવદ્ ગીતામાં યુદ્ધના મેદાનમાં ભગવાન કૃષ્ણ અર્જુનને ઉપદેશ આપે છે. અહીં 'રાજગૃહી નગરી છે, દેવ સર્જિત સમવસરણ છે, ગણધરશ્રેષ્ઠ ગૌતમ અને મુનિઓ, સાધ્વી શ્રેષ્ઠા ચંદનબાળા, અને સાધ્વીગણ, મહારાજા શ્રેણિક અને મગધજનો, ઈન્દ્રાદિક દેવતાઓ, દેવીઓ, નર-નારીઓ, તિર્યંચ પશુ પંખીઓ – આ સર્વે દેશના સાંભળવા ઉત્સુક છે. પ્રભુશ્રી મહાવીર સ્વામી ચતુર્મુખ દેશના કરે છે. જ્ઞાની ગૌતમ સ્વામી, રાજા શ્રેણિક ઇત્યાદિ આત્માના કલ્યાણ અર્થે પ્રાર્થના કરે છે. પ્રભુ નિશ્ચય અને વ્યવહારની દૃષ્ટિથી અનેક ઉત્તરથી સમાધાન કરે છે. સૌની જિજ્ઞાસા તૃપ્ત થાય છે. એ સમાધાન સાર એટલે આ શ્રી જૈન મહાવીર ગીતા'.

**આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે જૈનોની સંખ્યા ૪૦ કરોડની હતી**

આ ગ્રંથના કેટલાંક તેજસ્વી વિધાન આપણને ચિંતનના પ્રદેશમાં લઈ જાય છે. એ વિધાન ઉપર દૃષ્ટિ કરીએ:

અહીં પ્રેમ યોગ અધ્યાયમાં એક વિશિષ્ટ વિધાન ૧૮માં શ્લોકમાં જોવા મળે છે. અનન્તાઃ પ્રેમપર્યાયાઃ શુદ્ધાશુદ્ધ સ્વરુપતઃ એટલે કે શુદ્ધ અને અશુદ્ધ સ્વરૂપી પ્રેમના અનંત પર્યાય છે અને કર્માનુસાર જીવ ભોગવે છે...મનના ખેલ પામ્યા વિના સાધક સાચો સાધક બનતો નથી અને ઉન્નતિ પામતો નથી.

શ્રીમદ્ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજીના 'જૈન ધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ' નામક ગ્રંથમાં તેમણે પ્રમાણિત કર્યું છે કે આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે જૈનોની સંખ્યા ૪૦ કરોડની હતી. આજે સમગ્ર વિશ્વમાં કદાચ એક કરોડની હશે.

કર્મયોગીઓએ ક્ષેત્ર અને કાલ અનુસાર પોતાના અધિકાર પ્રમાણે જ્ઞાન યોગનો આશરો લઈને પ્રવૃત્તિ કરવી જોઈએ. (કર્મયોગ-ગાથા ૧૦).

નિવૃત્તિનો અર્થ છે સર્વ પ્રકારની પરતંત્રતામાંથી મુક્તિ, સર્વ ઈચ્છાઓ, કામનાઓમાંથી નિવૃત્તિ, અજ્ઞાનમાંથી નિવૃત્તિ, દુઃખમાંથી નિવૃત્તિ. નિવૃત્તિ એટલે સ્વતંત્રતા. આ પ્રકારની નિવૃત્તિ પ્રાપ્ત કરવા માટે કર્મ એવી રીતે કરવું જોઈએ કે જેથી અંતે કર્મમાંથી મુક્ત બની જવાય. આ કળા કહે છે કર્મયોગ.

આસક્તિ વિના કરવામાં આવેલું કર્મ નિર્જરાસ્વરૂપ છે. –સકામ અને નિષ્કામ–જેવી વૃત્તિ હોય તેવું થાય છે.

રોગ મટાડે તે દવા અને દોષ મટાડે તે ધર્મ.
આપેલા વિશ્વાસનો ઘાત કરવો એ મહાપાપ છે.
(નીતિ યોગ-ગાથા–૨૩)

જૈન ધર્મ જ એવો ધર્મ છે કે જેણે જ્ઞાતિભેદના બંધન તોડ્યાં. જૈન ધર્મના નિયમ પાળવાની જેની સંપૂર્ણ તૈયારી હોય તેવી કોઈ પણ જ્ઞાતિની વ્યક્તિ દીક્ષા લઈ શકે છે. આ એક ક્રાંતિકારી ઘટના છે. વ્યક્તિ સંસ્કારથી–ગુણથી મહાન બને છે. કર્મની (વર્ણની) ઉચ્ચતા કે નીચતા તાત્ત્વિક રીતે હોતી નથી. બધાં જ વર્ણમાં મને જોનાર (ભજનાર) મહાન બને છે. –(નીતિ યોગ ગાથા-૧૩૭).

સદ્ગુણ એ જીવનની આધ્યાત્મિક સંપત્તિ (Spiritual

Property) છે એ હંમેશા સ્મરણમાં રાખવું જોઈએ. કાર્લ માર્ક્સની આ વાત ગાંઠે બાંધવા જેવી છે. `Our goal should be much not to have much' – આપણું પોતાનું જીવન લક્ષ્ય પોતાના ભીતરને અંદરથી સમૃદ્ધ કરવાનું હોવું જોઈએ. બહારની સમૃદ્ધિના ઢગ ખડકવાનું નહિ. જીવનની મહાનતા સત્યનિષ્ઠામાં છે, આત્મ સન્માનમાં છે.

**ધર્મ આચરણ માટે છે, દંભ માટે નહિ. ધર્મ આત્માના ઉત્થાન માટે છે, જડ સાધના માટે નહિ. જ્ઞાનયુક્ત આત્મા સંસારમાં ભૂલો પડતો નથી...**

યોગનિષ્ઠ આચાર્ય પૂ. બુદ્ધિસાગર સૂરિજીની અપ્રગટ ડાયરીનું ૨૭ નિયમોનું પાનું અહીં પૂ. આચાર્ય વાત્સલ્યદીપજીએ પ્રસ્તુત કર્યું છે, જે નિયમોથી આચાર્ય બુદ્ધિસાગરજીનું જીવન સમૃદ્ધ થયેલું (પાનું ૫૨).

જૈન ધર્મ જ્ઞાનની પૂજા કરે છે. વિશ્વમાં જૈન ધર્મ એક માત્ર એવો ધર્મ છે કે જેણે 'જ્ઞાન'ને પોતાના સર્વોચ્ચ નવપદમાં સ્થાન આપ્યું છે, પૂજા કરી છે અને જ્ઞાન ભક્તિને ધર્મ માન્યા છે...જૈન ધર્મે વિશ્વને જ્ઞાનપાંચમ તરીકે 'સ્ટડી ડે' આપ્યો છે.

આજથી ૯૨ વર્ષ પૂર્વે પૂજ્યશ્રીએ આ મહાવીર ગીતામાં જૈન સાધુ સમાજ માટે જે ભવિષ્યવાણી કહી હતી એ આજે સાચી પડી છે. 'ત્યાગ યોગ' અધ્યાયમાં જૈન સાધુ વિશે એઓ કહે છે :

'કેટલાક ધ્યાન કરશે, તો કેટલાક યતિઓ (સાધુઓ) સમાધિ કરશે. કેટલાક ઉપદેશ આપશે, તો કેટલાક જપ-પારાયણી બનશે. કેટલાક ધર્મની ક્રિયામાં લીન બનશે, તો બીજા કેટલાક તપમાં પ્રવૃત્ત થશે. બીજા કેટલાક વિવિધ કાર્યો કરશે. કેટલાક ધર્મ સાંભળશે. તો બીજા કેટલાક ધર્મ કહેશે. જૈન ધર્મના રક્ષકો ધર્મના પ્રભાવક થશે. કેટલાક સંઘની ઉન્નતિ કરનારા થશે, તો કેટલાક શાસ્ત્રાગારના રક્ષકો બનશે. કેટલાક ધર્મ શાસ્ત્રના લેખકો બનશે, તો બીજા વ્યાખ્યાનોમાં તત્પર થશે. કેટલાક દેવતાઓની ઉપાસના કરશે, તો કેટલાક યંત્રો બનાવશે. કેટલાક વિદ્યાધ્યયન કરશે તો કેટલાક ભક્તિ કરનારા થશે. સર્વ સાધુઓ છ આવશ્યક કર્મ કરશે. તીર્થનું રક્ષણ કરશે અને આચાર્યોની આજ્ઞા ગ્રહણ કરીને વર્તશે. કેટલાક ગુરુની નિશ્રામાં શાસ્ત્રોનો અભ્યાસ કરશે, અને સર્વ દેશોમાં વિહાર કરીને ધર્મના વ્યાખ્યાનો કરશે. (ત્યાગ-યોગ–ગાથા ૧૫ થી ૨૧).

પ્રકૃતિ અથવા કર્મની માયા એ બન્ને પર્યાય છે, અર્થાત્ એક રૂપ છે. તેમ જ આત્માઓ કર્મ કરનારા છે અને કર્મનો વિનાશ કરનારા છે.

એક ઈન્દ્રિય વગેરેના ભેદથી જીવો પાંચ પ્રકારના છે. જ્યારે આત્માઓ બે પ્રકારના છે. એક સિદ્ધ અને બીજા સાંસારિક.

પરોપકારના કાર્યમાં સારા લોકોએ ભેદભાવ કરવો જોઈએ નહિ, બધાંની સેવા આત્મભાવથી કરવી જોઈએ. તેનાથી પુણ્યબંધ થાય છે.

–જ્ઞાન યોગ ગાથા–૬, ૪૮, ૧૮૭.

ધર્મ આચરણ માટે છે, દંભ માટે નહિ. ધર્મ આત્માના ઉત્થાન માટે છે, જડ સાધના માટે નહિ...શુદ્ધ ચારિત્રરૂપ એવો આત્મા જ જૈન ધર્મ છે...જ્ઞાનયુક્ત આત્મા સંસારમાં ભૂલો પડતો નથી.

આ ધર્મગ્રંથો આપણાં સંસ્કારને મજબૂત કરે છે, આપણા નબળા વિચારો બહાર ફેંકી દે છે. આપણને સન્માર્ગે ટકાવી રાખે છે. એમ લાગે છે કે આ ધર્મગ્રંથો આપણને કહ્યા વિના આપણા હૃદયને મસાજ કરે છે.

શ્રી જૈન મહાવીર ગીતા એક પ્રખર યોગીની આત્મવાણી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ડૉ. યોગેન્દ્ર પારેખ કહે છે : 'શ્રી મહાવીર ગીતામાં ભગવાન મહાવીર, ગૌતમ સ્વામી તથા મહારાજા શ્રેણીક આદિને જે બોધ આપે છે તેનું વર્ણન છે. ત્રણ હજાર જેટલા શ્લોકમાં પ્રગટેલી ગુરુવાણીની એકનિષ્ઠ આરાધનાને આચાર્ય શ્રી વાત્સલ્યદીપ સૂરિજી પોતાનું લક્ષ બનાવે છે. શ્રીમદ્ ભગવત ગીતાની રૂપરચનાનું અને તત્ત્વજ્ઞાનનું વિરલ અનુસંધાન 'શ્રી જૈન મહાનીર ગીતા'નું પ્રથમ લક્ષણ છે. બુદ્ધિસાગર સૂરીશ્વરજીએ શ્રી જૈન મહાવીર ગીતા દ્વારા જૈન ધર્મની તાત્ત્વિક ભૂમિકા અને સાધક માટેના આવશ્યક આધ્યાત્મિક સોપાનોની સુંદર છણાવટ કરી છે.'

પ્રસ્તાવનાકાર ડૉ. રશ્મિકુમાર ઝવેરી આ ગ્રંથને અદ્વિતીય ગ્રંથનું દિવ્યદર્શન કરાવતા અંતે લખે છે :

''શ્રી જૈન મહાવીર ગીતા એ જૈન દર્શનનું એક અદ્વિતીય પુસ્તક છે. જેનું પારાયણ કરીએ તો બત્રીશે કોઠે દીવા થઈ જાય છે. સાહિત્યની દૃષ્ટિએ પણ આ ગ્રંથ એક નવો ચીલો પાડે છે જે જૈન સાહિત્યનું અણમોલ રત્ન બની રહે છે. પ્રાંજલ ભાષા, ગહન તત્ત્વજ્ઞાન અને વિષયોની સરવાણી – આ ત્રિવેણી સંગમમાં સ્નાન કરાવી પૂ. આચાર્ય વાત્સલ્યસૂરિજી અનાસક્તિ કર્મયોગનું પાઠકને સુચારું દર્શન કરાવી પવિત્રતા અને દિવ્યતાનો અનુભવ કરાવે છે.''

આ ગ્રંથનું પ્રાગટ્ય એક દિવ્ય ઘટના છે. કૃતિના સર્જન પછી ચાલીસ વરસે એના રચનાકારના પ્રશિષ્ય પ. પૂ. આચાર્ય દુર્લભસાગરજીએ મૂળ સંસ્કૃત કૃતિનું પ્રકાશન કરી પોતાના દાદાગુરુ આચાર્ય ભગવંત પૂ. બુદ્ધિસાગર સુરીશ્વરજી પ્રત્યેનું ઋણ ચૂકવ્યું અને પછી બીજા ચાલીશ વરસ પછી એ રચનાકારના પ્રપૌશિષ્ય આચાર્ય વાત્સલ્યદીપ સૂરિજીએ પોતાના પરદાદા ગુરુ અને ગુરુ પ્રત્યેનું ઋણ એ કૃતિ સંસ્કૃત અને ગુજરાતીમાં ચિંતનાત્મક ભાવદર્શન સાથે પ્રકાશિત કરી બે ઋણ ચૂકવ્યા.

જૈન તત્ત્વજ્ઞાનથી ભર્યા ભર્યા આ ગ્રંથને જૈન જગત ભાવથી વધાવશે એવી શ્રદ્ધા છે. જૈન સાહિત્ય વિશ્વમાં આ ગ્રંથ પોતાનું નિશ્ચિત સ્થાન પ્રાપ્ત કરશે એ નિઃશંક છે.

આચાર્ય પૂ. વાત્સલ્યદીપજી અને આ ગ્રંથને આકાર આપનાર સૌ વિદ્વવદ્જનોને આપણે આ શ્રુત પૂજા માટે વંદન કરીએ.

☐ **ધનવંત શાહ**

dtshah1940@gmail.com

આ ગ્રંથનું પ્રાપ્તિસ્થાન :

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ કાર્યાલય–૦૨૨ ૨૩૮૨૦૨૯૬

# ઉપનિષદમાં ગૃહસ્થના કર્મનો વિચાર

☐ ડૉ. નરેશ વેદ

સમગ્ર માનવજાતિમાં કેવળ ભારતવર્ષની પ્રજા એવી છે કે એને એના પૂર્વજોએ જીવન કેવી રીતે જીવવું જોઈએ, એનું પૂરું માર્ગદર્શન આપેલું છે. સુખ-સમૃદ્ધિ, યશ-આરોગ્ય, પ્રસન્નતા અને શાંતિથી ભરેલું જીવન જીવવાની કલા (Art of living)નું યથોચિત જ્ઞાન તેમણે આપેલું છે. જીવન શું છે, શા માટે છે, એમાં મનુષ્યનાં મુખ્ય કર્મ-ધર્મ કયા છે, એ કેવી રીતે બરાબર બજાવી શકાય, જીવનનું આખરી લક્ષ્ય શું હોવું જોઈએ, એ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય, જીવનમાં સફળતા અને સાર્થકતા કઈ રીતે મેળવી શકાય–વગેરે બાબતોનું તેમણે યથોયોગ્ય વર્ણન અને વિવરણ કરેલું છે. ટૂંકમાં કહીએ તો તેઓએ જીવનનું વ્યાકરણ (grammer of life) સંપૂર્ણપણે સમજાવ્યું છે.

ઉપનિષત્‌કાલીન આચાર્યોનું દર્શન (Vision) એવું હતું કે મનુષ્યનું સરેરાશ આયુષ્ય સો વર્ષનું ગણી શકાય. એ જો વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક ઢબે જીવવું હોય તો એને ચાર તબક્કામાં વહેંચી શકાય. એ તબક્કાઓને એમણે નામ આપ્યાં છે: (૧) બ્રહ્મચર્યાશ્રમ (૨) ગૃહસ્થાશ્રમ (૩) વાનપ્રસ્થાશ્રમ અને (૪) સંન્યાસાશ્રમ. પ્રત્યેક આશ્રમનો જીવનકાળ એમણે પચ્ચીસ પચ્ચીસ વર્ષોનો કલ્પ્યો હતો. એમના મતાનુસાર મનુષ્યે આયુષ્યનાં પ્રથમ પચ્ચીસ વર્ષો બ્રહ્મચર્યાશ્રમમાં ગાળવા જોઈએ. એ સમયગાળા દરમ્યાન મનુષ્યે જીવન જીવવા માટે જરૂરી પાયાનું જ્ઞાન, એટલે કે, દુનિયાદારીનું વ્યવહારજ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. એ ગાળા દરમ્યાન કુળગુરુ કે કોઈ સદ્‌ગુરુના આશ્રમમાં રહીને જીવન જીવવા માટે જરૂરી વિદ્યાઓ મેળવવી જોઈએ, તેમજ, પોતાના તન, મન, પ્રાણ, ઊર્મિ, બુદ્ધિ અને ચિત્તની કેળવણી લેવી જોઈએ. જીવનમાં જરૂરી એવાં વિચાર, વાણી અને વર્તનના ધારાધોરણો શીખવા–જાણવા જોઈએ. કુલાચાર, લોકાચાર, સદાચાર અને ધર્માચારનું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. સંસ્કારિતા, સભ્યતા અને નીતિમૂલ્યો તથા જીવનમૂલ્યોનું શિક્ષણ પ્રાપ્ત કરવું જોઈએ. એટલે કે માત્ર વિદ્યાકીય ભણતર જ નહીં, રુચિ, દૃષ્ટિ, નીતિ અને સ્વપ્નનું ઘડતર કરવું જોઈએ, વ્યક્તિત્વ અને ચારિત્ર્યનું ચણતર કરવું જોઈએ; સંસાર-વ્યવહારના નયનું ગણતર કરવું જોઈએ. મતલબ કે, પચ્ચીસ વર્ષના ગુરુકુળ નિવાસ દરમ્યાન તેણે શારીરિક, માનસિક, વાચિક, સાંસારિક, વ્યાવહારિક શક્તિમત્તાની કેળવણી લેવી જોઈએ. જેથી તે શરીરથી પુષ્ટ, મનથી વિમલ, જ્ઞાનથી વિવેકી, દૃષ્ટિથી તેજસ્વી, વિચારથી પુખ્ત, ઉચ્ચારથી વિનયી અને આચરણમાં પરિપક્વ બને. જોઈ અને સમજી શકાશે કે આ વ્યવસ્થા કેટલી વૈજ્ઞાનિક અને ઉપકારક હતી.

ગુરુકુળમાં ગુરુ પાસેથી આ પ્રકારની વિદ્યા અને તાલીમ, આ પ્રકારનું જ્ઞાન અને શિક્ષણ પ્રાપ્ત કરી જ્યારે છાત્ર પૂરી રીતે પુખ્ત અને પરિપક્વ બને ત્યારે તેનો વિદ્યાભ્યાસ પૂર્ણ થતો. બ્રહ્મચર્યાશ્રમ નામક જીવનનો પ્રથમ તબક્કો ત્યાં પૂરો થતો. એ તબક્કો પૂરો કરી છાત્રો જ્યારે પોતપોતાના પરિવારમાં જવા તૈયાર થતાં ત્યારે વાસ્તવમાં ગૃહસ્થાશ્રમ નામક બીજા જીવનતબક્કામાં પ્રવેશ લેવા માટે ઉદ્યત થતા. ત્યારે એ બધાં છાત્રોને શિક્ષા પછીની દીક્ષા આપવા માટે ગુરુ બધાંને એકઠાં કરી, એમને દીક્ષાન્ત પ્રવચન આપતા. વિદાય વચનોરૂપે અપાતા એ સદ્‌બોધમાં ગુરુ, છાત્રોએ ગૃસ્થાશ્રમમાં પ્રવેશ લઈ ગૃહસ્થજીવનમાં હંમેશાં ક્યાં કર્મો-ધર્મોનું પાલન કરતા રહેવું જોઈએ, તેનો દિશાનિર્દેશ કરતા હતા. તૈત્તિરીય ઉપનિષદની શિક્ષાવલ્લીના અગિયારમાં અનુવાકમાં મુદ્દાસર પણ સંક્ષેપમાં એનું નિરૂપણ થયેલું છે. એમાં ગુરુ, શિષ્યને ઉદ્‌બોધિત કરતાં, ગૃહસ્થાશ્રમમાં એક ગૃહસ્થી તરીકે તેના, જે આવશ્યક કર્મો છે તેનો ખ્યાલ આપતા હતા.

ગુરુના એ ઉપદેશનો આપણે વિગતવાર વિચાર કરીએ.

(૧) सतं वद। धर्म चर। स्वाध्यायान्मा प्रमदः। સત્ય બોલજે, ધર્મનું આચરણ કરજે. સ્વાધ્યાયમાં પ્રમાદ (આળસ) કરતો નહીં. પ્રથમ શિખમાં જ ગુરુ શિષ્યને વિચાર, ઉચ્ચાર અને આચારનો પાઠ (Lession) આપી દે છે. જે વ્યક્તિ આળસુ કે પ્રમાદી થયા વિના હંમેશાં શાસ્ત્રાભ્યાસ અને ગુરુવચનોનું અધ્યયન કરતો રહે, તે હંમેશાં ધર્માનુગામી અને સત્ય વક્તા રહે. ગુરુકુળનું જીવન અને વાતાવરણ સાંસારિક જીવન અને વાતાવરણથી જુદી જાતનાં હોય. તેથી વ્યક્તિ જ્યારે ગુરુકુળ છોડી, માનવ સંબંધો અને વ્યવહારોના સામાજિક વિશ્વમાં પ્રવેશ કરે ત્યારે તેને જુદા જ પ્રકારના જીવન અને વાતાવરણનો અનુભવ થાય. કારણ કે સમાજમાં જાતજાતની વ્યક્તિઓ હોય, તે પોતપોતાના સ્વાર્થો સિદ્ધ કરવા, ગણતરીબાજ થઈ સાચુંખોટું બોલવાના અને એવાં જ ખરાંખોટાં આચરણો કરતા રહેતા હોય. ત્યારે તેને પણ શાસ્ત્રો અને ગુરુ વચનોનું વિસ્મરણ થઈ જાય નહીં, સ્વાર્થસાધુ સંસારીની માફક તે પણ અધર્મનું આચરણ, અસત્યનું ઉચ્ચાચરણ અને શાસ્ત્રોના સ્વાધ્યાયનું વિસ્મરણ કરતો ન થઈ જાય એ જરૂરી છે. માટે પહેલી શિખ આ છે. એનો મતલબ એવો છે કે જીવનમાં આપત્તિ/વિપત્તિ તો આવે, પણ એવે વખતેય વ્યક્તિએ જૂઠનો આશરો ન લેવો જોઈએ. પોતાના વર્ણ અને

> ***સત્ય બોલજે, ધર્મનું આચરણ કરજે. સ્વાધ્યાયમાં પ્રમાદ (આળસ) કરતો નહીં. પ્રથમ શિખમાં જ ગુરુ શિષ્યને વિચાર, ઉચ્ચાર અને આચારનો પાઠ (Lession) આપી દે છે.***

આશ્રમ અનુસાર વર્તન કરતા રહેવું જોઈએ અને શાસ્ત્રાભ્યાસ, ત્રિકાળ સંધ્યા અને નામજપ જેવાં નિત્ય કર્મો કરતાં રહેવું જોઈએ; એમાં ક્યારેય પ્રમાદ કરવો જોઈએ નહીં.

(૨) आचार्याय प्रियं धनमाहृत्य प्रजातन्तुं मा व्यवच्छेत्सी:। ગુરુને સંતોષ થાય એવી એમને દક્ષિણા આપીને પછી ગુરુકુળ છોડજે અને પછી ગૃહસ્થાશ્રમ માંડજે. ગૃહસ્થાશ્રમ માંડીને વંશસાતત્ય સાચવવા માટે પ્રજાને ઉત્પન્ન કરજે. પ્રજાતંતુને તોડી નાખતો નહીં. આ સૂચનામાં શિષ્ય તરીકેનું અને પછી ગૃહસ્થી તરીકેનું વ્યક્તિનું ઉત્તરદાયિત્વ શું છે, તેની વાત છે. વ્યક્તિએ જેમની પાસેથી જ્ઞાન-વિદ્યા અને શિક્ષા-દીક્ષા પ્રાપ્ત કર્યાં હોય તેમને સંતોષ થાય એવી ગુરુદક્ષિણા આપીને તેણે તેમના ઋણમાંથી મુક્ત થવું જોઈએ. કૃતઘ્નતા નહીં, પણ કૃતજ્ઞતા દાખવવી જોઈએ. જીવનનો બીજો અધ્યાય શરૂ કરતાં પહેલાં પ્રથમ અધ્યાય સર્વાંશે સંપન્ન થવો જોઈએ, એ વાતનું એમાં ધ્વનન છે. પછી ગૃહસ્થાશ્રમનો હેતુ સ્પષ્ટ કર્યો છે. પ્રજાતંતુ અક્ષુણ્ણ રહે એ ગૃહસ્થાશ્રમનો મુખ્ય હેતુ છે. તેથી ગુરુની સંમતિ અને આશીર્વાદ લઈ, યોગ્ય પાત્ર શોધી, વિવાહ કરી, ગૃહસ્થાશ્રમ માંડીને પ્રજા (સંતાન) ઉત્પન્ન કરવાનું મુખ્ય કર્મ સમજાવ્યું છે. જેમ શાસ્ત્રો અને ગુરુવચનોનું અપ્રમાદ નિત્ય અનુશીલન, શ્રૌત અને સ્માર્ત, ઈષ્ટ અને આપૂર્ત કર્મોનું ધર્માચરણ અને સત્યભાષિતા એ દેવ અને ઋષિના ઋણમાંથી મુક્ત થવાનો ઉપાય છે, તેમ પ્રજાતંતુને તોડ્યા વિના, આગળ વધારવામાં, પિતૃયજ્ઞનો નિર્દેશ છે. સંતાનોત્પત્તિ એ વાસનાતોષ માટે નહીં, પણ વંશસંવર્ધન માટેની પ્રક્રિયા છે. ગૃહસ્થની એ ફરજ છે. મનુષ્ય પર પિતૃઓનું જે ઋણ છે, એમાંથી મુક્ત થવાની એ યાજ્ઞિક ચેષ્ટા છે.

(૩) सत्यान्न प्रमनदितव्यम् । धर्मान्न प्रमदितव्यम् । कुशलान्न प्रमदितव्यम्। भूत्यै न प्रमदितव्यम् । स्वाध्यायप्रवचनाभ्यां न प्रमदितव्यम् । देवपितृकार्याभ्यां न प्रमदितव्यम् ।

સત્યથી ચળતો નહિ, ધર્મથી ચળતો નહિ, કુશળતા છોડી દેતો નહિ. ઐશ્વર્ય મેળવવા માટે આળસને છોડી દેજે. વેદાભ્યાસ અને પ્રવચનમાં આળસ કરતો નહીં. દેવકાર્ય અને પિતૃકાર્યમાં પ્રમાદ કરતો નહીં. સત્ય અને ધર્મનું અચળ પાલન તથા વેદાભ્યાસ (શાસ્ત્રાભ્યાસ) અને પ્રવચનો દ્વારા જેનો પ્રચાર-પ્રસાર કરવો એ દેવકાર્ય છે. સંતાનોત્પત્તિ એ પિતૃકાર્ય છે. અનેક વિવિધતાઓ અને વિચિત્રતાઓથી સોહામણો અને લોભામણો બનેલો પાર્થિવ સંસાર વ્યક્તિને આંબાઆંબલી દર્શાવી લલચાવે, લોભાવે, ફસાવે અને પરિણામે એ ગૃહસ્થ સત્ય-ધર્મમાંથી કદાચ ચલિત થઈ જાય, શિક્ષણ-પ્રશિક્ષણથી એણે મેળવેલી એની જે કાર્યકુશળતા છે એમાંથી તે ચલિત થઈ જાય, ધનદોલત, શાખશોહરત અને એશોઆરામ આપતું ઐશ્વર્ય મેળવવાની લ્હાયમાં અને લ્હાયમાં એ વેદાભ્યાસ અને એના પ્રચાર-પ્રસારના કાર્યમાં આળસુ કે પ્રમાદી થઈ જાય અને તેથી તે દેવકાર્ય અને પિતૃકાર્યમાં પણ પ્રમાદી થઈ જાય, એવાં ભયસ્થાનો છે. એ લક્ષમાં રાખીને તેને એની સામે ચેતવતા આ ત્રીજી શિખામણ આપી છે અને એને સમજાવ્યું છે કે ગૃહસ્થ તરીકે એને કઈ રીતે જીવવું જોઈએ.

(૪) मातृदेवो भव। पितृदेवो भव। आचार्यदेवो भव। अतिथिदेवो भव।

માતાને દેવ સમાન ગણજે, પિતાને દેવસમાન ગણજે, ગુરુને દેવસમાન ગણજે, અતિથિને દેવસમાન ગણજે. આમ એટલા માટે કહ્યું છે કે માણસનું જીવનશિલ્પ ઘડાયું હોય છે તેમાં આ સૌનો ફાળો હોય છે. માતા વ્યક્તિને જન્મ આપી, પયપાન કરાવી જીવન અને પછી શીલસંસ્કાર આપે છે. માતા માણસના જીવનનું મૂળ (root) છે. પિતા જીવનમાં આગળ વધવા માટે પ્રેરણા, પ્રોત્સાહન, સાથ અને સહકાર આપે છે. જરૂર પડ્યે આધાર અને છત્ર આપે છે. ગુરુ ઐહિક અને આમુંષ્મિક, વ્યાવહારિક અને પારમાર્થિક જ્ઞાન તેમજ વિદ્યા આપીને વ્યક્તિને વ્યક્તિત્વ, ચારિત્ર્ય, સજ્જતા અને કાર્યકુશળતા આપે છે. અતિથિ અભ્યાગત થઈને આવતા માણસને સ્નેહ-સૌહાર્દ, સખ્ય-સહવાસ તથા આનંદ-ઉલ્લાસ આપે છે. આમ, સમજવાનું એ છે કે માતા દ્વારા જન્મ, પિતા દ્વારા કુળ અને વંશ, ગુરુ દ્વારા ગોત્ર અને અતિથિ દ્વારા સદ્ભાવ મળે છે. તેથી માતા, પિતા, ગુરુ અને અતિથિને પણ દેવતુલ્ય ગણવા જોઈએ. આપણા વ્યક્તિત્વવિકાસ અને ચારિત્ર્યનિર્માણમાં એ સૌનું પ્રદાન હોય છે. આપણે તેમના ઋણી છીએ. તેથી એમના એ ઋણમાંથી મુક્ત થવા માટે આપણે જીવનમાં એમની સેવાસુશ્રૂષા કરવી જોઈએ, એમને સ્નેહસન્માન અન આદર-આધાર આપવાં જોઈએ, ગુરુદક્ષિણા રૂપે ગુરુના વણસિદ્ધ કાર્યો પાર પાડી આપવા જોઈએ, જેમ શ્રીકૃષ્ણે સાંદીપની ઋષિનું અધરું કાર્ય પાર પાડી આપ્યું હતું તેમ. તેમજ અતિથિ-અભ્યાગતને


**ઉત્તરાધ્યયન સૂત્ર : ગ્રંથ સ્વાધ્યાય**
**સી. ડી. અને ડી.વી.ડી..**

ગુરુદેવ પૂ. ડૉ. રાકેશભાઈની ત્રણે દિવસની અમૃતવાણીની સી.ડી. અને ડી.વી.ડી. સંસ્થામાં ઉપલબ્ધ છે. ઉપરાંત સંસ્થાની વેબ-સાઈટ ઉપર પણ આપ સાંભળી શકશો.
સંપર્ક : ૦૨૨-૨૩૮૨૦૨૯૬. હિતેશ–૦૯૮૨૦૩૪૭૯૯૦.



**ઉત્તરાધ્યયન સૂત્ર ગ્રંથ**

જિજ્ઞાસુ જન ઉપરોક્ત ગ્રંથ સંસ્થામાંથી વિના મૂલ્યે મેળવી શકશે, પરંતુ ગ્રંથ મેળવનારે આ ગ્રંથ વિશેના ૨૧ સવાલોના જવાબ છ મહિનામાં આપવાની **પ્રતિજ્ઞા** લેવી પડશે.

ઉત્તમ ઉત્તરો 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત થશે.

હૃદયથી આવકારી એમને હૂંફ અને ઉષ્મા આપવા જોઈએ. આ સૌ આદરણીય વડીલો અને સ્નેહીઓના ઋણમાંથી મુક્ત થવા મનુષ્યે દેવયજ્ઞની જેમ ઋષિ(ગુરુ)યજ્ઞ, પિતૃયજ્ઞ, અતિથિયજ્ઞ અને ભૂતયજ્ઞ કરવાં જોઈએ. આવાં યજ્ઞો એટલે ઋણમાંથી મુક્ત થવાની, ઉઋણ થવાની ક્રિયા, જે આપણે આગળ સમજાવી. આજના સ્વાર્થી અને અસહિષ્ણુ મનુષ્યે આ શિખામણ ખાસ હૈયાવગી કરવા જેવી છે.


**જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓનો**

**૨૦૧૫નો વિશિષ્ટ પર્યુષણ અંક**

**ઑગસ્ટ-સપ્ટેમ્બર સંયુક્ત અંક તરીકે**

**૩૦ ઑગસ્ટના પ્રકાશિત થશે**


(૫) यान्यनवद्यानि कर्माणि। तानि सेवितव्यानि। नो इतराणि। यान्यस्माकं सुरिचतानि। तानि त्वयोपासानि । नो इतराणि।

જે અનિંદ્ય (નિર્દોષ) કર્મો કરવાં, અન્ય (દોષયુક્ત કે નિંદ્ય) કર્મો કરવાં નહીં. અમારાં (ગુરુજનો કે મહાજનોના) જે શ્રેષ્ઠ આચરણો છે, તે આચરવાં જોઈએ, બીજાં નહીં. મનુષ્યે ગૃહસ્થ ધર્મનું પાલન કરતાં નિત્ય, નૈમિત્તિક, આપાતકાલિક કર્મો તો કરવાં પડે છે. પરંતુ એ કર્મો કરતી વખતે એને ખ્યાલમાં એ રાખવાનું છે કે જે કર્મોને સમાજે અનિંદ્ય કે નિર્દોષ ગણ્યાં કે માન્યાં છે, તેનું જ પાલન કરવું જોઈએ. વ્યક્તિ આખરે સમાજનું ઘટક છે. સમાજ એક સંસ્થા છે. સંસ્થા હોવાને કારણે એનાં ધારાધોરણો પણ હોય. એવાં ધારાધોરણોનું જ વ્યક્તિએ અનુપાલન કરવું જોઈએ. એમ કરવામાં કાંઈ મૂંઝવણ થાય કે મુશ્કેલી જણાય તો ગુરુજનોના કે મહાજનોનાં કાર્યનું અનુસરણ કરવું. એમ કરતી વખતે પણ એ ખ્યાલમાં રાખવું કે ગુરુજનો કે મહાજનોનાં બધાં કર્મો પણ કાંઈ શાસ્ત્ર/સમાજ સંમત હોતા નથી. તો ત્યારે જે શુભચરિત અને શાસ્ત્રોથી વિરુદ્ધ ન હોય એવાં કાર્યોનું જ શિષ્યે અનુસરણ કરવું જોઈએ. આચાર્યો કે મહાજનોનાં એવાં કર્મો જે શાસ્ત્રવિરોધી હોય, સુચરિત ન હોય, તેનો ત્યાગ કે અનાદર કરવો જોઈએ. જે કર્મો શાસ્ત્રવિહિત, સમાજનિર્ધારિત, અને નિર્દોષ-અનિંદ્ય કર્મો હોય તે જ કરવાં. આજકાલના ગુરુઓ, આચાર્યો અને સમાજધુરીણો એવાં કેટલાંય કર્મો કરે છે, જેનું અનુસરણ કે અનુપાલન કરવું જોઈએ નહીં. જેમ કે, કામચોરી, કરચોરી, દાણચોરી, સંઘરાખોરી વગેરે. આ બધાં કર્મો દોષયુક્ત હોઈ નિંદાને પાત્ર છે, તેથી તે કરવાં જોઈએ નહીં. જીવન કર્માશ્રિત છે. ત્યારે વ્યક્તિએ જીવનમાં નિંદ્ય અને અનિંદ્ય કર્મો વચ્ચે વિવેક કરીને કર્માચરણ કરવું જોઈએ, એ વાત ઋષિએ સ્પષ્ટ કરી આપી છે.

(૬) ये के चास्मच्छ्रेयाँसो ब्राह्मण:। तेषां त्वयासनेन प्रश्वसितव्यम्।

જે કોઈ અમારામાં શ્રેષ્ઠ બ્રાહ્મણો છે, તેમને આસન આપી, તારે તેમનો થાક ઉતારવો. અહીં બ્રાહ્મણોનો વિશેષ ઉલ્લેખ છે. પણ અહીં બ્રાહ્મણ એટલે કોઈ વિશિષ્ટ જાતિ નહીં. બ્રાહ્મણ એટલે શિક્ષિત-દીક્ષિત, શીલભદ્ર, વિદ્યાપુરુષ, સમાજનો એવો વર્ગ જે વ્યાવહારિક અને પારમાર્થિક જ્ઞાનવિદ્યામાં પારંગત હોય, જેમના મનમાંથી જાતિજ્ઞાતિના, ઉચ્ચનીચના, છૂત-અછૂતના, ધર્મ-સંપ્રદાયના, પંથ-મતના ભેદો નીકળી ગયા હોય. સમાજમાં આવી જે વ્યક્તિ હોય, તે હંમેશાં આદરની અધિકારી હોય. કેમકે એવા લોકોના સત્ત, તપ અને વ્રતને કારણે સમાજ, અનેક ત્રૂટિઓ અને દૂષણોથી ભરેલો હોવા છતાં, તૂટતો ન હોય, નભી અને ટકી રહેતો હોય. આવા જ્ઞાન-વિદ્યાસંપન્ન સંસ્કારપુરુષોને હંમેશાં માન-સન્માન-આદર આપવા જોઈએ. એમને ઉચ્ચ, માનભર્યું આસન આપવું જોઈએ. તેમને યોગક્ષેમની ચિંતામાંથી મુક્ત


## ૨૦૧૫નો વિશિષ્ટ પર્યુષણ અંક

**જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓ**

**આ વિશિષ્ટ અંકની વિદુષી માનદ્ સંપાદિકા :**

**ડૉ. રશ્મિબેન જિતુભાઈ ભેદા**

(09867186440)

**શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**

(09324115575)

જૈન પરંપરામાં પરમ તત્ત્વને, આત્માને, પરમાત્માને જાણવાના સાધનાનો માર્ગ એટલે છ આવશ્યક ક્રિયાઓને **'ષડ્ આવશ્યક'** કહેવામાં આવે છે જેમાં સામાયિક, લોગસ્સ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન (પચ્ચખાણ)નો સમાવેશ થયેલો છે.

અન્ય ધર્મમાં પણ આવી ક્રિયાઓ છે.

ઉપરના પ્રત્યેક વિષય અને અન્ય ધર્મનાં વિષય ઉપર તજજ્ઞ વિદ્વાનો પોતાનું ચિંતન આ અંકમાં પ્રકાશિત કરશે.

વિદ્વાનો અને લેખકોને સંપાદિકાનો સંપર્ક સાધવા વિનંતી.

ક્રિયા અને જ્ઞાનના સમન્વયનો આ વિશિષ્ટ અંક જિજ્ઞાસુ માટે એક અમૂલ્ય નજરાણું બની રહેશે.

**પ્રભાવના માટે ઇચ્છિત નકલો માટે સંઘની ઑફિસમાં ૦૨૨-૨૩૮૨૦૨૯૬ ઉપર સંપર્ક કરવા વિનંતી. ૧૦૦ થી વધુ નકલોનો ઑર્ડર હશે તો અંકમાં પ્રભાવનાકારનું નામ છાપી શકાશે.**

**એક નકલની કિંમત રૂા. ૬૦/-**

–તંત્રી

રાખવા જોઈએ. તેમનો સહવાસ કરી, તેમની સેવાસુશ્રૂષા કરી, તેમનું સેવન કરવું જોઈએ.

(૭) श्रद्धया देयम्। अश्रद्धयाऽदेयम्। श्रियादेयम्। ह्रियादेयम्। प्रिया देयम्। संविदा देयम्।

શ્રદ્ધાપૂર્વક દાન આપવું, અશ્રદ્ધાથી આપવું નહીં, વૈભવ (ત્રેવડ) અનુસાર આપવું. વિનયપૂર્વક આપવું. શાસ્ત્રોની આજ્ઞાનો ભય રાખીને આપવું. દેશકાળપાત્ર જાણીને આપવું. આગળ કહ્યું તેમ વ્યક્તિ સમાજનું એક ઘટક છે. એ સમાજમાં જે કોઈ શીલભદ્ર, સંસ્કારપુરુષ કે વિદ્યાપુરુષ હોય, તેને આજીવિકાની ચિંતામાંથી મુક્ત કરવા અને પોતાના ધનને શુદ્ધ કરવા વ્યક્તિએ દાન કરવું જોઈએ. પરંતુ એ દાન પણ વગર વિચાર્યે, મનસ્વીપણે ન કરવું જોઈએ. દાન કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રહેવી જોઈએ, તેની વિગતો આપતાં ઋષિ જણાવે છે કે હંમેશાં દાન આપવું તો શ્રદ્ધાપૂર્વક આપવું. આપતી વખતે મનમાં સ્હેજપણ અશ્રદ્ધાળુ ન રહેવું જોઈએ. વળી, જે કાંઈ દાનમાં આપીએ તે જેને આપીએ તેનું ગૌરવ જાળવીને, વિચારીને, વિનય-વિવેકપૂર્વક આપવું જોઈએ. દાન ગમે તે સ્થળે, ગમે તે સમયે, ગમે તે વ્યક્તિને નહીં આપવું જોઈએ. દાન આપતી વખતે જેને આપીએ તેની જરૂરિયાત, તેની પાત્રતા અને તેના ગૌરવને ખ્યાલમાં રાખીને, યોગ્ય સમયે, યોગ્ય સ્થળે આપવું જોઈએ. વળી, પોતાની ત્રેવડ, એટલે કે પોતાની આર્થિક સ્થિતિ જોઈ વિચારીને આપવું જોઈએ. વળી, આપતી વખતે ઉપકારભાવ ધારણ કરીને નહીં, પણ ધર્મશાસ્ત્રોની આજ્ઞાનો ભય રાખીને, એટલે કે વિનમ્ર, લજ્જાશીલ અને ઓશિંગણ થઈને આપવું જોઈએ. દાન આપવું એ મનુષ્યનો ધર્મ છે, પણ એ આપતી વખતે પોતાની કક્ષાનો મદ અને પોતાની સ્થિતિનો દર્પ રાખીને આપવું જોઈએ નહીં. દાન લેનાર દાન સ્વીકારીને પોતાને ઉપકૃત કરી રહ્યો છે, નહીં કે પોતે દાન આપીને લેનારને ઉપકારવશ બનાવ્યો એવો ભાવ મનમાં રાખવો જોઈએ. દાન હંમેશાં વિનય, વિવેક, લજ્જા અને વિચારપૂર્વક યોગ્ય પાત્રે અને કાળે થવું જોઈએ.

(૭) अथ यदि ते कर्मविचिकित्सा वा वृत्तादिचिकित्सा वा स्यात् । ये तत्र ब्राह्मणाः संमर्शिनः। युक्ता आयुक्ताः। अलूक्षा धर्मकामाः स्युः। यथा ते तत्र वर्तेरन्। तथा तत्र वर्तेथाः। अर्थाभारव्यातेषु। ये तत्र ब्राह्मणाः संमर्शिनः। युक्ता आयुक्ताः। अलूक्षा धर्मकामाः स्युः। यथा ते तेषु वर्तेरन्। तथा तेषु वर्तेथाः। एष आदेशः। एष उपदेशः। एष वेदोपनिषत् । एतदनुशासनम्। एवमुपासितव्यम्।।

જો તને શ્રૌત-સ્માર્ત કર્મની બાબતમાં અથવા કુલાચારની બાબતમાં શંકા થાય, તો ત્યાં જે વિચારશીલ, જિતેન્દ્રિય, કર્મ કરવામાં સમર્થ, શાંત બુદ્ધિના અને ધર્મમાં પ્રીતિવાળા બ્રાહ્મણો હોય, તેઓ જેમ તે તે બાબતમાં વર્તતા હોય તેમ તું વર્તજે. તેમ જ જો તે પુરુષો પ્રત્યે દોષની શંકા ઉત્પન્ન થાય, તો ત્યાં જે બીજા વિચારશીલ, જિતેન્દ્રિય, કર્મ કરવામાં સમર્થ, શાંત બુદ્ધિના અને ધર્મમાં પ્રીતિવાળા બ્રાહ્મણો હોય તેઓ જેમ તે તે શંકાની બાબતમાં વર્તતા હોય તેમ તું વર્તજે. આ આજ્ઞા છે. આ ઉપદેશ છે. આ વેદનું ગૂઢ રહસ્ય છે. આ ઈશ્વરનું વચન છે. આ પ્રમાણે જીવનોપાસના કર.

ભણીગણીને આશ્રમમાંથી વિદાય લેતાં શિષ્યોને ગુરુ આ જાતની જે શિખામણ આપે છે તેને સમાવર્તન સંસ્કાર કહેતા. આજે પણ ઉચ્ચ શિક્ષણ આપતાં વિશ્વવિદ્યાલયો ઉપાધિ (degree) મેળવતાં વિદ્યાર્થીને સંબોધન કરતું કોઈ ખ્યાતિપ્રાપ્ત વ્યક્તિનું પ્રવચન ગોઠવાય છે, તેને convocation address કહે છે, એમાં આજે જે વાતો કરવામાં આવે છે, તેની તુલનામાં આ ઉદ્‌બોધન કેટલું પ્રાસંગિક, ઉપકાર અને દિશાનિર્દેશક છે!

સ્વામી ચિન્મયાનંદજી આ ઉદ્‌બોધનને Hindu Commandments કહીને ઓળખાવે છે. બાઈબલ દ્વારા ખ્રિસ્તી પ્રજાને જે Ten Commandments અપાય છે, એવા હિંદુ ધર્મના આ Seven Commandments છે. પરંતુ એમાં સ્વામીજી કહે છે તેમ, હિંદુ ધર્મનું બિલોરી કાચ જેવું નિર્મળ અને પારદર્શક અર્કબિંદુ રહેલું છે. ભારતીય આદર્શો, આચારો, મૂલ્યો, સભ્યતા અને સંસ્કારિતાનું એમાં પ્રતિનિધાન છે. ✷✷✷

'કદંબ' બંગલો,
૩૫, પ્રોફેસર સોસાયટી,
મોટા બજાર,
વલ્લભ વિદ્યાનગર (૩૮૮૧૨૦)
ફોન નં. : 02692-233750.
સેલ નં. : 09727333000

**કે. જે સોમૈયા જૈન સેન્ટર તત્ત્વજ્ઞાન પ્રચારાર્થે**
**ગુજરાતી, હિન્દી, અંગ્રેજી માધ્યમમાં અભ્યાસક્રમ યોજે છે**

૧. પ્રાથમિક જૈનોલોજી કોર્સ (Value based education)
૨. સર્ટિફિકેટ કોર્સ ઈન જૈનોલોજી મુંબઈ યુનિવર્સિટી અધિકૃત એક વર્ષ માટે ટાઈમ કોર્સ.
૩. ડિપ્લોમા કોર્સ ઈન જૈનોલોજી મુંબઈ યુનિવર્સિટી અધિકૃત એક વર્ષ માટે પાર્ટ ટાઈમ કોર્સ
૪. એડવાન્સ ડિપ્લોમા જૈન તત્ત્વજ્ઞાન અને ધર્મગ્રંથનો અભ્યાસ બે વર્ષ માટે પાર્ટ ટાઈમ કોર્સ
૫. પ્રાકૃત શિક્ષણ એક વર્ષ પાર્ટ ટાઈમ કોર્સ
૬. એમ. એ. બાય રિસર્ચ ફિલોસોફી યુનિવર્સિટી અધિકૃત
૭. પીએચ. ડી. ઈન ફિલોસોફી યુનિવર્સિટી અધિકૃત

વધુ માહિતી માટે સંપર્ક કરો.
ઑફિસ નં. : ૨૧૦૨૩૨૦૯ / ૬૭૨૮૩૦૭૪
સ્થળ : કેબિન નં. ૮, બીજે માળે, મેનેજમેન્ટ બિલ્ડીંગ સોમૈયા, વિદ્યાવિહાર કેમ્પસ, મુંબઈ-૪૦૦ ૦૭૭.
સમય : ૧૧ A.M. થી ૫.૦૦ P.M.

# સમ્યગ્ દર્શનના આઠ અંગો

☐ ડૉ. રશ્મિભાઈ ઝવેરી

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું અઠ્યાવીસમું અધ્યયન છે – 'મોક્ષ-માર્ગ–ગતિ'. આમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપરૂપી ચાર મોક્ષ માર્ગોનું વર્ણન છે. આ ચારેય સમવાય સાથે હોય ત્યારે જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ ચારેયમાં પણ પ્રથમ સોપાન છે–સમ્યગ્ દર્શન. એના વગર સમ્યગ્ જ્ઞાન નથી થતું, સમ્યગ્ જ્ઞાન વગર સમ્યગ્ ચારિત્ર નથી આવતું, ચારિત્રથી જ આસ્રવનો નિરોધ (સંવર) થાય છે, અને તપ દ્વારા પૂર્વજનિત કર્મનું શોધન-શુદ્ધિ (નિર્જરા) થાય છે.

માટે જ વાચક ઉમાસ્વાતિજીએ તત્ત્વાર્થ સૂત્રમાં પ્રથમ સૂત્ર આપ્યું છે – 'સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષ માર્ગઃ।।' સમ્યગ્ દર્શન વગરનું જ્ઞાન પણ મિથ્યા-જ્ઞાન અથવા 'અજ્ઞાન' કહેવાય છે. સમ્યગ્ દર્શન એટલે યથાર્થ તત્ત્વશ્રદ્ધા – સત્યની આસ્થા અને સત્યની અકંપ રૂચિ. સમ્યક્ત્વના બે પ્રકાર છે – નૈશ્ચયિક અને વ્યાવહારિક. નિશ્ચયનયથી એનો અર્થ છે – આત્માની આંતરિક વિશુદ્ધિ. આનો હેતુ છે દર્શન મોહનીય કર્મનો ક્ષય, ઉપશમ અથવા ક્ષયોપશમ. વ્યાવહારિક દૃષ્ટિનો સંબંધ છે દેવ, ગુરુ અને ધર્મની સાથે. અરિહંત દેવ, નિર્ગ્રંથ ગુરુ અને કેવળી ભગવાન પ્રરૂપિત ધર્મમાં શ્રદ્ધા રાખવી એ વ્યાવહારિક સમ્યક્ત્વ છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના આ અધ્યયનમાં સમ્યગ્ દર્શનના આઠ અંગો બતાવવામાં આવ્યાં છે : (૧) નિઃશક્તિ (૨) નિષ્કાંક્ષિત (૩) નિર્વિચિકિત્સા (૪) અમૂઢ દૃષ્ટિ (૫) ઉપબૃંહણ (૬) સ્થિરીકરણ (૭) વાત્સલ્ય અને (૮) પ્રભાવના.

**દર્શનાચારના આઠ અંગો**

(૧) નિઃશંક્તિ – આનો શબ્દાર્થ છે કે ભગવાને બતાવેલાં નવ તત્ત્વોમાં સંદેહ-શંકા ન કરવી. આચારંગ સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે – 'તમેવ સચ્ચં હિસ્સંક જં જિહેહિં પવેઇઅં'. સાધકની સાધનાનો આધાર છે – આગમોમાં બતાવેલી અર્હત્ વાણી. એમાં ક્યારેય પણ કોઈપણ જાતનો સંદેહ કે શંકા ન કરવી એ દર્શનાચારનું પ્રથમ અંગ છે. ઉત્તરાધ્યયન સૂત્રની બૃહદ્વૃત્તિમાં શાંત્યાચાર્યે તથા હરિભદ્રસૂરિ, અભયદેવસૂરિ, હેમચંદ્રાચાર્ય, નેમિચન્દ્રાચાર્ય, સ્વામી સમન્તભદ્ર અને આચાર્ય શિવકોટિએ શંકાનો અર્થ સંદેહ કર્યો છે.

શંકાનો બીજો અર્થ ભય પણ થાય છે. કુન્દકુન્દાચાર્ય શ્રુતસાગરસૂરિ, આચાર્ય અકલંક, આદિના મતે સમ્યગ્દૃષ્ટિ જીવ નિઃશંક હોય છે, એટલા માટે એ નિર્ભય હોય છે. આલોક, પરલોક, મરણ, વેદના, અનરક્ષા, અગુપ્તિ અને અકસ્માત – આ સાત ભયોથી મુક્ત હોય છે. ટૂંકમાં સમ્યગ્દૃષ્ટિ જીવે અસંદિગ્ધ (સંદેહ રહિત) અને નિર્ભય બનવું જોઈએ. વીતરાગ પ્રભુએ દર્શાવેલા તત્ત્વો પ્રતિ જીવની શ્રદ્ધા જેટલી પુષ્ટ હશે, એટલો જ એ નિઃશંક અને નિર્ભય બનશે.

**(૨) નિષ્કાંક્ષિત**

આકાંક્ષા એટલે ઈચ્છા – કાંક્ષાના બે અર્થ મળે છે. (૧) એકાંત દૃષ્ટિવાળા દર્શનોનો સ્વીકાર કરવાની ઈચ્છા. (૨) ધર્માચરણ દ્વારા આલોક અને પરલોકમાં સુખ-સમૃદ્ધિ પામવાની ઈચ્છા. સ્વામી સમંતભદ્ર અનુસાર ઈન્દ્રિયજનિત સુખની આસ્થા રહિતનો જે શ્રદ્ધાનો ભાવ છે એને અનાકાંક્ષા ગુણ કહેવાય છે. (૧/૧૨).

ભોગોપભોગ અને ઐહિક સુખની આકાંક્ષા એ દર્શનાચારનો અતિચાર નથી, પણ તપ, સંયમ, વ્રત આદિ ધાર્મિક અનુષ્ઠાનોના ફળરૂપે આવા સુખની ઈચ્છા કરવી એ 'કાંક્ષા' છે.

કાંક્ષા મોહનીય કર્મનો ઉદય થાય છે ત્યારે વ્યક્તિ આપ્તવાણીને બદલે અન્ય દર્શનોની ઈચ્છા કરે છે. મુલાચારમાં કાંક્ષાના ત્રણ પ્રકાર બતાવ્યા છે – આ લોક સંબંધી ભોગની અભિલાષા, પરલોક સંબંધી ભોગની અભિલાષા અને કુતીર્થ (અન્ય ધર્મ) સંબંધી અભિલાષા. આચાર્ય કુન્દકુન્દ અનુસાર જે કર્મોના ફળ તથા અન્ય કોઈપણ ધર્મની કાંક્ષા–ઈચ્છા નથી કરતો તે નિષ્કંક્ષ સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.

**(૩) નિર્વિચિકિત્સા**–દર્શનાચારનું ત્રીજું અંગ છે નિર્વિચિકિત્સા. વિચિકિત્સાના ત્રણ અર્થ છે – (૧) ધર્મના (ધાર્મિક કરણીના) ફળમાં સંદેહ (૨) જુગુપ્સા અથવા ઘૃણા અને (૩) નિંદા.

સાધક સાધના કરે ત્યારે વિવિધ પ્રકારના કષ્ટો અને કસોટીઓનો સામનો કરે છે. ત્યારે એ વિચારે કે 'ત્યાગ, તપસ્યા, તપ, આદિ ધર્મ કરતાં હું કષ્ટો ભોગવું છું, પણ મને આ ધાર્મિક કરણીનું ફળ મળશે કે નહીં? આને વિચિકિત્સા કહે છે, જે સમ્યક્ત્વનો અતિચાર છે. નિર્વિચિકિત્સા એ સમ્યક્ત્વનું અંગ છે. એવી જ રીતે સાધકે જુગુપ્સા અથવા ઘૃણાનો ભાવ ન રાખવો જોઈએ.

સ્વામી સમન્તભદ્રે રત્નકરંડ શ્રાવકાચારમાં (૧/૧૩)માં કહ્યું છે કે 'આ શરીર તો સપ્ત ધાતુમય તથા મળમૂત્રાદિમય છે. સ્વભાવથી જ અશુદ્ધ છે. આ શરીર તો રત્નત્રયનું સ્વરૂપ પ્રગટ થવાથી પવિત્ર થઈ જાય છે. એ માટે રોગ સહિત, વૃદ્ધાવસ્થા તથા તપાશ્ચરણ ક્ષીણતા, મલિનતા જોઈને જેને ગ્લાનિ (જુગુપ્સા) નથી થતી પણ ગુણોમાં પ્રીતિ થાય છે એને નિર્વિચિકિત્સા નામનું અંગ હોય છે.'

**(૪) અમૂઢ દૃષ્ટિ** – દર્શનાચારનું ચોથું અંગ છે –

**વત્સલ એટલે વાછરડું. ગાય જેમ પોતાના વાછરડાંને વાત્સલ્ય આપે છે તેમ સાધર્મિક બંધુઓને વાત્સલ્ય આપવું.**

અમૂઢદૃષ્ટિ. મૂઢતાનો અર્થ છે – મોહમયી દૃષ્ટિ. સ્વામી સમન્તભદ્રે એને ત્રણ વિભાગમાં વિભક્ત કરેલું છે–(રત્નકરંડ શ્રાવકાચાર (૧/૨૨,૨૩,૨૪)

**૧. લોક મૂઢતા** – નદી સ્નાન (જેમકે ગંગાસ્નાન) વગેરમાં ધાર્મિક વિશ્વાસ.

**૨. દેવ-મૂઢતા** – વીતરાગ દેવ છોડીને રાગ-દ્વેષ વશીભૂત દેવોની ઉપાસના.

**૩. પાષંડ-મૂઢતા** – હિંસા તથા પરિગ્રહમાં પ્રવૃત્ત સાધુઓના વચનોને પ્રમાણ માનવું, એનો સંગ કરવો તથા એમનો આદર-સત્કાર કરવો-સ્તુતિ કરવી. આચાર્ય હરિભદ્ર અનુસાર એકાંતવાદી તીર્થિકોની વિભૂતિ જોઈને જે મોહ ઉત્પન્ન થાય છે, તેને મૂઢતા કહેવાય છે. (શ્રાવક ધર્મવિધિ પ્રકરણ – ૫૮-૬૦) મિથ્યાદૃષ્ટિની પ્રશંસા અને એનો સંગ – એ બંને મૂઢતાના જ પરિણામ છે.

સમ્યગ્ દર્શનના અંતિમ ચાર અંગોની મીમાંસા કરીએઃ આચાર્ય હેમચન્દ્રે યોગશાસ્ત્ર (૨/૧૬)માં સમ્યક્ત્વના પાંચ ભૂષણો બતાવ્યાં છે – સ્થૈર્ય, પ્રભાવના, ભક્તિ, જિનશાસનમાં કુશળતા અને તીર્થસેવા. આ પાંચ ભૂષણોમાં પ્રથમ ત્રણ ઉત્તરાધ્યયન સૂત્રના અઠ્ઠાવીસમા અધ્યયનની ગાથા ૩૧માં બતાવેલા આઠ અંગોમાંથી અંતિમ ચાર અંગો જ છે – ઉપબૃંહણ, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના. યોગશાસ્ત્રમાં બતાવેલાં ચોથા અને પાંચમા ભૂષણો પણ વાત્સલ્યના જ વિવિધ રૂપો છે.

**(૫) ઉપબૃંહણ** – સમ્યગ્ દર્શનનું પાંચમું અંગ છે–ઉપબૃંહણ. એનો અર્થ છે સમ્યગ્ દર્શનની પુષ્ટિ કરવી. જે સમ્યગ્ દર્શન વગેરે ગુણોથી સંપન્ન છે એને એમ કહેવું કે 'તમારો જન્મ સફળ છે.' આનો બીજો અર્થ છે – સ્પષ્ટ, શિષ્ટ, કર્ણપ્રિય અને મનને પ્રીતિકર ધર્મોપદેશ દ્વારા તત્ત્વની શ્રદ્ધાને વધારવી.

આચાર્ય સમંતભદ્રે (શ્લોક ૧૫) તથા વસુનન્દિએ શ્લોક ૪૮ શ્રાવકાચારમાં ઉપબૃંહણને બદલે 'ઉપગૂહન' શબ્દનો પ્રયોગ કર્યો છે. એનો અર્થ છે – બીજાના પ્રમાદવશ થયેલા દોષોનો પ્રચાર ન કરવો પણ એના દોષોને દૂર કરી એને શુદ્ધ કરવાનો પ્રયત્ન કરવો, તથા પોતાના ગુણોનું ગોપન કરવું. પોતે બહુ સદ્ગુણી છે એવો ઢંઢેરો ન પીટવો. અમૃતચંદ્રે એનો અર્થ કર્યો છે મૃદુતા આદિ. આત્મગુણોની વૃદ્ધિ કરવી અને પારકાના દોષોનું નિગૂહન કરવું–છાવરી દેવું.

**(૬) સ્થિરીકરણ** – આનો અર્થ છે ધર્મ-માર્ગ અથવા ન્યાય-માર્ગથી વિચલિત થયેલાઓને ફરીથી સાચા માર્ગ પર સ્થિર કરવા. દર્શન-મોહનીય અથવા ચારિત્ર-મોહનીય કર્મના ઉદયના કારણે કોઈવાર સાધુ ભગવંત પણ સંયમના પાલનમાં ઢીલા પડી જાય કે કષાય, કામના, આદિને લીધે સાધુપણું ત્યજી દેવાની નોબત આવે ત્યારે એમને સમજાવી જિનશાસનમાં પુનઃ પ્રતિષ્ઠિત કરવા પ્રયત્નો કરવા જોઈએ. એવી જ રીતે કોઈ શ્રાવક કે શ્રાવિકા પ્રલોભન, મજબૂરી, રોગ, ખોટી સંગતિ, દરિદ્રતા, મિથ્યા ઉપદેશ, આદિ કારણવશ જિનભાષિત ધર્મ છોડી દે તો એને ધર્મની દુર્લભતા અને આવશ્યકતા સમજાવી ફરીથી જિનધર્મમાં પ્રતિષ્ઠિત કરવાની પ્રત્યેક જૈનની ફરજ છે. આ છે સ્થિરીકરણનો વ્યાવહારિક અર્થ. પોતાના આત્માને ધર્મમાર્ગમાં પુનઃ સ્થાપિત કરવો–સ્થિર કરવો. આચાર્ય કુન્દકુન્દે સ્વયંના આત્માના સ્થિરીકરણ પર ભાર મૂક્યો છે.

સ્થિરીકરણનું સચોટ (Classic) ઉદાહરણ મેઘકુમારના દૃષ્ટાંતમાં જોવા મળે છે. રાજકુમાર મેઘ ભગવાન મહાવીર પાસે દીક્ષા લે છે પણ પહેલી જ રાતે ઉપસર્ગથી વિચલિત થઈ જાય છે, અને સાધુપણું છોડી દેવાનો નિશ્ચય કરે છે; પણ પરમ જ્ઞાની, ઉપકારી અને ઉપાયજ્ઞ ભગવાન મહાવીર એને એના પૂર્વજન્મનું ભાન કરાવી પુનઃ સંયમ જીવનમાં સ્થિર કરી દે છે.

આચાર્ય સામંતભદ્રે શ્રાવકાચાર (૧૬)માં સ્થિરીકરણને બદલે 'સ્થિતિકરણ' શબ્દનો પ્રયોગ કર્યો છે.

**(૭) વાત્સલ્ય** – સમ્યગ્ દર્શનનું સાતમું અંગ છે વાત્સલ્ય. આનો અર્થ છે કે મોક્ષના કારણભૂત ધૈર્ય, અહિંસા અને સાધાર્મિકોમાં વત્સલ-ભાવ રાખવો. તેમની યથાયોગ્ય પ્રતિપ્રત્તિ રાખવી. ધર્માત્માના સમૂહમાં રહેવાવાળા મુનિ, શ્રાવક, આદિ પ્રત્યે ભાવ સહિત, કપટ રહિત, સન્માન પૂર્ણ વ્યવહાર રાખવો. જેમકે ઊભા થઈ જવું, સામે લેવા જવું, વંદના કરવી, આદિ અત્યંત હર્ષોલ્લાસથી કરવા. સાધાર્મિક સાધુઓને આહાર, વસ્ત્ર વગેરે આપવા તથા ગુરુની ગ્લાનની, તપસ્વીની, નવદીક્ષિતની અને પરોણા સાધુઓની સેવા કરવી એને વાત્સલ્ય ભાવ કહેવાય છે.

વાત્સલ્ય શબ્દ 'વત્સલ' પરથી આવ્યો છે. વત્સલ એટલે વાછરડું. ગાય જેમ પોતાના વાછરડાંને વાત્સલ્ય આપે છે તેમ સાધર્મિક બંધુઓને વાત્સલ્ય આપવું. પ્રત્યેક વ્યક્તિને વાત્સલ્યની આવશ્યકતા હોય છે. મોટી વ્યક્તિએ નાની વ્યક્તિની, મા-બાપે સંતાનોની તથા ગુરુએ શિષ્યની નાનામાં નાની અપેક્ષાઓને સમજીને વાત્સલ્યભાવથી એની પૂર્તિ કરવી જોઈએ. માત્ર શિસ્ત કે કડકાઈથી બધાં પ્રશ્નોનો ઉકેલ નથી આવી જતો. માત્ર રુક્ષતા કે કટુતા કે કડક શિસ્તપાલનના આગ્રહથી તો વૈમનસ્ય વધશે. મોટાઓએ નાના માટે સ્નિગ્ધભાવ – પ્રેમભરી – વાત્સલ્ય નીતરતી દૃષ્ટિ રાખવી અભિપ્રેત છે. આથી સંબંધોમાં મીઠાશ આવશે અને આખું વાતાવરણ સ્નેહપૂર્ણ અને મધુર બની જશે.

ખેદની વાત છે કે આજે 'સાધર્મિક વાત્સલ્ય' માત્ર 'સાધર્મિક ભક્તિ' અથવા 'ભોજન' સુધી મર્યાદિત અર્થમાં જ વપરાય છે. સાધર્મિક વાત્સલ્યનો વ્યવહારિક અર્થ છે – સાધર્મિક બંધુને તન-મન-ધનથી સહયોગ કરવો. આનાથી એના મનમાં ધર્મસંઘ માટે સહજ અહોભાવ જાગશે અને સંઘનિષ્ઠા વધશે. ભવિષ્યમાં એ પણ સંઘની પ્રગતિ અને

> **ધર્મ વિરૂદ્ધ આચરણ કરવાવાળા પર પણ દ્વેષ ન કરવો, એની સાથે વેર ન બાંધવું, અને દુર્વ્યવહાર ન કરવો.**

પ્રવૃત્તિમાં તન-મન-ધનથી કાર્યરત થશે. આજે જૈન સમાજમાં એવા કેટલાય પરિવારો છે જેમને જીવનની પાયાની જરૂરિયાત માટે મુશ્કેલી પડે છે. એમને માટે સંતુલિત અને પર્યાપ્ત ભોજન, શિક્ષણ આવાસ-વ્યવસ્થા, આવશ્યક દવા, ઉપચાર, ઈલાજ આદિની પોષાય એવા દરે વ્યવસ્થા, આદિ પર ધર્મસંઘ અને સંઘના મોભીએ વધુ ધ્યાન આપવાની આવશ્યકતા છે. જૈનો મોટે ભાગે સ્વમાની હોય છે અને કોઈની પાસે આર્થિક કે એવી સહાય માટે હાથ લાંબો કરતા નથી. પણ સંઘની એ ફરજ છે કે જૈન સંઘના પ્રત્યેક સભ્યને લાચારી ન ભોગવવી પડે.

આચાર્ય અમૃતચંદ્રે પણ સાધર્મિક પ્રત્યે હંમેશ વાત્સલ્યભાવ રાખવાની પ્રેરણા આપી છે.

નિશ્ચયનયની દૃષ્ટિએ તો સર્વજ્ઞ-પ્રણિત મોક્ષના કારણભૂત ધર્મ પ્રત્યે ગાઢ પ્રેમનો ભાવ એ જ વાત્સલ્ય છે. અહિંસા, સત્ય, સંયમમય ધર્મમાં અત્યંત આત્મીયતાનો ભાવ હોવો, શુદ્ધ જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં અનુરાગને જ વાત્સલ્ય ભાવ કહેવાય છે.

આવા શુદ્ધ અને સાત્ત્વિક રાગ ભાવ સાથે વાત્સલ્યનો બીજો અર્થ છે કે ધર્મ વિરૂદ્ધ આચરણ કરવાવાળા પર પણ દ્વેષ ન કરવો, એની સાથે વેર ન બાંધવું, અને દુર્વ્યવહાર ન કરવો.

**(૮) પ્રભાવના** – સમ્યગ્ દર્શનનું આઠમું અંગ છે પ્રભાવના. પ્રભાવના એટલે તીર્થની ઉન્નતિ થાય એવી ચેષ્ટા કરવી જેનાથી જિન શાસનનો મહિમા વધે. યોગશાસ્ત્ર (૨/૧૬)માં આઠ પ્રકારની વ્યક્તિઓને પ્રભાવક માનવામાં આવે છે.

(૧) પ્રવચની–દ્વાદશાંગીધર, યુગપ્રધાન આગમ પુરુષ.
(૨) ધર્મકથા–ધર્મકથા કહેવામાં કુશળ
(૩) વાદ–વાદ વિદ્યામાં નિપુણ
(૪) નૈમિત્તિક–નિમિત્ત જ્ઞાની.
(૫) તપસ્વી–તપસ્યા કરનાર
(૬) વિદ્યાધર–પ્રજ્ઞપ્તિ વગેરે વિદ્યાઓના જાણકાર
(૭) સિદ્ધ–વિશેષ જાણકાર, સિદ્ધિ પ્રાપ્ત કરનાર
(૮) કવિ–કવિતા કરવાની શક્તિ સંપન્ન

આ આઠ પ્રકારમાંથી અંતિમ બે પ્રકાર માટે આચાર્ય હરિભદ્ર 'શ્રાવક ધર્મવિધિ પ્રકરણ' (૬૭)માં સિદ્ધને બદલે ઋદ્ધિસંપન્ન ને કવિને બદલે રાજાઓ દ્વારા સમ્મત વ્યક્તિને પ્રભાવક માનેલી છે.

પ્રભાવનાના અનેક નિમિત્ત બની શકે છે. જેમકે કોઈ વ્યક્તિ પોતાના જ્ઞાનથી તો કોઈ વ્યક્તિ પ્રવચનથી જિન શાસનની મહિમા વધારે છે. વળી અન્ય કોઈ તપથી તો વળી કોઈ દાન આદિથી જૈન સંઘનું ગૌરવ વધારે છે.

આચાર્ય અકલંકે માર્ગ પ્રભાવનાના રૂપમાં પ્રભાવનાની વ્યાખ્યા કરી છે – જ્ઞાનરૂપી સૂર્ય, ઉપવાસ આદિ શ્રેષ્ઠ તપ તથા સૂર્યપ્રભા જેવી જિન પૂજાથી સદ્ધર્મનું પ્રકાશન કરવું એને માર્ગ-પ્રભાવના કહેવાય છે.

નિશ્ચય નયની દૃષ્ટિથી તો સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી રત્નત્રયી વડે પોતાના આત્માને પ્રભાવિત કરવો એ જ ખરી પ્રભાવના છે. મોહનીય કર્મનો જેમ જેમ વિલય થતો જાય છે અને આત્મા શુદ્ધથી શુદ્ધત્તર અને અંતે શુદ્ધત્તમ – પરમ વિશુદ્ધ થાય એવી ઉત્તરોત્તર શુદ્ધતાને જ આત્મપ્રભાવના કહેવાય છે.

જ્ઞાનીઓ કહે છે સમ્યગ્-દર્શનના આ આઠે આઠ અંગ સત્યની આસ્થાના પરમ અંગો છે. સમ્યગ્ દર્શનની પરમ વિશુદ્ધ માટે આઠે આઠ અંગની આરાધના આવશ્યક છે તો પ્રશ્ન એ થાય છે કે આ આઠ અંગ કોનામાં હોઈ શકે છે. આનો ઉત્તર આપતાં જ્ઞાની કહે છે કે જે બીજાની નિંદા નથી કરતો, જે વારંવાર શુદ્ધ આત્મ-સ્વરૂપનું ચિંતન કરતો રહે છે અને જે ઈન્દ્રિયોના સુખથી નિરપેક્ષ રહે છે, એનામાં નિઃશંક્તિ આદિ આઠે આઠ ગુણો હોય છે. ✷ ✷ ✷

અર્હમ્, ટોપ ફ્લોર, ૨૬૬, ગાંધી માર્કેટ પાસે, સાયન (ઈ.),
મુંબઈ-૪૦૦ ૦૨૨. ફોન : (૦૨૨) ૨૪૦૯ ૫૦ ૪૦/૨૪૦૯ ૪૧ ૫૭
ફેક્સ :૨૪૦૭ ૮૬ ૫૬. મો. : ૯૮૨૧૬ ૮૧૦૪૬
ઈ-મેઈલ : rashmizaveri@yahoo.co.in

## 'પ્રબુદ્ધ જીવન'
## હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ

૧૯૨૯ થી માર્ચ ૨૦૧૫ સુધી 'પ્રબુદ્ધ જીવન'ના બધાં જ અંકો સંસ્થાની વેબસાઈટ

www.mumbai–jainyuvaksangh.com ઉપર આપ વાંચી શકશો. તેમજ ડી.વી.ડી. સ્વરૂપે પણ આ બધાં અંકો ઉપલબ્ધ છે.

જિજ્ઞાસુ અને પુસ્તકાલયોને આ ડી.વી.ડી. વિના મૂલ્યે અમે અર્પણ કરીશું.

આ ડી.વી.ડી.ના સૌજન્યદાતા

૧. ફોરમ ઑફ જૈન ઈન્ટેલેકચ્યુઅલ

હસ્તે-અંજના રશ્મિકુમાર ઝવેરી અને મયૂર વોરા.

૨. નિર્મળાનંદ જ્યોત, રેખા-બકુલ નંદલાલ ગાંધી

**સંપર્ક : સંસ્થા ઑફિસ - ૦૨૨-૨૩૮૨૦૨૯૬**

# શાકાહારનું સત્ય અને તથ્ય

□શશિકાંત લ. વૈદ્ય

'અહિંસા' શબ્દ જૈન ધર્મનો આત્મા છે. વિશ્વનો એક પણ ધર્મ એવો ભાગ્યે જ જોવા મળશે કે અહિંસાનો સ્વીકાર ન કરે, પણ જૈન ધર્મમાં 'અહિંસા' અંગે સૂક્ષ્મ રીતે વૈજ્ઞાનિક સ્વરૂપે વિશિષ્ટ ચિંતન કર્યું છે. જૈન ધર્મના ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર પ્રભુએ અહિંસા શબ્દને કેન્દ્રમાં રાખીને કહ્યું: 'બધા જ જીવોને જીવવું ગમે છે, કોઈને મરવું ગમતું નથી. માટે કોઈ પણ જીવની હિંસા કરવી તે મોટામાં મોટું પાપ છે.' મહાવીર પ્રભુની આ ખૂબ સીધી, સરળ અને તર્કયુક્ત વાત સામાન્ય માણસને પણ ગળે ઉતરી જાય તેવી છે. કહેવા દો કે 'અહિંસા' શબ્દ જૈન ધર્મની ભવ્ય ઈમારતના પાયાની ઈંટ છે-જે આજે પણ અડીખમ ઊભી છે.

આજે આપણે શાકાહાર અને માંસાહારના સંદર્ભમાં ચર્ચા કરીશું. ભગવાન ઋષભદેવના સમયથી અહિંસાને ઉચ્ચ સ્થાન અપાયું છે, પણ મહાવીરના સમયમાં યજ્ઞોમાં પશુહિંસા ખૂબ વધી અને આ દિવ્ય પુરુષનું હૃદય દ્રવી ઊઠ્યું અને એમના દિલમાં અહિંસાએ સ્થાન લીધું. અહિંસાનું ખૂબ સૂક્ષ્મ ચિંતન અહીં જોવા મળે છે. ઓશો રજનીશને કોઈએ માંસાહાર વિશે પૂછ્યું ત્યારે એમણે પોતાની તર્કયુક્ત શૈલીમાં જવાબ આપ્યો. એમણે કહ્યું: 'માંસાહાર ન કરવો એ કાવ્યમય, સૌન્દર્યમય, આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક ઘટના છે.' જૈન ધર્મનું એમનું ચિંતન ગહન અને તર્કબદ્ધ હતું અને આજે પણ છે. માંસાહાર કરનારા પણ આ સંદર્ભમાં કેટલીક અતાર્કિક અને બુદ્ધિગમ્ય નહિ એવી દલીલ કરે છે અને શાકાહારની વિરુદ્ધ બોલે છે જે ખરેખર બુદ્ધિગમ્ય નથી જ. આજે વિજ્ઞાન પણ કહે છે કે આપણું જડબું અને શરીર રચના જ એવી છે કે માંસાહારને સ્વીકારે જ નહિ. માંસ પચવામાં પણ બરાબર નથી. જૈન ધર્મની શાકાહાર પદ્ધતિ આજે પણ યોગ્ય અને વૈજ્ઞાનિક ઠરી છે. રૂસો કહે છેઃ 'બાળકોને માંસાહાર ગમતો નથી; પણ મા-બાપ ટેવ પાડે તેથી અને કાળક્રમે એ ભાવવા લાગે છે.' પછી તો ટેવને લીધે બાળક તેને સહજ રીતે સ્વીકારે છે. માંસાહાર કરનારા કેટલીક એવી મનઘડંત બેહૂદી દલીલો કરે છે, જે ભ્રામક છે. આ રહી એ દલીલોઃ (૧) માંસાહારથી તાકાત વધે છે. (ગાંધીજીને પણ આવી ભ્રમણા બાળપણમાં થયેલી.) (૨) માંસાહારથી દુનિયા પર અનાજની અછતનો પ્રશ્ન હળવો બને છે. (૩) માંસાહાર શરીર માટે સંપૂર્ણ આહાર છે. (શાકાહાર બરાબર નથી) (૪) ઠંડા પ્રદેશમાં માંસાહાર કરવો જ પડે, તેના વિના જીવી જ ન શકાય. (૫) શાકાહાર કેવળ ધાર્મિક બાબત છે. આ બધી ભ્રમણાઓ ભલે પ્રચલિત હોય પણ આ તાર્કિક અને બુદ્ધિગમ્ય નથી. આપણે જો શાંત ચિત્તે તટસ્થ રીતે વિચારીશું તો આપણને શાકાહારનું વૈજ્ઞાનિક સત્ય સચોટ જણાશે.

માંસાહારની તરફેણમાં જે દલીલો છે તેના પ્રત્યુત્તર રૂપે આપણે જોઈશું તો આ અંગે નગ્ન સત્ય સમજાશે. માંસાહારથી તાકાત આવે છે. આ દલીલ (છે તે) બરાબર નથી. હાથી, ગેંડો, હિપો- પોટેમસ, ઊંટ, ઘોડો, બળદ અને જિરાફ શાકાહારી છે. આ બધાં પ્રાણીઓ તાકાતવાન છે જ. સેન્ડો રામમૂર્તિ ખૂબ શક્તિશાળી હતો પણ તે શાકાહારી હતો. એડવિન મોસીઝ પણ શાકાહારી હતો. વાયવ્ય સરહદની સામી બાજુએ પહાડી વિસ્તારમાં રહેતા કુન્ઝા જાતિના લોકો ખડતલ અને શક્તિશાળી છે. આ લોકો પણ લગભગ શાકાહારી છે. માંસાહારી જે પ્રાણીઓ છે તે આ જમીન પર ઊગેલી વનસ્પતિ જ ખાય છે, તેથી તેઓ વનસ્પત્યાહારીઓ જ મનાય છે. એક શાકાહારીને આહાર માટે જીવવા માટે જેટલી જમીન જોઈએ, તેના કરતાં એક માંસાહારીને વધારે જમીન જોઈએ છીએ. એક વૈજ્ઞાનિક સંશોધન પ્રમાણે ફક્ત માંસાહાર સમતોલ આહાર નથી જ. ઠંડા પ્રદેશમાં માંસાહાર કરવો જ પડે તે પણ વાત યોગ્ય નથી. આજે તો લગભગ વિશ્વના ઘણાં દેશોમાં શાકાહારી કલબો છે. કારણ કે એમને શાકાહારનું વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ ગળે ઉતર્યું છે. માંસાહારની અસંખ્ય સાઈડ ઈફેક્ટ છે જે શરીરને નુકશાન પહોંચાડે છે. શાકાહાર કેવળ ધાર્મિક બાબત નથી, પણ તે એક જીવન દૃષ્ટિ છે. મહાત્મા ટૉલ્સટૉય અને જોર્જ બર્નાડ શૉ શાકાહારી હતા. અરે, હિટલર પણ શાકાહારી હતો. માંસાહાર માટે પ્રાણી સૃષ્ટિનું જો નિકંદન થશે તો પર્યાવરણનો પ્રશ્ન પણ ઉભો થશે જ. પ્રાણી સૃષ્ટિનું સમતુલન સચવાવું જ જોઈએ. પ્રાણી સૃષ્ટિ આપણી પૃથ્વીની કિંમતી મૂડી છે. માંસાહાર માટે તેની હત્યા ન કરવી જોઈએ. યાદ રહે કે વિશ્વમાં ફક્ત જૈન ધર્મ જ શાકાહારની તરફેણ કરે છે. દક્ષિણ ભારતના વિસ્તારને બાદ કરતાં ઘણાં બ્રાહ્મણો પણ માંસાહાર કરે છે. બૌદ્ધ સાધુઓ પણ માંસાહારી છે જ. એમ માની શકાય કે સાચો જૈન ફક્ત શાકાહારી જ હોય. કોઈ પ્રાણીને જ્યારે વધ કરતાં તમે જૂઓ ત્યારે તમારું હૃદય હાલી જાય છે. જૈન ધર્મનો એક ખૂબ મૌલિક મહામંત્ર જો હોય તો તે છે **'જીવો અને જીવવા દો.'** આની પાછળ પણ ગર્ભિત સત્ય છે **'અહિંસા પરમો ધર્મ.'** જૈન ધર્મનું આ પરમ સત્ય સમજવા જેવું છે જે શાકાહારને ટેકો આપે છે. હિંસા અશાંતિ સર્જે છે અને અહિંસા પરમ શાંતિ અર્પે છે. આ સંદર્ભમાં મહર્ષિ અરવિંદને પૂછ્યું અને એમણે કહ્યું: 'આધ્યાત્મિક સાધક જ્યારે ખૂબ ઊચ્ચ ભૂમિકાએ પહોંચે છે ત્યારે તે આપોઆપ સાત્ત્વિક ખોરાક લેતો થઈ જાય છે.' ✷

'શિલાલેખ' ડુપ્લેક્ષ, અરુણોદય સર્કલ પાસે, અલકાપુરી,
વડોદરા-૩૯૦ ૦૦૭.

સંદર્ભ ગ્રંથ : મહામાનવ મહાવીર–ગુણવંત શાહ

# જૈન સાહિત્યના વિદેશી વિદ્વાનો

❑ અનુવાદક : બીના ગાંધી

જૈન સાહિત્યના વિકાસ તથા એની વૈશ્વિક ઓળખ બનાવવામાં અનેક વિદેશી વિદ્વાનોએ પણ ઉલ્લેખનીય યોગદાન આપ્યું છે. ઘણાં વિશ્વવિદ્યાલયોએ પ્રાકૃત, પાલી, સંસ્કૃત જેવી પ્રાચીન ભારતીય ભાષાઓના અધ્યાપન (ભણાવવું) તથા જૈન ગ્રંથો સહિત પ્રાચીન સાહિત્યના અનુવાદ અને પ્રકાશનની વ્યવસ્થા પણ કરી છે. જૈન ગ્રંથોના આ વિદેશી અધ્યેતા (વિદ્યાર્થી)ઓના શ્રમ અને રૂચિના લીધે, એ સમયના યુરોપીય વિદ્વાનોની એ ધારણાનું ખંડન થયું કે જૈન ધર્મ એ બૌદ્ધ ધર્મની જ એક શાખા છે. આ વિદ્વાનોને એ પણ શ્રેય જાય છે કે, એમણે જૈન સાહિત્યના શ્રેષ્ઠ પુસ્તકોને મૂળ તેમ જ અનુવાદિત રૂપમાં વિશ્વની સમક્ષ રાખીને, એમની સમૃદ્ધિનો પરિચય કરાવ્યો. આ ક્રમ, સિલસિલો આજે પણ ચાલુ છે.

જૈન સાહિત્યના, આ વિદેશી વિદ્યાર્થીઓની યાદી ઘણી લાંબી છે. અત્યારે માત્ર ત્રણ જર્મન વિદ્વાનો–જ્યોર્જ બૂલર (૧૮૩૭-૧૮૯૮), હર્મન જેકોબી (૧૮૫૦-૧૯૩૭), વૉલ્ટર સ્કૂબિંગ (૧૮૮૧-૧૯૬૯) તેમ જ એક ફ્રાંસની વિદ્વાન સ્ત્રી -કૉલેટ કેલાટ (૧૯૨૧-૨૦૦૭)નો પરિચય આપું છું.

**જ્યોર્જ બૂલર (પાયલચ્છીનામમાળાનાં અનુવાદક)**

**ઈ. સ. ૧૮૩૭-૧૮૯૮**

*(જ્યોર્જ બૂલરે સાબિત કર્યું કે 'ભારતીય કાવ્ય સાહિત્ય' યુરોપીય વિદ્વાનો દ્વારા નક્કી કરેલા સમયથી પણ વધારે પ્રાચીન છે. આ તો 'ઈસા' યુગથી પણ પહેલાં વિકસિત થઈ ચૂક્યું હતું. જ્યોર્જ બૂલર, એ પ્રથમ વિદેશી વ્યક્તિ હતા કે જેમને જેસલમેરના શાસ્ત્રભંડાર જોવાનો અવસર મળ્યો હતો.)*

જૈન સાહિત્યના જર્મન વિદ્વાન, જ્યોર્જ બૂલરે ૧૯મી સદીમાં, ભારતીય પ્રાચીન ભાષા તથા સાહિત્યની અદ્ભૂત સેવા કરી હતી. એમણે પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોની યાદી તૈયાર કરી, ગૂઢ શિલાલેખોનું વાંચન કર્યું, આચાર્ય હેમચંદ્ર પર પુસ્તક લખ્યું અને પ્રાકૃત શબ્દકોષ પાયલચ્છીમાળાનો જર્મન ભાષામાં અનુવાદ કર્યો.

પાદરી પિતાના સંતાન જ્યોર્જ બૂલરનો જન્મ જર્મનીના બ્રોસ્ટલ શહેરમાં ૧૯મી જુલાઈ ૧૮૩૭માં થયો હતો. એમણે શાળાકીય શિક્ષણમાં ગ્રીક તથા લેટિન ભાષાનો અને યુનિવર્સિટી સ્તર પર ધર્મશાસ્ત્ર અને દર્શનશાસ્ત્રનો અભ્યાસ કર્યો. સાથે સાથે સંસ્કૃત, પર્શીયન, અરબી આદિ ભાષાઓ પણ શીખી. ઈ. સ. ૧૮૫૮માં એમણે પૂર્વી ભાષાઓ તથા પ્રાચીન તત્ત્વ (પુરાતત્ત્વ)ના વિષય પર ડૉક્ટરેટ કર્યું. એ જ વર્ષમાં પેરિસ જઈને હસ્તલિખિત સંસ્કૃત પુસ્તકોનો અભ્યાસ કર્યો. ત્યાર પછી તેઓ લંડન ગયાં, જ્યાં ઓક્સફર્ડ યુનિવર્સિટી, ગ્રંથાલય (લાયબ્રેરી) અને ભારતીય કાર્યાલયમાં વૈદિક ગ્રંથોનું વાંચન કર્યું. ત્યાં રહીને તેમણે વ્યક્તિગત અધ્યાપકના રૂપમાં તથા એક લાયબ્રેરીયન તરીકે કાર્ય કર્યું. ઈ. સ. ૧૮૬૨માં ગાટીવન યુનિવર્સિટીઓમાં ગ્રંથાલય સહાયકનાં રૂપમાં થોડો સમય કાર્ય કર્યું તે ઉપરાંત ભારતીય વિદ્યાના વિશ્વ વિખ્યાત વિદ્વાન મેક્સમૂલરે, મુંબઈની એલફિન્સ્ટન કૉલેજમાં પ્રાચીન (ઓરીયેન્ટલ) ભાષાનાં પ્રોફેસર બનવા માટે આમંત્રણ મોકલ્યું.

જ્યોર્જ બૂલર ૧૦ ફેબ્રુઆરી ૧૮૬૩માં ભારત આવ્યાં તથા એક વર્ષમાં જ મુંબઈ યુનિવર્સિટીના વિદ્યાર્થી બની ગયાં. અહીં એમણે એક પંડિત પાસેથી સંસ્કૃત ભાષાનું ઊંડું જ્ઞાન પ્રાપ્ત કર્યું. ઈ. સ. ૧૮૬૮માં ગુજરાતના શિક્ષણ વિભાગના અધિકારી બની ગયા અને તેમને મુંબઈ પ્રાંતના હસ્તલિખિત સંસ્કૃત ગ્રંથો પર શોધ કરવાની જવાબદારી સોંપવામાં આવી. એ દરમ્યાન તેમને ભારત સરકાર તેમજ અલગ અલગ યુનિવર્સિટીઓ માટે મોટી સંખ્યામાં હસ્તલિખિત ગ્રંથો સંગ્રહિત કર્યાં. ઈ. સ. ૧૮૮૦માં તેઓ ભારતીય દર્શનના પ્રોફેસર તરીકે વિયેના ગયા. ત્યાં ૮ એપ્રિલ ૧૮૯૮માં તેમનો દેહાંત થયો.

ઈંગ્લેન્ડમાં રહીને એમણે મેક્સમૂલરની 'હિસ્ટ્રી ઓફ ઈંડિયન લિટરેચર'ને સૂચિબદ્ધ કર્યું હતું. મુંબઈમાં પ્રોફેસર તરીકે જ્યોર્જ બૂલરે અનુભવ્યું કે, વિદ્યાર્થીઓને સંસ્કૃત પાઠ્યપુસ્તકોની કમી પડે છે. જ્યોર્જ બૂલરે એક અન્ય વિદ્વાન સાથીની સાથે સંપાદક બનીને, બોમ્બે સંસ્કૃત સીરીઝની શરૂઆત કરી. બૂલરે આ સીરીઝ માટે પંચતંત્ર, દશકુમાર ચરિત્ર વિગેરે પુસ્તકો પણ સંપાદિત કર્યા હતા. આ પુસ્તકો આજે પણ ભણાવવામાં આવે છે. તેઓ પહેલા વિદેશી વ્યક્તિ હતા, જેમને જેસલમેરનો શાસ્ત્રભંડાર જોવાની સંમતિ મળી હતી. ત્યાંના પુસ્તકો પર એમણે લખેલી નોંધનાં આધાર પર, પાછળથી એ. બેબર, એચ. જેકોબી અને અને ઈ. લ્યુમેને કાર્ય કર્યું હતું.

તાડપત્રીય અને હસ્તલિખિત પુસ્તકોની શોધમાં બૂલરે ઈસ્વીસન ૧૮૬૬માં કેટલીયે લાંબી યાત્રાઓ કરી અને તેનો રિપોર્ટ પણ છાપ્યો. કાઠિયાવાડ, કચ્છ, સિંધ અને ખાનદેશનાં મુખ્ય પુસ્તકાલયોમાં મળેલ પુસ્તકોનાં કેટલોગ તથા રોયલ એશિયાટિક સોસાયટીનો વાર્ષિક રિપોર્ટ, એ જર્મન ઓરિયેન્ટલ સોસાયટીની જર્નલમાં ૧૮૭૧માં પ્રકાશિત થયાં. સંસ્કૃત પાંડુલિપિઓની શોધમાં એમના દ્વારા કરવામાં આવેલ,

**અહીંનું કાવ્યસાહિત્ય, યુરોપીય વિદ્વાનો દ્વારા નક્કી કરેલ કાળથી પણ જૂનું છે અને તે ઈસા યુગથી પણ પહેલાંથી વિકસિત થઈ ચૂક્યું હતું.**

રાજપૂતાના તેમ જ મધ્યપ્રાંતની યાત્રાનો રિપોર્ટ પણ મુંબઈથી પ્રકાશિત થયો. આ રિપોર્ટમાં ક્ષમેન્દ્ર તથા અન્ય અજ્ઞાત કવિઓના કાવ્યની જાણકારી પણ શામેલ થઈ હતી. 'કેટલોગ ઓફ સંસ્કૃત મેન્યુસ્ક્રીપ્ટ ફ્રોમ ગુજરાત' એ ૪ ભાગોમાં ઈસ્વીસન ૧૮૭૧ થી ૧૮૭૩ દરમ્યાન પ્રકાશિત થયેલ.

બૂલરે કેટલાંયે શિલાલેખોની સાથે એના અર્થ પણ શોધ્યાં. બોમ્બે પ્રાંતની ગુફાઓના શિલાલેખ, એ 'આર્ચિયોલોજિકલ રિપોર્ટ ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા' ૧૮૮૩માં છપાયા. એમણે સમ્રાટ અશોકના શિલાલેખ વિગેરે પણ વાંચ્યાં હતાં. આ લેખોના આધાર પર કાળાનુક્રમ નક્કી કરી વિવિધ શોધ પત્રિકાઓમાં એનું પ્રકાશન કર્યું. શિલાલેખોનાં આધાર પર એ સાબિત કર્યું કે અહીંનું કાવ્યસાહિત્ય, યુરોપીય વિદ્વાનો દ્વારા નક્કી કરેલ કાળથી પણ જૂનું છે અને તે ઈસા યુગથી પણ પહેલાંથી વિકસિત થઈ ચૂક્યું હતું. ભારતીય અને કાવ્યશાસ્ત્ર વિષય પર એમનો આ લેખ ઘણી પત્રિકાઓમાં પ્રકાશિત થયો હતો.

(પાયલચ્છીનામમાળા – આની રચના ધનપાલે ૧૦મી સદીમાં કરી હતી. સંભવતઃ આ પ્રાકૃતનો સહુથી જૂનો શબ્દકોષ છે.) આચાર્ય શ્રી હેમેન્દ્રજીએ 'દેશીનામમાળા' ૧૨મી સદીમાં લખી હતી.)

**હર્મન જેકોબી (જૈન દર્શન દિવાકર) : ઈ. સ. ૧૮૫૦-૧૯૩૭.**

*(હર્મન જેકોબી અને તેમના ગુરુ એ. બેબરે, જૈન ધર્મનો પરિચય યુરોપમાં કરાવ્યો. એમણે એ સિદ્ધ કર્યું કે મહાવીર અને પાર્શ્વનાથ ભગવાન, બંન્ને ઐતિહાસિક પુરુષ હતાં. એમણે એ (ગેર) માન્યતાનું પણ ખંડન કર્યું કે જૈન ધર્મ, બૌદ્ધ ધર્મની જ એક શાખા છે – એવું એ સમયના યુરોપીય વિચારકો માનતા હતા.)*

અનેક પ્રકારનાં જ્ઞાનના જાણકાર, હર્મન જેકોબી, એ એક એવા ઉત્તમ વિદેશી વિદ્વાનોમાંના એક હતાં, જેમણે ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાનના વિવિધ સ્તરો પર કાર્ય કર્યું. જૈન વિદ્યાના ક્ષેત્રમાં એમનું વિશેષ યોગદાન રહ્યું છે. એમણે જૈન સૂત્રો તથા સાહિત્યિક કૃતિઓનું સંપાદન તેમ જ જર્મન ભાષામાં તેનો અનુવાદ પણ કર્યો. જૈન સમાજે તેમને 'જૈન દર્શન દિવાકર'ના ઇલ્કાબથી અલંકૃત કર્યાં હતાં. કલકત્તા યુનિવર્સિટીએ તેમને ડૉક્ટરેટની ડીગ્રી અર્પણ કરી હતી.

હર્મન જેકોબીનો જન્મ જર્મનીમાં ઈસ્વીસન ૧૮૫૦માં થયો હતો. પોતાના નગરમાં હાઈસ્કૂલ સુધીનો અભ્યાસ પૂર્ણ કરી ગણિતના ઉચ્ચ અભ્યાસ અર્થે તેઓ બર્લિન ગયા. ત્યાં તેમનો ઝુકાવ સંસ્કૃત તથા ભાષા વિજ્ઞાન તરફ વધવા લાગ્યો. તેમને બાન યુનિવર્સિટીથી ડૉક્ટરેટની ડીગ્રી મળી. તેમના શોધનિબંધનો વિષય હતો, ભારતીય જ્યોતિષ વિજ્ઞાનમાં (Aura) તેજ-પૂંજ. તે પછી એક વર્ષ તેઓ લંડનમાં રહ્યાં તથા ત્યાં મળેલ જૈન મેન્યુસ્ક્રીપ્ટનો અભ્યાસ કર્યો. ઈ. સ. ૧૮૭૩-૭૪માં જેકોબી ભારત આવ્યાં. ભારતની આ યાત્રા એમના માટે ખૂબ ઉપયોગી બની. એમની રાજસ્થાન યાત્રા દરમ્યાન એમને, પ્રસિદ્ધ વિદ્વાન જ્યોર્જ બૂલરનો સાથ મળ્યો. તે પછી રાજસ્થાનથી, જેકોબીએ ઘણાં હસ્તલિખિત ગ્રંથોને એકઠાં કર્યાં હતાં. આ યાત્રા દરમ્યાન તેમણે અમુક જૂનાં મઠોનું પણ નિરીક્ષણ કર્યું હતું. ભારતથી જર્મની પાછા ફર્યા બાદ જેકોબી પ્રોફેસર થઈ ગયા અને ઘણી યુનિવર્સિટીમાં પોતાની સેવાઓ આપી. ઈ.સ. ૧૯૧૩-૧૪માં જેકોબી, કલકત્તા યુનિવર્સિટીના નિમંત્રણ પર ભારતીય કાવ્ય પર વ્યાખ્યાન આપવા, ફરી પાછા ભારત આવ્યા. એમણે ઘણાંય વિષયો પર લેખો લખ્યાં. ૧૯ ઓક્ટોબર ૧૯૩૭માં તેમનું દેહાવસાન થયું.

હર્મન જેકોબી તથા તેમના ગુરુ એ. બેબરે, યુરોપીય વિદ્વાનોમાં ફેલાયેલી એ ધારણા, કે જૈન ધર્મ એ બૌદ્ધ ધર્મની એક શાખા છે, એનું ખંડન કર્યું અને જૈન ધર્મને સ્વતંત્ર તેમજ અલગ ધર્મ સાબિત કર્યો. પોતાના તર્કો અને તથ્યોથી એમણે ભગવાન પાર્શ્વનાથ તથા મહાવીરને ઐતિહાસિક પુરુષ ગણાવ્યા. જોકોબીએ જૈન પુસ્તકોનું સંપાદન કર્યું તથા એનો જર્મન ભાષામાં અનુવાદ પણ કર્યો. એમણે ભદ્રબાહુ દ્વારા રચેલ કલ્પસૂત્રની ભૂમિકા અને સંસ્કૃત શબ્દાવલિનું સંપાદન કર્યું. ઈ. સ. ૧૮૮૦માં 'કાલકાચાર્ય કથા'નું સંપાદન અને જર્મન ભાષામાં તેનો અનુવાદ કર્યો, જે 'જર્નલ ઑફ ધ જર્મન ઓરિયેન્ટલ સોસાયટી'માં પ્રકાશિત થયો. શ્વેતામ્બર સમુદાયને માન્ય આચારાંગ સૂત્ર 'પાલી ટેક્સ્ટ સોસાયટી'માં તથા આચાર્ય હેમચન્દ્ર રચિત સ્થવિરાવલિ ચરિત્ર (અથવા પરિશિષ્ટ પર્વ) 'બિબ્લીઓથિકા ઇંડિકા'ના પ્રથમ (૧૮૮૩) તેમ જ દ્વિતિય (૧૯૩૨) આવૃત્તિમાં પ્રકાશિત થયાં. તેમના દ્વારા અનુવાદિત આચારાંગ સૂત્ર અને કલ્પસૂત્ર ઈ. સ. ૧૮૮૪માં તથા સૂત્રકૃતાંગ સૂત્ર અને ઉત્તરાધ્યયન સૂત્ર ઈ. સ. ૧૮૮૫માં 'સેક્રિડ બુક્સ ઑફ ઈસ્ટ' સિરિઝમાં છપાયાં. આ સિવાય જેકોબી દ્વારા સંપાદિત/અનુવાદિત આચાર્ય સિદ્ધર્ષિની 'ઉપમિતિભવપ્રપંચાક' બિબ્લીઓથિકા ઇંડિકામાં ક્રમશઃ પ્રકાશિત થઈ. એમણે આચાર્ય હરિભદ્રસૂરિ રચિત 'સમરાઈચ્ચ કથા' (દ્વિસંસ્કરણ)નું સંપાદન કર્યું તેમજ જૈનધર્મ વિષયક કેટલાંયે લેખો લખ્યાં.

જેકોબી કેટલાંયે વિષયોમાં અધિકારથી પ્રવેશ કરી શકતાં હતાં. ભારતીય જ્યોતિષ, ગણિત તેમજ પ્રકૃતિ વિજ્ઞાન પર એમણે કાર્ય કર્યું. ભારતીય કાળગણના, યોગ, વેદ, બૌદ્ધ સાહિત્ય વિગેરે વિષય પણ એમના લેખનના વિષય બન્યાં હતાં. જીવનના મધ્યકાળમાં એમની રૂચિ કાવ્ય જગતમાં રહી. એમણે પ્રાકૃત ભાષા અને વ્યાકરણ પર પણ કાર્ય કર્યું. મહારાષ્ટ્રીયન ભાષાની કથાઓને સંકલિત કરી તથા ગીતા અને ઉપનિષદ પર પણ કાર્ય કર્યું.

**વૉલ્ટર સ્કૂબિંગ (જૈનદર્શન અને પ્રવૃત્તિનાં વિશ્લેષક)**

**ઈ. સ. ૧૮૮૧-૧૯૬૯**

*(યુરોપમાં ઈન્ડોલોજીનો વિધિપૂર્વક અભ્યાસ સહુથી પહેલાં બર્લિનમાં આરંભ થયો જ્યારે ત્યાંની યુનિવર્સિટીમાં, ઈન્ડોલોજી પીઠ સ્થાપિત કરવામાં આવી. જૈનોલોજી (જૈન દર્શન)નો આરંભ વૉલ્ટર સ્કૂબિંગના પ્રયત્નોથી થયો, જ્યારે એમણે બર્લિન સ્ટેટ*

*લાયબ્રેરીમાં હસ્તલિખિત જૈન ગ્રંથોનો અભ્યાસ અને સૂચિકરણ કર્યું. બર્લિનની ફ્રેલે (Frele) યુનિવર્સિટીમાં જૈન સ્ટડી સેન્ટર પણ શરૂ કરવામાં આવ્યું.)*

વૉલ્ટર સ્કૂબિંગે પોતાના ઊંડા, ભારે યોગદાનથી જૈનદર્શન તથા પ્રાકૃત ભાષાને સમૃદ્ધ કર્યા છે. લ્યુબેક (જર્મની)ની એક પ્રસિદ્ધ સ્કૂલના હેડમાસ્તરના ઘરે ૧૦ ડિસેમ્બર ૧૮૮૧ના દિવસે જન્મેલા વૉલ્ટરે જ્યારે પોતાનું પ્રારંભિક શિક્ષણ પૂરું કરી યુનિવર્સિટીમાં પ્રવેશ લીધો તો એમને એ. બેબર, આર. પીચેલ, હર્મન જેકોબી જેવા અધ્યાપક મળ્યાં જેઓ ભારતીય જૈનદર્શનના વિદ્વાન હતાં. એમના શોધ નિબંધ 'કલ્પસૂત્ર-જૈન મુનિની આચારસંહિતાનો પ્રાચીન ગ્રંથ'ને ડૉક્ટરેટનો પુરસ્કાર મળ્યો. ઈ. સ. ૧૯૦૪ થી ૧૯૨૦ સુધી એમણે એકેડેમિક લાયબ્રેરિયન તરીકે રોયલ પર્શિયન સ્ટેટ લાયબ્રેરી, બર્લિનમાં કામ કર્યું તેમ જ એ દરમ્યાન હસ્તલિખિત જૈન ગ્રંથોનું વિવરણાત્મક સૂચિપત્ર (catalogue) પણ તૈયાર કર્યું. ઈ. સ. ૧૯૨૦માં તેઓ હમ્બર્ગ યુનિવર્સિટીમાં ભારતીય વિદ્યા (Indology)ના પ્રોફેસર બન્યા. ઈ. સ. ૧૯૨૨માં જર્મન ઓરિયેન્ટલ સોસાયટીની જર્નલનું સંપાદન કર્યું.

ઈ. સ. ૧૯૨૭-૨૮ના શિયાળામાં વોલ્ટર સ્કૂબિંગ પોતાની પત્ની સાથે ભારત આવ્યાં. એમની સાથે પ્રોફેસર લ્યુડર્સ પણ હતાં. એમણે ભારતની કેટલીક જૈન સંસ્થાઓની સમીક્ષા (અવલોકન) કરી તેમજ વ્યાખ્યાન આપ્યાં. આ ગાળા દરમ્યાન અમુક સમય પૂનાની ભંડારકર ઓરિયેન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં પણ કાર્ય કર્યું. તેઓ ઈ. સ. ૧૯૫૧માં સેવા નિવૃત્ત થયાં પરંતુ અભ્યાસ નિરંતર ચાલુ રાખ્યો. ૩ એપ્રિલ ૧૯૬૯માં હમ્બર્ગમાં થયેલ એક દુર્ઘટનામાં એમનું દેહાવસાન થયું.

સ્કૂબિંગે કેટલાક જૈન પુસ્તકોનું સંપાદન કર્યું. એમના દ્વારા સંપાદિત પુસ્તકોમાં આચારાંગ સૂત્ર, વ્યવહાર સૂત્ર તથા મહાનિશિથ સૂત્રનું વિશ્લેષણ બે ભાગોમાં ઈ. સ. ૧૯૫૧ અને ૧૯૬૩માં પ્રકાશિત થયું. સ્કૂબિંગ દ્વારા સંપાદિત અને નાગરીમાં લિપ્યાન્તરિત અમુક પુસ્તકો ઈ. સ. ૧૯૨૩માં જૈન સાહિત્ય સંશોધક સમિતિ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ. સ્કૂબિંગ ખૂબ જ ધ્યાનથી સંપાદન કરતાં હતાં અને તેમનું સંપાદન કાર્ય હંમેશા આદર્શ મનાતું હતું. સ્કૂબિંગે મહાવીરના કથનોને `Word of Mahavira' માં સંગ્રહિત કર્યાં હતાં, જે અમુક મહત્ત્વનાં જૈન ગ્રંથોમાંથી લેવામાં આવ્યાં હતાં. ઈ. સ. ૧૯૩૨માં અમદાવાદમાં એમણે દશવૈકાલિક સૂત્રનો અનુવાદ કર્યો, જેનું સંપાદન એમના ગુરુ ઈ. લ્યૂમને કર્યું હતું. એમણે છેદસૂત્ર તેમજ નિર્યુક્તિ પર પણ કાર્ય કર્યું હતું. સ્કૂબિંગ દ્વારા લખાયેલ અનેક લેખોને સંપાદિત કરી ઈ. સ. ૧૯૫૧માં એમના ૭૦મા જન્મદિવસ પર શ્રી એફ.આર.હામે પ્રકાશિત કર્યા હતાં.

તેઓ જૈન સિદ્ધાંતોના જાણકાર હતાં. પ્રાચીન સ્તોત્રોમાં ઉલ્લેખિત જૈન સિદ્ધાંતો પર આધારિત એમનો એક નિબંધ બર્લિનમાં 'એન્સાયક્લોપિડીયા ઓફ ઈન્ડો આર્યન રિસર્ચ'માં છપાયો હતો. ડબલ્યુ. બ્યુર્લિન દ્વારા કરવામાં આવેલ એનો અંગ્રેજી અનુવાદ Doctorine of Jainas દિલ્હીથી પ્રકાશિત થયો. મોતીલાલ બનારસીદાસ દ્વારા પણ (સંભવતઃ દ્વિતીય સંસ્કરણ) એનું પ્રકાશન કરવામાં આવેલ.

**મહાવીર અને પાર્શ્વનાથ ઐતિહાસિક પુરુષ હતાં.**

સ્કૂબિંગનાં મૃત્યુ પછી એમના દ્વારા સંપાદિત 'ગણિવિજ્જા'નું પ્રકાશન ઈ. સ. ૧૯૬૯માં ઈન્ડો આર્યન જર્નલમાં થયું તથા એજ વર્ષમાં 'તંદૂલવેયાલીયા પયન્ના' જૈન સિદ્ધાંત વિશ્લેષણનું પ્રકાશન 'પ્રોસિડિંગ ઓફ મેજ એકેડેમી'માં પ્રકાશિત થયું. એની સાથે એજ વર્ષમાં પ્રાકૃત પુસ્તક 'ઇસિભાષિત'નો સંશોધિત જર્મન અનુવાદ પણ છપાયો.

જો કે, જૈન સાહિત્ય સ્કૂબિંગની રૂચિનો મુખ્ય વિષય રહ્યો પરંતુ એમની કલમ અન્ય વિષય પર પણ ચાલી. એમણે 'બ્રાહ્મનીકલા કલ્ચર ઈન પ્રેઝન્ટ' ઈ. સ. ૧૯૩૭માં લખી. સંસ્કૃત કાવ્ય પર પણ કાર્ય કર્યું.

*(જ્ઞાન વિજ્ઞાનના કેન્દ્રમાં રહેલ જર્મનીના ઇતિહાસમાં ૧૦ મે, ૧૯૩૩નો દિવસ રાષ્ટ્રીય શરમનો દિવસ બની ગયો. ૧૦મી મેની રાત્રે કેટલાંક નગરોમાં નાઝી સમર્થક વિદ્યાર્થીઓએ 'અંધાધૂંધીવાળી જર્મની ભાવના' વિરૂદ્ધ મોરચો કાઢ્યો. નાઝી નેતાઓએ નસ્લી ભાવનાઓ અને ઉગ્ર રાષ્ટ્રવાદને ઉશ્કેર્યાં અને દેશના કેટલાક ભાગોમાં લગભગ ૨૫,૦૦૦ પુસ્તકોને રાષ્ટ્ર વિરોધી માની આગના હવાલે કર્યાં. એમાં વૉલ્ટર બેન્જામિન, આલ્બર્ટ આઈન્સ્ટાઈન, કાર્લ માર્ક્સ જેવા લેખકોનાં પુસ્તકો પણ શામેલ હતાં. ઘણાં લેખકો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો.)*

**પ્રોફેસર કૉલેટ કલાટ, (ઈન્ડો-આર્યન ભાષાઓના વિશેષજ્ઞ) ઈ. સ. ૧૯૨૧-૨૦૦૭.**

*(ઈન્ટરનેશનલ ઈન્ડોલોજીને પ્રોફેસર ડૉ. કૉલેટ ક્લાટના મૃત્યુથી મોટી ખોટ પડી છે. એમને દુનિયાભરના ભારતીય વિદ્યાના વિદ્વાનો સાથે સંપર્ક અને મિત્રતાભર્યા સંબંધો હતા. ખાસ કરીને પોતાના પ્રિય વિષય–જૈન અને બૌદ્ધ દર્શન, મધ્ય ઈન્ડો આર્યન ભાષાશાસ્ત્ર. એ સાથે શિષ્ટ સંસ્કૃત સાહિત્ય અને ભારતીય સંસ્કૃતિ તો કેમ ભૂલાય?) -જ્યોર્જ જીન પિનોલ્ટ-જર્નલ ઓફ ધ ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ બુદ્ધિસ્ટ સ્ટડીઝ–વોલ્યુમ ૩૦, નં. ૧૨ ૨૦૦૭ (૨૦૦૯) પાના નં. ૩૧૧.*

સંસ્કૃત અને તુલનાત્મક વ્યાકરણના પ્રોફેસર ક્લાટનું નામ જૈન સાહિત્યના વિશ્વસ્તરીય વિદ્વાનોમાં લેવાય છે. એમનો જન્મ ફ્રાંસમાં ૧૫ જાન્યુઆરી ૧૯૨૧માં થયો હતો. એમણે શાસ્ત્રીય લેટિન અને ગ્રીક ભાષાનો અભ્યાસ, વ્યાકરણ અને સાહિત્યિક પાસાંઓ સાથે કર્યો. એમને સંસ્કૃતનો અભ્યાસ લુઈસ રેન્યુ અને જ્યુલિયસ ક્લોચ જેવા

વિદ્વાનો પાસેથી કરવાનું સૌભાગ્ય મળ્યું. પ્રોફેસર ક્લોચ પ્રાકૃત, પાલી, અપભ્રંશ વિગેરે ભાષાઓના જાણકાર હતાં અને તેઓ અભ્યાસ અર્થે પોતાના વિદ્યાર્થીઓમાં પણ અભિરૂચિ અને જિજ્ઞાસા જગાડતાં હતાં.

ફ્રાંસની સિવિલ સર્વિસ હરીફાઈમાં સફળ થઈ ક્લાટ સેકન્ડરી સ્કૂલોમાં ભણાવવા લાગ્યા. આગળ જઈને એમને ફ્રેંચ નેશનલ સેન્ટર ફોર સાયન્ટીફિક રિસર્ચમાં કામ કરવાનો મોકો મળ્યો જ્યાં ભારત સંબંધી અભ્યાસ કરવાનો ભરપૂર અવસર, સુવિધા અને સમય મળ્યાં. ત્યાં રહીને એમણે ભારતની પ્રાચીન ભાષાઓના વિષયમાં અભ્યાસ કર્યો. સ્કૂબિંગની પ્રેરણાથી જૈન સાહિત્ય, પાલી અને પ્રાકૃત ભાષા પ્રતિ તેમનો ઝુકાવ વધવા લાગ્યો.

પ્રોફેસર કૉલેટ ક્લાટ ઈ. સ. ૧૯૬૩માં ભારત આવ્યા હતા. તે પછી ઘણીવાર ભારત આવતા રહ્યા અને મૈસુર તથા અમદવાદમાં રહી કાર્ય કરતા રહ્યા.

કૉલેટ ઈ. સ. ૧૯૫૨માં એશિયાટિક સોસાયટી સાથે જોડાયા તથા સોસાયટીના સેક્રેટરી તથા ઉપપ્રમુખ પણ બન્યા. આ દરમ્યાન સોસાયટીની પત્રિકા 'એશિયન જર્નલ'માં ઘણાં લેખો લખ્યા. એમને Legion of Honour આપવામાં આવ્યો, જે સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રમાં પ્રતિષ્ઠિત પુરસ્કાર છે.

પ્રોફેસર કૉલેટે ઘણી યુનિવર્સિટીઓમાં ભણાવવાનું કાર્ય કર્યું. ઈ. સ. ૧૯૬૦ થી ૧૯૬૬ સુધી લિયાન યુનિવર્સિટીમાં તથા ત્યારબાદ પેરિસ યુનિવર્સિટીમાં હતા. ઈ. સ. ૧૯૮૮માં તેઓ સેવાનિવૃત્ત થયા અને ૧૫ જાન્યુઆરી ૨૦૦૭માં તેમનો સ્વર્ગવાસ થયો. નલીની બાલબીર સહિત તેમના અનેક શિષ્યો તેમના કાર્યને આગળ વધારી રહ્યા છે.

આ વિદ્વાન મહિલાનું સહુથી વધુ યોગદાન જૈન દર્શન તથા ઈન્ડો આર્યન પ્રાચીન ભાષાઓના ક્ષેત્રમાં રહ્યું છે. ઈ. સ. ૧૯૬૫માં પેરિસમાં એમનો ડી.લિટ.નો મહાનિબંધ ફ્રેંચ ભાષામાં પ્રકાશિત થયો જેનો વિષય હતો, 'પ્રાચીન સમયમાં જૈન સાધુઓના પ્રાયશ્ચિતની વિધિ.' આનો અંગ્રેજી અનુવાદ ૧૦ વર્ષ પછી Atonements in the Ancient Ritual of Jain Monksના રૂપમાં પ્રકાશિત થયો. ઈ. સ. ૧૯૬૬માં વ્યવહાર, નિશિથ આદિ છેદસૂત્ર પર એક પુસ્તક હમ્બર્ગમાં છપાયું. ઈ. સ. ૧૯૮૧માં જૈનવિદ્યાની ઉત્પત્તિ (કોસ્મોલોજી) પર લખેલા પુસ્તકની ઈ. સ. ૨૦૦૪માં સંશોધિત અને વિસ્તૃત આવૃત્તિ દિલ્હીથી પ્રકાશિત થઈ. પોતાના ગુરુ જુલિયસ બલોચના લેખોનું સંપાદન અને પ્રકાશન પણ એમણે કર્યું. ઈ. સ. ૧૯૯૯માં અપભ્રંશથી અનુવાદિત (?) યોગેન્દ્ર પ્રકાશિત થઈ. ઈ. સ. ૨૦૦૩માં હેલોસંકીમાં યોજાયેલ વિશ્વ સંસ્કૃત સંમેલનની કાર્યવાહીનું સંપાદન નલિની બાલબીરની મદદથી કર્યું. તેઓ જૈન અને બૌદ્ધ દર્શન શાસ્ત્રના રિસર્ચ ગ્રુપના પ્રમુખ હતા. ઈ. સ. ૧૯૮૧માં સ્ટ્રાસબર્ગમાં આંતરરાષ્ટ્રીય જૈન પરિષદ આયોજિત કરી. જે ભારતની બહાર થયેલ પ્રથમ પરિષદ હતી. એમના સન્માનમાં ઈ. સ. ૧૯૮૮માં એક વિશેષાંક પ્રકાશિત થયો. પંડિત નાથુરામ પ્રેમી રિસર્ચ સિરિઝમાં પ્રકાશિત, આચાર્ય જયેન્દ્રના પુસ્તક 'યોગસાર'ની ૧૦૦૦ નકલો ઈ. સ. ૨૦૦૭માં એમની સ્મૃતિમાં મફત વહેંચવામાં આવી. ઈ. સ. ૨૦૧૧માં પાલી ટેક્સ સોસાયટીએ તેમના મહત્ત્વપૂર્ણ લેખોનું પ્રકાશન કર્યું હતું.

*(લિગાન ઓફ ઓનર, ફ્રાંસનો પ્રતિષ્ઠિત એવોર્ડ છે, જેની સ્થાપના નેપોલિયન બોનાપાર્ટે ઈ. સ. ૧૮૦૨માં કરી હતી. આ પુરસ્કાર પાંચ સ્તરોમાં વિભાજીત છે. પ્રોફેસર ક્લાટને લિગાન ઓફ ઓનર ઓર્ડર આપવામાં આવ્યો હતો જે નીચેથી ચોથા ક્રમે છે. એનું પૂરું નામ છે- National order of the legion of Honour.*

*કૉલેટ ક્લાટની જન્મ તારીખ અને દેહાન્ત તારીખ એક જ છે. ૧૫ જાન્યુઆરી, જે એક સંયોગની વાત છે.)* ✷✷✷

[ સૌજન્ય : 'ઋષભ ચિન્તન'-મોહનખેડા. ]

બીના ગાંધી : ૨-B/૭૪, રૂસ્તમજી રિજન્સી, આઈડિયલ ફાર્મ, દહિંસર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૮. મોબાઈલ : ૯૯૨૦૪૯૯૯૨૭

## જૈન ધર્મ ફિલોસોફી અભ્યાસ
### મુંબઈ યુનિવર્સિટી : ડિપાર્ટમેન્ટ ઓફ ફિલોસોફી

પાર્ટ ટાઈમ સર્ટિફિકેટ કોર્સ અઠવાડિયામાં એક દિવસ ફક્ત ચાર કલાક. સરળ ભાષામાં ફિલોસોફીની સમજ.

(અંગ્રેજી, ગુજરાતી, હિન્દી કે મરાઠીમાં ઉત્તર પત્રિકા)

વિષયો : જૈન ઇતિહાસ, નવકાર, તીર્થંકર, રાજલોક, રત્નત્રયી, શ્રાવકાચાર, શ્રમણાચાર, જ્ઞાન, અનેકાંત, નયવાદ, ૬ દ્રવ્ય, ૯ તત્ત્વ, કર્મવાદ, શાકાહાર, અહિંસા વગેરે.

**સર્ટિફિકેટ કોર્સ માટે મુંબઈમાં ચાર સેંટર :**

મરીન લાઈન્સ : શકુંતલા સ્કૂલ : દર ગુરૂવાર બપોરે ૩ થી ૭
એડમિશન સંપર્ક
ભરત વિરાણી : 9869037999, નિશીત તુરખિયા : 9833450006

બોરીવલી (વેસ્ટ) : ડૉક્ટર્સ હાઉસ TPS Road : દર રવિવાર સવારે ૯ થી ૧
એડમિશન સંપર્ક
જયશ્રી દોશી : 9323761513, કવિતા શાહ : 9819478851

સાંતાક્રુઝ (ઈસ્ટ) : કલિના યુનિવર્સિટી કૉમ્પ્લેક્સ
દર શનિવાર : બપોરે ૧૨.૩૦ થી ૪.૩૦
એડમિશન સંપર્ક
શેતલ શાહ : 9819830094, મનાલી બોથરા : 9860600461

ઘાટકોપર (ઈસ્ટ) : રામજી આશર સ્કૂલ, દર રવિવાર સવારે ૯ થી ૧
એડમિશન સંપર્ક
જીમીત શાહ : 9930904468, પ્રિતી દોશી : 9833137356

૧૯૬૬થી ચાલતા આ કોર્સમાં અત્યાર સુધી આશરે ૩૦૦૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો છે.

# નવકારની સંવાદયાત્રા

❑ ભારતી દિપક મહેતા

[૬]

(જૂન ૨૦૧૫ના અંકથી આગળ)

**અમે :** ભાઈ, શ્રી નવકાર મત્રનાં સંદર્ભે વ્યવહાર અને નિશ્ચય ટૂંકાણમાં સમજાવશો ?

**પૂ. ભાઈ :** આ મંત્રનાં જાપથી બે મુખ્ય ઘટના બને છેઃ

૧. નિર્વિકાર થવાય છે = જે વ્યવહાર છે.

૨. નિર્વિચાર થવાય છે = જે નિશ્ચય છે.

જો શરીરથી ફક્ત સત્કર્મો થાય અને મનમાં ફક્ત સદ્‌વિચારો જ આવે તો આત્મા જલ્દી નિર્વિકારી થઈ શકે, અને સંખ્યાબળથી નવપદજીનાં સામૂહિક જાપ જ્યારે થાય છે ત્યારે તે નિર્વિકલ્પ સૂત્રપાઠથી નિર્વિચારી જલ્દીથી થવાય છે. આ મંત્રનું વિજ્ઞાન છે.

જીવનના તમામ આયામોમાં અધ્યાત્મનું અનુસંધાન રહે ત્યારે સંસારમાં રહેવાય છે પણ સંસારના બનીને નહીં–તે વ્યવહાર છે અને દરેક શબ્દમાં ભગવદ્ નામ અને દરેક પદાર્થમાં ભગવદ્ કર્મ દેખાય તે નિશ્ચય છે.

જાપથી તેની સ્પર્શના શક્ય બને છે. પછી પરમાધાર, પરમપ્રાપ્ય, પરમહિતૈષી, પરમઆત્મીય એવી પરમગતિ તરફ બહુમાન થાય છે, તેનો અનુરાગ થાય છે અને તેનું અનુમોદન કરવાથી તેનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે. હવે આ મંત્રના સામૂહિક જાપથી પૂણ્યાંગજનની વિસ્મય પામી દરેક અશુભનું શુભમાં પરિવર્તન કરાવી મંગલની ગંગોત્રી વહેવાનું શરૂ કરે છે.

બસ, એ જલથી જ સૌના ત્રિદોષ દૂર થાય છે, જે છેઃ

(૧) પ્રભુથી જૂદાઈ

(૨) જીવો પરત્વે ઉદાસીનતા

(૩) આત્માની ઉપેક્ષા

**અમે :** બ્રહ્માંડના અસ્તિત્વનું પ્રયોજન શું ? તે પ્રયોજન સંગે શું નવકાર મહામંત્ર જોડાયેલો હશે ?

**પૂ. ભાઈ :** સકલ બ્રહ્માંડની રચનાનું એકમાત્ર પ્રયોજન છેઃ પ્રત્યેક જીવને પૂર્ણતા અર્પવી. પણ તે મહાઅસ્તિત્વને પ્રગટ કરનાર યંત્ર, મંત્ર કે તંત્ર છે શ્રી નમસ્કાર મહામંત્ર. તે પૂર્ણ બનવાની અભિપ્સા

'પ્રબુદ્ધ જીવન' કૉર્પસ ફંડમાં ત્રણ લાખનું અનુદાન આપી પંદર વર્ષ સુધી કૉઈ પણ ઍક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

**પૂ. ભાઈ :** यः नंदति इति नाद । જે આનંદ વ્યક્ત કરે, આવિર્ભાવ કરે તે નાદ કહેવાય છે. નવકારની પરાવાણીનું ઉદ્‌ગીથ અનન્ય નાદાનુસંધાન કરાવે છે. હવે જેવી એ અધિકૃત અવસ્થા શરૂ થાય કે તરત જ લક્ષ્મીદેવી જાગૃત થઈ સાધકને વિશેષ સમૃદ્ધિ પ્રદાન કરે છે. તે પંચલક્ષ્મી આ પ્રમાણે છેઃ

(૧) જ્ઞાનલક્ષ્મી : સાધકને સૂર્યકોટિસમ જ્ઞાન ઉત્પન્ન થાય છે.

(૨) દાનલક્ષ્મી : અહંનું વિસર્જન કરાવી, પદાર્થો ઉપરની મૂર્ચ્છા ઉતારે છે.

(૩) વચનલક્ષ્મી : સાધકને જે બોલે તે બને જ તેવી વાચાસિદ્ધિ પ્રાપ્ત થાય છે.

(૪) ધ્યાનલક્ષ્મી : ધર્મસત્તાના શરણથી નિર્વિચારીપણું મળે છે જેથી કાયોત્સર્ગ ધ્યાન સહજ બને છે.

(૫) સન્માનલક્ષ્મી : નવકારના સાધકને આજીવન એવં મૃત્યુ બાદ પણ સર્વ રીતિએ આદર સન્માન મળે છે.

**અમે :** ભાઈ, તમે કાલે કહેતા હતા કે શ્રી નમસ્કાર મહામંત્રનાં સામૂહિક જાપથી ત્રણ મહાદોષ હણાઈ જાય છે. તો તે દોષો કયા છે ?

**પૂ. ભાઈ :** પ્રત્યેક માનવીમાં પરમ મંગલનું અસ્તિત્વ છે. નવકારના આપે છે અને પૂર્ણ બનવાનો સંકલ્પ લેવામાં સહાયરૂપ થાય છે. 'શિવમસ્તુ સર્વજગતઃ'નો સંકલ્પ એ તીર્થંકરોની ભાવ-માતા જ છે. મંત્રનાં અર્થ અનંતગમપર્યવ છે, પરંતુ એકબીજાનાં અવિરોધી છે. તેના શબ્દો–અક્ષરો શાશ્વત ને નિત્ય છે. તે મંત્રનું નિર્વિકલ્પ સેવન મિથ્યાત્વનું આવરણ દૂર કરીને આર્હન્ત્ય ચેતનાનું અવતરણ કરે છે જેનું શુભ ભાવમાં આરોહણ થઈ, સ્વરૂપનું જાગરણ કરાવી, જીવનનું દિવ્ય રૂપાંતર કરવા આપણામાં આમૂલ પરિવર્તન લાવે છે.

આમ પ્રત્યેક જીવને પૂર્ણતા આપવાના બ્રહ્માંડના એકમેવ પ્રયોજન સંગે આ મહામંત્ર અભિજાત્યપણે જોડાયેલો જ છે.

**અમે :** ભાઈ, શ્રી નવકાર મહામંત્ર મૃત્યુંજયી મંત્ર' છે. તો એનો વિશેષાર્થ આઠ કર્મનાં સંદર્ભે સમજાવશો ?

**પૂ. ભાઈ :** સ્વયં અમર એવા આ મહામંત્રનાં પ્રથમ પાંચ પદનું કાર્ય જ અમરતા પ્રદાન કરવાનું છે અને છેલ્લા ચાર પદની ચૂલિકા–જે સ્વયં તીર્થંકરોનાં સ્વમુખેથી મળેલી છે–તેનું કાર્ય છે પાપનો નાશ કરી મંગલતા પ્રદાન કરવાનું.

આ મંત્ર શ્રુતસ્વાધ્યાય હોવાથી જ્ઞાનાવરણીયકર્મનો, સમકિત સામાયિક હોવાથી દર્શનાવરણીયકર્મનો, શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન હોવાથી

મોહનીયકર્મનો, વીતરાગને નમન હોવાથી અંતરાયકર્મનો, આ મંત્ર થકી અહંનું વિસર્જન શક્ય હોવાથી નામકર્મનો, સર્વાત્મભાવને કારણે ગોત્રકર્મનો, તેના અક્ષરો અક્ષયપદ અપાવતા હોવાથી આયુષ્યકર્મનો અને શ્રી નવકાર એ શ્રેષ્ઠ મંગલ હોવાથી વેદનીયકર્મનો નાશ કરે છે.

**અમે :** ભાઈ, તમે ત્રણે કાળ ૧૨ નવકાર ગણવાનું ખાસ ભારપૂર્વક કહેતા હો છો. તેનું કારણ સમજાવશો ?

**પૂ. ભાઈ :** તેનું ખાસ વૈજ્ઞાનિક કારણ છે જૈન શાસ્ત્રોમાં.

૧. પ્રથમ નવકારથી પરમ ચૈતન્યનાં શરણે જઈએ.

૨. બીજા નવકારથી મન-વચન-કાયાના યોગોને પ્રભુચરણે ધરી દઈએ.

૩. ત્રીજા નવકારથી કરણ-કરાવણ-અનુમોદન થકી આનંદકંદમાં વૃદ્ધિ કરીએ.

૪. ચોથા નવકારથી વર્તમાનમાં રહેવાનું જ શરૂ કરીએ.

૫. પાંચમા નવકારથી હવે અર્થમાં ગયા વગર મંત્રને નિર્વિકલ્પ-દશામાં જ ગણીએ.

૬. છઠ્ઠા નવકારથી નિરાગ્રહવૃત્તિથી અનુજ્ઞાપૂર્વક નવે પદમાં વહીએ.

૭. સાતમા નવકારથી આત્માનાં જ્ઞાન-દર્શનગુણને વિભાવ દશામાંથી ખેંચી સ્વભાવદશામાં રાખીએ.

૮. આઠમા નવકારથી ચારિત્રગુણવાન આત્માને જ સ્મરણમાં રાખીએ.

૯. નવમા નવકારથી સ્વરૂપ સંગે તદ્રુપ થઈ તત્ત્વપરિણમન સાધીએ.

૧૦. દસમા નવકારથી સ્વરૂપ સંગે સંભેદ પ્રણિધાન કરીએ.

૧૧. અગિયારમા નવકારથી સ્વરૂપ સંગે અભેદ પ્રણિધાન આદરીએ.

૧૨. બારમા નવકારથી સ્વરૂપ સંગે સમાધિસ્થ જીવનને ટકાવીએ.

હવે જો રોજ સવાર-બપોર-સાંજ આ બાર કારણોને ફલિભૂત કરવા ત્રણે કાળ ૧૨-૧૨ નવકાર ગણીએ તો કલિમલદહન થઈ પાપનું શમન કરી, આપણું ભવદુઃખહરણ થઈ જાય તે વાત નિઃશંક છે.

કોઈ આપણું કાર્ય કરી આપે કે સહાયરૂપ બને ત્યારે આપણે તેને વાંરવાર આભાર કહીએ છીએ ને ? બસ, તો એ જ રીતે પ્રભુને મોક્ષમાર્ગ દર્શાવવા માટેનું આ ત્રિકાળ thanks giving જ છે.

**અમે :** ભાઈ, તમને 'નમો અરિહંતાણં'માં કઈ રીતે સત્-ચિત્-આનંદ અભિપ્રેત છે ?

**પૂ. ભાઈ :** 'નમો' ભાવ સનાતન છે માટે સત્ છે. 'અરિહંત' સર્વજ્ઞ છે માટે ચિત્ સ્વરૂપ છે. 'તાણં'માં શરણાગત ભાવ એ પરમાત્મા સાથે આત્માનો અભેદ દર્શાવે છે, જે ભરપૂર આનંદ આપે છે.

આમ 'નમો અરિહંતાણં' એ સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે.

**અમે :** ભાઈ, અક્ષમાલા એટલે શું ?

**પૂ. ભાઈ :** પ્રાણરૂપી ધાગામાં નવકારના શબ્દો પરોવવા તે.

**અમે :** ભાઈ, તમારા મતે સૌથી મોટું તપ કયું છે ?

**પૂ. ભાઈ :** સંસાર ચાખવા જેવો છે, રાખવા જેવો તો નથી જ તેવી વિચારધારા એ સૌથી મોટું તપ છે.

**અમે :** ભાઈ, અનાહત નાદ સાંભળવા કોઈ પ્રયોગ છે ખરો ?

**પૂ. ભાઈ :** પ્રયોગ :

૧. ટેબલ ક્લોક સામે રાખી ત્રણ થી ચાર ફૂટ દૂર બેસો.

૨. હવે તેનો ધ્વનિ ટકટક એક ધ્યાને સાંભળો.

૩. તેનાથી અંતર વધારતા જાઓ. પ્રાયઃ આઠ થી દસ ફૂટ દૂર સુધી એ સંભળાશે.

૪. હવે આ રીતે ધીમે-ધીમે પ્રગટ રીતે 'નમો અરિહંતાણ' બોલો.

૫. થોડીવાર પછી મૌન બની ધીમા શ્વાસોશ્વાસ લો.

૬. ફરીથી 'નમો અરિહંતાણં' બોલો. ફરી મૌન બનો.

૭. હવે હૃદયગુહામાંથી સ્વયં 'નમો અરિહંતાણં'નો ધ્વનિ સંભળાશે. બસ, એ જ છે અનાહત નાદ.

અંદરથી સ્વયં અવાજ આવે ત્યાં સુધી જાપ ચાલુ રાખો.

**અમે :** શબ્જ જગતનું વિસર્જન તે આ જ ને ?

**પૂ. ભાઈ :** હા, સમગ્ર પ્રકૃતિ પ્રશાંત છે. ફૂલ ખીલે છે તે અવાજ કરે છે ? સૂર્ય ઊગે છે તે પણ કોઈપણ જાતનાં ધ્વનિ વગર જ. તો બસ, 'નમો' ભાવમાં જાતને ડૂબાડી દઈએ ત્યારે શબ્દ જગતનું વિસર્જન આપમેળે થાય છે.

**અમે :** અજ્ઞાન, અહંકાર, અવિરતિ, અનર્થપ્રવૃત્તિઓ, આર્તધ્યાન, અકર્મણ્યતા, અભિનિવેશ, એષણાઓ–આ બધા દરિદ્રતાનાં માપદંડો છે. જૂઓ... છીએ ને આપણે દરિદ્ર !

**અમે :** 'ક્રિયાનું પર્યવસાન' એટલે શું ?

**પૂ. ભાઈ :** 'ક્રિયાનું પર્યવસાન' એટલે ક્રિયાનો અંત ક્યારે ? જ્યારે સંકલ્પ-વિકલ્પો શમે, શબ્દ સામ્રાજ્ય વિરામ પામે, આંતર-કોલાહલ શમે, ધ્યેય પ્રત્યે સુમેરુ જેવી અડગતા પ્રગટે અને પ્રાંતે મહામૌનમાં ઓગળતા જઈએ ત્યારે 'ક્રિયાનું પર્યવસાન' થયું કહેવાય.

**(સંપૂર્ણ)**

૮૨, ગૌતમ બુદ્ધ એપાર્ટમેન્ટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ-૩૬૦ ૦૦૧.
મો.: ૦૯૮૨૫૨૧૫૫૦૦. Email : bharti@mindfiesta.com

'પ્રબુદ્ધ જીવન'ને વીસ હજારનું અનુદાન આપી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

# 'જિન વાણી' – 'નિજ વાણી '

☐ ડૉ. દીક્ષા સાવલા

આપણે તો પરમતત્ત્વમાંથી આર્વિભાવ પામેલા અંશો. વસ્તુતઃ તો પરમવ્યોમના જ તણખલા અને અંતે સમાવાના પણ પરમતત્ત્વમાં જ. 'જિન' એટલે કે 'જિ'-'जयते' ધાતુ પરથી 'જિન' શબ્દ બન્યો. 'जयति' ક્રિયા સૂચવે છે. જેમણે 'જિત' મેળવી. અંતર શત્રુપરત્વેની, એટલે કે Under World નહિ પરંતુ 'અંતરવર્લ્ડ'ના શત્રુઓ જેવા કે લોભ, મોહ, માયા, ઈર્ષ્યા અસૂયા, રાગ, દ્વેષ, ક્રોધ ઈત્યાદિ પર વિજય મેળવ્યો માટે 'જિન' કહેવાયા. આવા 'જિનત્વ'ની ભક્તિ કરવાનો આ સોનેરી અવસર આપણને સાંપડ્યો છે. આ મનુષ્ય જીવનમાં આપણે જિનભક્તિ કરીને આપણું જીવતર ધન્ય બનાવીએ. નકરો કર્મકાંડ નહીં પરંતુ એ સાથે જ્ઞાનકર્મ પણ અત્યંત આવશ્યક છે. આજના યુગમાં આપણે જિન ભક્તિ તો કરીએ છીએ પરંતુ નિજ વાણીને સાંભળીએ છીએ ખરા ? 'નિજ-વાણી' એટલે અંતરાત્મા. બહારની દુન્યવી દુનિયાના પ્રલોભનો પ્રત્યે આપણે આકર્ષાઈ જઈએ છીએ. પરંતુ આપણી અંદર બેઠેલો જે માયલો છે, જે નિરાકાર–નિરંજન–કૂટસ્થ છે, એના પરત્વે આપણું કેટલું ધ્યાન ગયું છે, આ પાયાનો પ્રશ્ન છે ! આપણું જીવન રણ છે કે ઝરણ ? એ તો આપણે જ નક્કી કરવાનું છે.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં કહ્યું છે ને,

*જબ જાન્યો નિજરૂપ કો, તબ જાન્યો સબ લોક*

*નહિ જાન્યો નિજરૂપકો, સબ જાન્યો સો ફોક.*

આમ 'નિજત્વ'નાં દર્શન તો કરવા જ રહ્યાં. આજના યુગમાં વિવિધ સંપ્રદાયો અને એ પણ બિલાડીના ટોપની જેમ વિવિધ પેટા પ્રકારમાં ફૂટી નીકળ્યાં છે. સામાન્ય વ્યક્તિની બુદ્ધિથી તો જાણે આ બધું પર થઈ જાય છે. આજની પરિસ્થિતિમાં કહેવાય કે પરમાત્માને માનનાર બહુ છે પણ પરમાત્માનું માનનાર કેટલા છે ? પરંતુ આવા સમયે પરમતત્ત્વ સુધી પહોંચવા આપણે ગુરુજનોનો સહકાર મળે છે. કિંતુ આજના યુગમાં બન્યું છે એવું મંઝિલ સુધી પહોંચતાં પહેલાં જ આપણે સાધનને જ સર્વસ્વ માની લીધું છે. જેથી આપણી બુદ્ધિ, ડહાપણ અને જ્ઞાનનો વિકાસ જરા રુંધાતો જોવા મળે છે. આમ જો આપણે સાધનને જ સર્વસ્વ માની લઈશું તો શું સાધ્ય વસ્તુ સુધી પહોંચી શકીએ ખરા ? આ વિશે આપણી ગેરસમજ દૂર કરવી ઘટે. મંઝિલ સુધી પહોંચવા માટે ગુરુજનોનો સંગાથ પણ જરૂરી છે, પથદર્શક હોવા જોઈએ. પરંતુ આપણે તો એ ગુરુને સંપ્રદાયના નામે જોડી ......ની જય ઈત્યાદિ બોલતા થઈ ગયા છીએ. આમાં જ્ઞાનનો વિકાસ–પ્રગતિ–નિર્મળતા રૂંધાતી મને લાગી રહી છે. કિંતુ જ્ઞાન તો કેટલું અસીમ–વ્યોમ જેટલું વિશાળ ગૂઢ છે. જે પામવા આપણે કોશિશ કરતા નથી. એવા સમયે લાગે છે એવું કે શું આપણે અજ્ઞાની છીએ કે પછી એ યાત્રાથી થાકી ગયા છીએ અને વિસામાને જ આપણે આપણું લક્ષ્યાંક માની પૂજા–ભક્તિ કરવા લાગ્યા છીએ. જેથી અન્ય વટેમાર્ગુ પણ એ વિસામાસ્થાનને મૂળ સ્થાન માની અને ત્યાં જ દિવસે–દિવસે જનસંખ્યામાં અભિવૃદ્ધિ કરવા લાગે છે. પરંતુ અરે ! માનવી એ તો વિસામો છે, જ્યાં થાક ઉતારવાનો છે, આગળ જવા શક્તિ એકઠી કરવાની છે. અને પછી મૂળ યાત્રા પરત્વે આપણી નિષ્ઠાને કેમ વિસરી શકાય ? કારણ કે એ પંથે ચાલનારા ખૂબ ઓછા હોય છે, જૂજ વ્યક્તિ એ વિસામાસ્થાનથી પ્રમાદ ખંખેરી આગળ વધે છે અને લોકો એ 'વ્યષ્ટિ ગતતા'ને સમજી શકતા નથી. પરંતુ એ વ્યષ્ટિગતતા જ આખરે તો 'સમષ્ટિ' સુધી પહોંચાડી શકે છે. આમ આખરે તો વ્યષ્ટિસમૂહ માંથી તો 'સમષ્ટિ' બને છે.

ગુરુનો હાથ એ શિષ્યનો સાથ છે, ગુરુનો કંઠ એ શિષ્યનું વૈકુંઠ છે, ગુરુની આજ્ઞા એ શિષ્ય માટે વરદાન છે. જીવનમાં પ્રત્યક્ષ ગુરુ–પરોક્ષગુરુ હોવા જરૂરી છે. આમ જીવનમાં સદ્‌ગુરુ હોવા એ ધન્યતાની ક્ષણ છે. પણ એ ક્ષણથી આપણામાં રહેલા નિજત્વનાં કણને ભૂલવું ન જોઈએ. લકીરના ફકીર ન થઈને જ્ઞાનના શિખરો તો સર કરવાં જ રહ્યાં ! જ્ઞાન વિશાળ–ગૂઢ છે, એનું પણ મંથન જરૂરી છે જ. આખરે તો આપણી સૌની યાત્રા એક જ છે. રસ્તાઓ જુદાં છે, કિંતુ આજના અતિ આધુનિક યુગમાં ભૂલભૂલામણી ભરેલ રસ્તાઓમાં જ આપણે અટવાઈ ગયાં છીએ. એકમાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં એમ કરતાં કરતાં આપણાં જીવનની અવધિ પણ પૂરી થાય છે. ક્યારેક તો છેલ્લે સુધી આપણને રસ્તો જ જડતો નથી. તો ચાલવાની તો વાત જ ક્યાં રહીં ! માટે ધ્યાન રાખવું જોઈએ, ક્યારેક આંખ બંધ કરવાથી પણ જીવનનું તથ્ય–સત્ય દેખાશે. ઘણાં એવા ભક્તો છે જેમને બીજું કંઈ નહીં આવડે બસ, નિર્વ્યાજ ભક્તિ અને એમાંય વળી એક તો એવો પણ વર્ગ છે, જેનું મન ભક્તિ કરતાં કહે છે, 'મને તો ખાલી કક્કો આવડે. બાકી કાના-માતર તું જ લગાવી લેજે.' એવાં તો આપણી પાસે અનેકાનેક ઉદાહરણો છે. આમ અંતે તો વાત પીંછામાંથી મોર કરવાની છે. માટે પહેલેથી જ રસ્તો એવો પસંદ કરો કે જે સીધો, સરળ અને મુક્તિના ધામ સુધી લઈ જનારો હોય. ભલે એ રસ્તે ભીડ હોય પણ તેમ છતાં ત્યાં નિરવ શાંતિ હોય. શરીરો અનેક હોય તેમ છતાં છાયા એક જ હોય. આમ 'સમત્વ'થી ચાલીશું તો 'વીરત્વ'ને અચૂક પામી શકીશું. જેમ નદીનો સ્વભાવ છે, ખાડાને પણ પાણીથી ભરીને આગળ ધપવું. તેમ આપણે પણ

***આજના યુગમાં આપણે જિન ભક્તિ તો કરીએ છીએ પરંતુ નિજ વાણીને સાંભળીએ છીએ ખરા ?***

દયા, કરુણા, પ્રેમને પીરસતા આ નિજ-જિન માર્ગે આગળ ધપીએ.

હા, અને કેટલીક વખત ભક્તિ કરતાં કરતાં પણ ક્યારેય મોહનીય કર્મ ન બંધાઈ જાય એનો પણ ખ્યાલ રાખવાનો છે. ધર્મગત વાડાઓમાં મોહનીય ન બનવું એ જરૂરી છે. અપનાવો સર્વના સત્યને પણ સહજતાથી પરંતુ આદત ન પડવી જોઈએ. આદત પડવી એ એક આસક્તિ છે, જે આપણાં જ્ઞાનને સીમિત કરે છે. ભક્તિનો રસ લાગવો જરૂરી છે, પરંતુ એ રસ આદતમાં ન પરિણમે એની પણ કાળજી લેવી જરૂરી છે. જો આદત પડે તો તે મોહનીય કર્મની પાતળી રેખા રૂપે આપણને દૃષ્ટિગોચર થાય છે.

***ભક્તિ કરતાં કરતાં પણ ક્યારેય મોહનીય કર્મ ન બંધાઈ જાય એનો પણ ખ્યાલ રાખવાનો છે.***

આમ આપણી યાત્રા તો બંધાવાની નથી. આપણી વૃત્તિઓને બાંધવાની છે, જે જન્મમરણનાં ફેરામાંથી મુક્તિ મેળવી અને એક ચોક્કસ અદ્વૈતના દર્શન કરવાના છે. જેમ દ્રુમપત્રકમાં કહ્યું છે ને,

द्रुमपत्रकं पाण्डुकं यथा निपतति रात्रिगळानामत्यये ।
एवं मनुजानां जीवितं समयं गौतम! मा प्रमादीः।।

(સંસ્કૃત છાયા-અ/૧૦, દ્રુમપત્રક-૧)

અર્થાત્

'રાત્રીઓ વીતતાં વૃક્ષનું પાકેલું પાંદડું જે રીતે ખરી પડે છે, તે જ રીતે મનુષ્યનું જીવન એક દિવસ સમાપ્ત થઈ જાય છે. એટલા માટે હે ગૌતમ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.'

***આજના યુગમાં આપણે જિન ભક્તિ તો કરીએ છીએ પરંતુ નિજ વાણીને સાંભળીએ છીએ ખરા?***

પ્રસ્તુત શ્લોકમાં જીવનની નશ્વરતાને વૃક્ષનાં પાંદડાની ઉપમા વડે સમજાવવામાં આવી છે. નિર્યુક્તિકારે અહીં પાકેલાં પાંદડાં અને કૂંપળનો એક ઉદ્‌બોધક સંવાદ પ્રસ્તુત કર્યો છે. પાકેલાં પાંદડાએ કુમળા પત્રોને કહ્યું–એક દિવસ અમે પણ એવાં જ હતાં કે જેવાં તમે છો અને એક દિવસ તમે પણ તેવાં જ થઈ જશો જેવા હાલ અમે છીએ.

અનુયોગદ્વાર સૂત્ર-૫૬૧ (ઉત્તરાધ્યયન ગાથા : ૩-૮) માં આ કલ્પનાને વધુ સરસ રૂપ આપવામાં આવ્યું છે. પાકેલાં પાંદડાને ખરતાં જોઈ કૂંપળો હસી ત્યારે પાંદડાઓએ કહ્યું, 'જરા થોભો, એક દિવસ તમારા પર પણ એ જ વિતશે જે આજે અમારા પર વીતી રહી છે.'

પીપળ પાન ખરંતા, હસતી કૂંપળિયાં
મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડિયાં

જેવી રીતે ડીટાંમાંથી તૂટતાં પીળા પાંદડાએ કૂંપળોને મર્મની વાત કહી, તેવી જ રીતે પુરુષ યૌવનથી મત્ત બને છે તેમણે પણ આમ વિચારવું જોઈએ.

આગળ કહે છે-

न हु जिळे अज्ज दिस्सई
बहुमए दिस्सई मज्जदसिए
संपइ नेयाउए पहे
समयं गोयम! मा पमायणा।।

અર્થાત્

'આજ જિનો દેખાતા નથી, જે માર્ગદર્શકો છે, તેઓ એકમત નથી'–આગળની પેઢીઓને આ મુશ્કેલીનો અનુભવ થશે. પરંતુ હજુ મારી ઉપસ્થિતિમાં તને પાર લઈ જનાર પથ ઉપલબ્ધ છે. એટલા માટે હે ગૌતમ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.'

(દ્રુમપત્રક અ-૧૦/૨૧-ઉત્તરજ્ઝયણાણિ)

આમ પ્રમાદને ખંખેરી અને 'જિન' માર્ગે પ્રયાણ કરવું જ ઘટે. જીવનમાં ગુરુ-શરણ લઈએ એ ધન્યતાની વાત છે. પરંતુ એ ન ભૂલવું કે, ગુરુશરણથી 'જિન' પરત્વે થઈ અને 'નિજ'માં પ્રવેશી મરણને પણ મહોત્સવ બનાવવાનું છે. 'જિન'ની 'નિજ'માં અનુભૂતિ કરવાની છે. એ પરમાનંદનો અહેસાસ કરવાનો છે.

છે માનવી ઘણાં સંબંધ માત્ર એક છે.
છે નદી ઘણી, તેનું વહેણ માત્ર એક છે.
છે મિત્રો ઘણાં, વિશ્વાસુ મિત્ર એક છે.
છે દર્દ ઘણાં, રૂદન માત્ર એક છે.
છે દુઃખના દિવસો ઘણાં, સુખ રૂપ પ્રભુભક્તિ એક છે.
છે મૂર્તિઓ અનેક પરંતુ પરમતત્ત્વ એક છે.

આપણી આ જીવન યાત્રા રાગમાંથી વિરાગ તરફ ગતિ કરવાની છે. શોષક નહીં પોષક બનવાનું છે. મારક નહીં તારક બનવાનું છે. તો ચાલો 'જિનત્વ' – 'નિજત્વ'ના શબ્દવિપર્યાયને 'નિજ'માં ઢંઢોળીએ...

✷ ✷ ✷

અધ્યક્ષા : અનુસ્નાતક સંસ્કૃત વિભાગ શ્રી જે.એસ. પટેલ, પી. જી. સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઈન હ્યુ. આણંદ. સેલ : ૯૩૨૭૯૧૪૪૮૪.

## આવા દેશનેતા આજે મળશે?

એક વખત ગાંધીનગરના બંગલે તે વખતે બાબુભાઈ ગુજરાતના મુખ્ય પ્રધાન હતાં.

સ્વામિનારાયણ મંદિરમાં સભા હતી. મેં જોયું કે તેમના ચંપલ ફાટેલાં છે.

મેં કહ્યું, 'બાબુભાઈ, આ ચંપલ તો સાવ ફાટી ગયાં છે, એવા શું કામ પહેરો છો?'

મને જવાબ મળ્યો. 'એમાં વાંક ચંપલનો છે. એણે બે વર્ષ ચાલવું જોઈએ અને વહેલાં ફાટી જાય તો હું શું કરું?'

**–ડૉ. મોહનભાઈ પટેલ**

માજી શેરીફ, મુંબઈ

# અધ્યાત્મના ક – ખ – ગ

❑ મીરા ભટ્ટ

એક વાર વિનોબા પાસે રહેનારી અમે કેટલીક બહેનો વિનોબા-વિચાર-દર્શન સુવ્યવસ્થિત રૂપે સમાજ સામે વર્ષો સુધી પ્રસ્તુત થતું રહે એ દૃષ્ટિએ બધી સામગ્રીને કાગળ પર ટપકાવી વિનોબા પાસે ગઈ. એમને અમારું લખાણ વાંચવા આપ્યું. એ વાંચી ગયા અને પછી એ કાગળને બાજુ પર મૂકી થોડી વાર મૌન રહી ધીરગંભીર રીતે બોલ્યા, 'આ બધું તો ઠીક છે, પણ મુખ્ય ચીજ છે–જીવન !'...

તેજીને ટકોરો બસ હતો. સમજાઈ ગયું કે શાસ્ત્ર, વિચારધારા, ટર્મીનોલોજી, તત્ત્વદર્શન વગેરે એના સ્થાને ઠીક જ છે, પરંતુ આખરે એ બધું ગૌણ છે. મુખ્ય ચીજ છે, જીવન ! રોકડો, ખમખણતો સિક્કો છે, જીવન ! જીવનમાં જેટલો રણકાર ગુંજે તેટલું જીવન સાર્થક ! આખરે આપણે સૌ આ પૃથ્વી પર મનુષ્ય જીવન જીવવા આવ્યા છીએ તો આ માનવતાની તમામ સંભાવનાઓને જાણવી– સમજવી અને એને ચરિતાર્થ કરવી એ આપણો પ્રથમ સહજધર્મ છે. એક રીતે જોઈએ તો આપણે સૌ, જડ-ચેતન તમામ જીવો પૃથ્વી પર પરીક્ષામાં બેસવા માટે મોકલાવાયા છીએ. પ્રશ્નપત્રનો આપણો જવાબ આપણે જીવીને આપવાનો છે કે માનવજીવનની તમામ સંભાવનાઓને પ્રગટ કરવા આપણે કેટલો પુરુષાર્થ કર્યો ?

આખરે તો આ જીવન આપણું પોતાનું છે. આ જીવન કાંઈ કોઈ પાસેથી ઉછીનું-ઉધાર લીધું નથી. જગતકર્તા પાસેથી આપણને એ સીધેસીધું, વચ્ચે કોઈની પણ દરમ્યાગીરી વગર પ્રાપ્ત થયું છે. આપણું જીવન સ્વાયત્ત સાર્વભૌમ છે. એક બાજુ આ જીવનનો પૂરો ભોગવટો એ આપણો અધિકાર છે, તો બીજી બાજુ આ જીવનની ચરમ સાર્થકતા એ આપણું કર્તવ્ય છે. બધું માફ થાય, પણ જીવધારીની જીવન પ્રત્યેની બેજવાબદારી કે બેવફાઈ અક્ષમ્ય અપરાધ છે. જીવન એના પહેલાં શ્વાસ સાથે જ પોતાનો જીવનધર્મ લઈને આવે છે.

જીવન એ અનુભૂતિનું ક્ષેત્ર છે. અનુભવ જુદી ચીજ છે અને અનુભૂતિ જુદી ચીજ છે. અનુભવ માણસ પોતે કરે છે જ્યારે અનુભૂતિ એની મેળે થાય છે. ગોળ મીઠો છે, એ જાણવા ગોળ ચાખવાનો અનુભવ કરવો પડે, પરંતુ ભૂખ લાગી છે એ જાણવા કોઈ કાર્યક્રમ ન બનાવવો પડે. આખું બાળપણ એ આવી અનેક અનુભૂતિઓને પ્રગટ કરતી અવસ્થા છે. બાળકને ભૂખ લાગે છે, ઊંઘ આવે છે, એના હાથ-પગ સહજ ઉલળતા રહે છે, એ હસે છે, રમે છે, રડે છે–બધું જ સહજ રીતે આપોઆપ થતી ક્રિયા છે. ક્યાંય પ્રયાસ નથી, કરવાપણું નથી. એનું રૂદન પણ સહજ છે અને એનું સ્મિત પણ સહજ છે. બાળકનું કર્તાપણું શોધવા જાઓ તો ખૂબ મથવું પડે. જાડી ભાષામાં કહેવું હોય તો બાળકની સહજ-સ્વાભાવિક સ્થિતિ માત્ર 'હોવા'ની સ્થિતિ છે. અનંત ક્રિયાઓ થતી રહે છે, પણ કર્તા ગેરહાજર છે.

બાલ્યાવસ્થા પૂરી થાય છે અને અનુભવનું ક્ષેત્ર ખૂલે છે. બાળક ભૂલથી પણ આગને અડે છે એ દાઝવાનો અનુભવ મેળવે છે. તીખું તમતમતું મરચું ખાઈ જાય છે અને જીભ બળી ગયાનો અનુભવ પ્રાપ્ત કરે છે. જીવન ખૂલતું જાય છે અને અનેકાનેક વિવિધ અનુભવોનાં બારી-બારણાં ખૂલતાં જાય છે. ઘરઆંગણે ધૂળ-માટી સાથે રમવાથી માંડી કમ્પ્યુટરની સામે કલાકો ગાળવા સુધીના સંખ્યાબંધ નવા અનુભવો મેળવતો રહે છે. આમ નિતનવા અનુભવોમાંથી પસાર થઈ માણસ પાકટ બને છે.

પરંતુ જીવનના આ લાંબા ગાળા દરમ્યાન, વચ્ચે વચ્ચે સાવ અજાણી રીતે, કોઈ છેક અજાણી દિશામાંથી એને એક ઈશારો મળતો રહે છે. ભીતર કશાક સળવળાટની અનાયાસ અનુભૂતિ જાગે છે અને એને પ્રશ્ન થાય છે કે–આ બધું શું છે ? આખરે આ જીવન શું છે અને હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? મારે ક્યાં જવાનું છે ?

દુનિયામાં ભાગ્યે જ કોઈ અભાગિયો જીવ એવો હશે જેની ભીતર આ પ્રશ્ન ઊઠ્યો નહીં હોય ! સંભવ છે કે એણે આ અંતર્નાદને સાંભળ્યો ન હોય, અથવા સુણ્યો-નસુણ્યો કર્યો હોય, પરંતુ આ પ્રશ્ન જાગવાની અનુભૂતિ સ્વયંગત છે. કોઈના પ્રયાસ કે આશીર્વાદ થકી એ જાગતી નથી. એ આપોઆપ, ભીતરના જીવનના મહાસાગરના કોક કેન્દ્રમાંથી ઊઠતી લહર છે, જે અવિરત ઉછળી-ઉછળીને પૂછે છે–'તું અલ્યા કોણ ને, કોને વળગી રહ્યો !'

જીવન જીવતાં જીવતાં આ પ્રશ્ન ઊઠવો એ ઘટના માનવજીવનનાં અધ્યાત્મનાં બારણાં ખોલી આપે છે. મનુષ્ય આ પ્રશ્નનો જવાબ નકારાત્મક અભિગમથી, ચેકડા મારી મારીને આગળ વધી મેળવે છે. હું કોણ છું ? – તો હું પથ્થર તો નથી. માછલી-પશુ-પ્રાણી કે પંખી પણ હું નથી, કે આકાશ-ભૂમિ–ચાંદ-સૂરજ–તારા કશું જ હું નથી. તો પછી હું છું કોણ ?

અનુભૂતિનું ખેતર ખેડતાં ખેડતાં માણસ આગળ વધે છે–શું તારું આ શરીર એ 'તું' છું ? જે ગઈ કાલે તાજાં ફૂલ સમું ખીલતું, પ્રસન્ન અને આવતી કાલે કરમાઈને ચીમળાઈ ગયેલું વાસી ફૂલ–તે હું ? જો હું માત્ર દેહ ન હોઉં તો પછી આ દેહ મને શા માટે મળ્યો છે ? શું ખાવા-પીવા-ભોગ ભોગવવા કે સેવા કરવા ઉપરાંત પણ એનું કાંઈ પ્રયોજન છે ? આવી દીર્ઘ પ્રશ્નાવલિ જીવનની કોક પ્રકાશિત પળે પૂછી પાડે છે કે તો પછી આ બધા પ્રશ્નોના જવાબમાં ભીતરથી હોંકારો-નકારો

**'તું અલ્યા કોણ ને, કોને વળગી રહ્યો !'**

આપનાર કોણ છે ?

આપોઆપ આ પ્રશ્નનું જાગવું–તે અનુભૂતિ છે. એ ભીતરથી આપમેળે જાગેલી સ્વયંભૂ પ્રતીતિ છે. ભીતર કોઈક છે, કોઈક સાંભળનારું છે અને વળી ક્યારેક હોંકારો દેનારું પણ, અને તેથી ય આગળ ક્યારેક બોલનારું પણ! એથી ય અદકું તે આ કે જે હું ન જાણતો હોઉં તેને ય પકડી પાડે એવું ભીતરનું અંતર્યામી સ્વરૂપ–એ જ છે મારું સાચું સ્વરૂપ ?

બસ, આટલી પ્રતીતિ સાથે આરંભાય છે માણસની અધ્યાત્મ-યાત્રાની પ્રથમ પા-પા-પગલી! આ કાંઈ નાનીસૂની ઉપલબ્ધિ નથી! અંતર્યામીને પામવા માટેની આ પ્રારંભિક અંતરતર યાત્રા છે. જગતના ચોમેરથી આક્રમણ કરતા ઘોંઘાટ-શોરબકોર વચ્ચે ભીતરના આ સાવ ઝીણા હોંકારાને સાંભળી શકવું એ કેટલી મોટી સિદ્ધિ છે. આને હું અનુભવ નહીં, અનુભૂતિ કહું છું. પ્રાપ્તિ નહીં, ઉપલબ્ધિ કહું છું. એનું કારણ આ જ છે કે એમાં માનવીના પુરુષાર્થ કરતાં ય ઈશ્વરની કૃપાનું વજન વધારે છે. માણસ ઈશ્વરની કૃપાને લાયક થવા માટે જે પુરુષાર્થ કરવો પડે તે ભલે કરે! પણ અંતે તો આ અનુભૂતિ પ્રભુકૃપા રૂપે જ ભીતરથી ઉતરી આવે. પ્રાપ્તિ એ છે, જે માણસના પ્રયત્નો થકી પ્રાપ્ત થાય. જ્યારે ઉપલબ્ધિ એ પુરુષાર્થના પરિણામે અંતે આપોઆપ પરિણમતી પરિણતી છે.

ભીતરના આ અંતરતત્ત્વને જાણવાનો આરંભ એ માનવજીવનનો આગવો પુરુષાર્થ છે. શરીર તો પૃથ્વી પરનાં અન્ય તમામ જીવનધારીઓને મળ્યું છે. પરંતુ એ પ્રગટ શરીરની ભીતર અપ્રગટ એવું કોઈ અંતરતત્ત્વ પડેલું છે, એની અનુભૂતિની સંભાવના માનવદેહમાં અધિકાધિક છે. આ અનુભૂતિ વિરલ એટલા માટે છે કે એ દેહસ્થ હોવા છતાં, દેહરૂપ નથી. દેહથી પર એવા અંતસ્થ તત્ત્વને પામવા દેહને સાધન બનાવવું પડે છે. દેહની પૂજા સાધ્ય ન બને અને દેહ કેવળ આત્મપ્રાપ્તિનું સાધન બને એ માટેની સાધના કરવી–આ છે માનવની આધ્યાત્મિક સાધનાના કક્કો-બારાખડી.

અંતરાત્માનું આ જગત દેહાધિષ્ઠિત નથી. આત્માનું અધિષ્ઠાન દેહ નથી. આત્મા દેહમાં વસે છે, છતાં દેહથી પર છે. આત્મા પર અધિષ્ઠિત જગત એ માનવ જીવનના ઉર્ધ્વારોહણનું જગત છે. મનુષ્ય નતમસ્તક નથી, ઉન્નતમસ્તક છે, એટલે એના માટે આરોહણ એ જ જીવનચર્યા છે. આરોહણના આ એકેક પગથિયાં ચઢવા માટે અંતરસ્થ આત્મત્વ જ માર્ગદર્શકરૂપ બની શકે.

ગુરુદેવ રવીન્દ્રનાથે ગાયું કે-અંતર મમ વિકસિત કરો, અંતરતર હે!...

અંતરનો વિકાસ અંતરતર જ કરે! કેવી અદ્ભુત પ્રાર્થના! અત્યંત સરળ છે. અર્થ સમજાવવાની જરૂર નથી. આખું ગીત અત્યંત પથ-દર્શક છે. કવિ એકેક ડગલું આગળ ભરાવતાં કહે છે-

અંતર મમ વિકસિત કરો<br>
અન્તરતર હે!<br>
નિર્મલ કરો, ઉજ્જવલ કરો,<br>
સુન્દર કરો હે–અંતર.<br>
જાગ્રત કરો, ઉદ્યત કરો,<br>
નિર્ભય કરો હે,<br>
મંગલ કરો, નિરલસ<br>
નિઃસંશય કરો હે–અંતર<br>
યુક્ત કરો હે સબાર સંગે,<br>
મુક્ત કરો હે બંધ,<br>
સંચાર કરો સકલ કર્મે શાંત<br>
તોમાર છંદ–અંતર<br>
ચરણ પદ્મે મમ ચિત્ત<br>
નિષ્પંદિત કરો હે,<br>
નંદિત કરો, નંદિત કરો,<br>
નંદિત કરો હે–અંતર

ચિત્તની નિર્મળતાની સાધનાથી આરંભાતી આપણી આ અધ્યાત્મયાત્રાને ઠેઠ આનંદ-પરમાનંદના પરમ ધામે પહોંચવા કૃતસંકલ્પ થઈએ.

✷ ✷ ✷

૭૩, રાજસ્થંભ સોસાયટી,<br>
પોલો ગ્રાઉન્ડ પાસે,<br>
રાજમહેલ રોડ,<br>
વડોદરા-૩૯૦૦૧.

## શ્રી નવનીતલાલ રતનજી શાહ

આશાપુરા ગ્રુપ ઑફ ઇન્ડસ્ટ્રીઝના સ્થાપક, પૂર્વ ચેરમેન, જૈન અગ્રણી, આ સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના હિતેચ્છુ દાતા નવનીતભાઈનું તા. ૩૦ જૂનના ૮૮ વર્ષની ઉંમરે દેહાવસાન થયું.

શ્રી નવનીતભાઈનો પુરો પરિવાર આ સંસ્થાનો શુભેચ્છક છે. ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા પ્રસ્તુત થતી જૈન તીર્થંકરો અને પૂ. જૈન ગણધરોની કથા શૃંખલાનો આ સંસ્થાએ પ્રારંભ કર્યો ત્યારે એક કથાનું સૌજન્ય એઓશ્રીએ સ્વીકાર્યું હતું. તેમ જ 'પ્રબુદ્ધ જીવન' કોર્પસમાં રૂા. ત્રણ લાખનું અનુદાન આપી વીસ વર્ષના સૌજન્યની યોજના આ સંસ્થાએ પ્રસ્તુત કરી ત્યારે શ્રી નવનીતભાઈના સુપુત્ર શ્રી ચેતનભાઈ અને પુત્રવધૂ શ્રીમતિ દીનાબહેને આ રકમનું અનુદાન આપી ૨૦ વર્ષ માટે શ્રી નવનીતભાઈના સદ્ગત પત્ની અને પોતાના માતુશ્રી શ્રીમતી હીરાલક્ષ્મી નવનીતભાઈ શાહની સ્મૃતિ અર્થે આ અનુદાન આપ્યું હતું.

શ્રી નવનીતભાઈ અને પુત્ર ચેતનભાઈએ આપબળથી આશાપુરા ઉદ્યોગનું સામ્રાજ્ય સર્જ્યું છે. શ્રી નવનીતભાઈ બેન્ટોનાઈટ ઉદ્યોગના ભિષ્મ પિતામહ ગણાતા હતા. શ્રી નવનીતભાઈ વિશ્વ સાહિત્ય અને જૈન સાહિત્યના ઊંડા અભ્યાસી અને જાગૃત ચિંતક તેમ જ સાહિત્ય કલાના પ્રોત્સાહક હતા. એઓશ્રીની ફોટોગ્રાફીની સૂઝ પ્રશંસનીય હતી.

આવા ચિંતક અને પ્રેમાળ વ્યક્તિનું માત્ર દેહાવસાન જ થયું છે, પણ એમના સદ્ગુણોની સુગંધ તો અવિસ્મરણીય રીતે વિસ્તરતી રહેશે જ.

પ્રભુ આ ઉત્તમ આત્માને શાંતિ અર્પો.

**–ધનવંત શાહ અને**<br>
**શ્રી મું. જૈન યુવક સંઘ પરિવાર**

# વિદ્વાનો માટે એક મહત્ત્વનું કાર્યક્ષેત્ર

❑ આ. વિ. કલ્યાણબોધિસૂરિ

આપણી પરંપરામાં જિનાલયના નિર્માણ કરતાં જીર્ણોદ્ધાર કરાવવાનું ફળ આઠ ગણું માનવામાં આવ્યું છે. એક અપેક્ષાએ બાહ્ય આક્રમણોમાં જિનાલયની રક્ષા કરવાનું ફળ તેના કરતાં પણ અનેકગણું સિદ્ધ થાય છે. એ જ રીતે શાસ્ત્રસર્જન કરતાં પણ પ્રાચીન શ્રુતની રક્ષાનું વધુ ફળ, અને તેના કરતાં પણ બાહ્ય આક્રમણોમાં તેની રક્ષા કરવાનું વધુ ફળ છે. શ્રુતરક્ષા અનેક પ્રકારની હોય છે. પ્રાચીન અતિજીર્ણ હસ્તપ્રતિની પુનર્લેખન-પુનર્મુદ્રણ આદિ માધ્યમ દ્વારા શ્રુતરક્ષા કરવી, એ એક પ્રકાર છે. તેમ જિનાગમને નામે કે જૈનધર્મ અધ્યયનને નામે અસત્ પ્રરૂપણા કરવા દ્વારા સૈદ્ધાન્તિક વિડંબના કરતા અસત્ તત્ત્વોનો પ્રતિકાર કરવો, એ પણ શ્રુતરક્ષાનો એક પ્રકાર છે. શ્રીસંઘમાં પ્રથમ પ્રકારની શ્રુતરક્ષા માટે ઓછી-વત્તી જાગૃતિ પ્રવર્તે છે... પણ બીજા પ્રકારની શ્રુતરક્ષા માટે ? કદાચ આને શ્રુતરક્ષા કહેવાય કે આ પણ એક આવશ્યક કર્તવ્ય છે. એની પણ મોટા ભાગના લોકોને જાણ નહીં હોય, પરિણામ ? જૈન ધર્મ માટે ઠેક ઠેકાણે મનફાવતું લખાણ જોવા મળી રહ્યું છે.

એક ગ્રંથ તાજેતરમાં જોવામાં આવ્યો–ભારતીય સાહિત્ય કોષ. ત્રણ વોલ્યુમ ધરાવતા આ ગ્રંથમાં દાર્શનિક નિરૂપણમાં જૈન દર્શન માટે જે શબ્દોનો ઉપયોગ થયો છે, તે આ મુજબ છે–જૈન દર્શન એ નાસ્તિક દર્શન છે. વેદનિંદક હોવા છતાં પણ આ દર્શનનું અસ્તિત્વ આજે પણ છે. (મૂળ હિંદીથી અનુવાદિત)

એક બાજુ કરોડો અન્યધર્મીઓ જૈનોના દુશ્મન બને અને જૈન ધર્મનું અસ્તિત્વ સમાપ્ત થઈ જાય એવી ઈચ્છા ધરાવે એવી અસત્-અયથાર્થ પ્રરૂપણાઓ થતી હોય, અને બીજી બાજુ આપણે મહોત્સવો આદિમાં કે આપણી દૃષ્ટિના શાસનના અન્ય કાર્યોમાં વ્યસ્ત હોઈએ, એ કેવું ?

પ્રભુ વીરના સમવસરણમાં અગિયાર દિગ્ગજ બ્રાહ્મણો વેદોના સંશય લઈને આવ્યા હતા. ખુદ પ્રભુ વીરે એક પણ બ્રાહ્મણને એમ નથી કહ્યું કે તમે વેદપદોનો અર્થ બરાબર સમજ્યા નથી, માટે તમને શંસય થયો છે. હું તમને એવો સમ્યક્ અર્થ સમજાવું છું જેમાં શંસયનો કોઈ જ અવકાશ નથી. -वेयपयाणमत्थं न याणसि तेसिमो अत्थो।

પ્રભુ વીરની આ સમતા-સમન્વય-સહિષ્ણુતાપૂર્વક દૃષ્ટિને તથા જૈન ધર્મની ઔદાર્યાદિ અદ્ભુત વિશેષતાઓને જગતમાં પ્રસિદ્ધ કરવાની અને ખોટા પ્રચાર દ્વારા થતાં સ્વ-પરના અનર્થને રોકવાની આપણી જવાબદારી નહીં ?

એક અન્ય ગ્રંથ જોવામાં આવ્યો – Encyclopeadia of Jainism. મોટી સાઈઝના ત્રીસ વોલ્યુમમાં આ ગ્રંથ પથરાયેલો છે. એક ધંધાદારી સંસ્થાએ પ્રાયઃ એક અજૈન વ્યક્તિ દ્વારા લિખિત આ ગ્રંથનું પ્રકાશન કરેલ છે. ગુરુગમ વિનાનું લેખન ને ગીતાર્થોના માર્ગદર્શન-સંશોધનનો અભાવ. જોયા વગર પણ કલ્પના થઈ શકે, કે આ ગ્રંથમાં છબરડાઓની કેટલી ભરમાર હશે ? (સંપાદક-નાગેન્દ્રકુમાર સિંઘ, પ્રકાશક-અનમોલ પબ્લિકેશન્સ પ્રા. લિ. ૪૩૭૪/૪બી, અનસારી રોડ, દરિયાગંજ, નવી દિલ્હી-૧૧૦૦૦૨).

**_એક અપેક્ષાએ તીર્થરક્ષા આદિના 'કેસ' કરતાં પણ શ્રુતરક્ષા માટે છેલ્લા ઉપાય તરીકે આવો 'કેસ' કરવો પડે તે વધુ મહત્ત્વનો છે._**

આપણામાં એક માન્યતા એવી છે કે 'આપણે એ પ્રકારનું શુદ્ધ સાહિત્ય છાપવું.' પણ આપણે વધુમાં વધુ ૨૦૦-૫૦૦ નકલો કરાવીને આપણાં જ્ઞાનભંડારોમાં એ બધું ભંડારી દઈશું. જ્યારે ધંધાદારી સંસ્થાઓ દુનિયાના અનેકાનેક દેશોમાં એમના સાહિત્યનું વેચાણ કરતી હોય છે. અન્યથા એમને પ્રકાશન ખર્ચ જ ન પરવડે. વળી અનેકાનેક વિદ્વાનો એ સાહિત્યનો અભ્યાસ કરતા હોય છે કે કરવાના હોય છે.

ધારો કે આપણે પુરુષાર્થ કરીને તે તે દેશો સુધી ય આપણું સાહિત્ય પહોંચાડી દીધું, પણ એક જ દર્શન પર બે વિસંવાદી સાહિત્ય ઉપલબ્ધ હોય, એનાથી શું લાભ થશે ? એમની ભૂલો કોણ સુધારશે ? જૈન ધર્મ માટે મન ફાવે તેવું લખી દેનાર–છાપી દેનારનો કાન કોણ પકડશે ? આપણા સમુદાયના વડીલો માટે કોઈએ આડુ-અવળું લખ્યું–છાપ્યું હશે, તો આપણો તે તે સમુદાય કૂદી પડશે. 'મહાવીર'ના માટે કે જૈન ધર્મ માટે એલ-ફેલ પ્રરૂપણા થાય, માંસ-નિકાસ સાથે 'અરિહંત' નામ જોડવાની ક્રૂર મશ્કરીઓ થાય, તો કૂદી પડનાર કોણ ? છતી શક્તિએ આનો પ્રતિકાર ન કરાય, તો સમ્યગ્દર્શનની શુદ્ધિ કે સમ્યગ્દર્શનનું અસ્તિત્વ સંભવે ખરું ?

'ઈસ્લામ' માટે કોઈએ થોડું આઘું-પાછું છાપ્યું હતું, તેમના ધર્મગુરુના આદેશથી એનો આખો પ્રેસ બાળી નાંખવામાં આવ્યો. આટલું ઓછું હોય, તેમ એક મહિના સુધી રોજ છાપામાં માફીપત્ર આપવા દ્વારા તેની પાસે માફી મગાવડાવી, એ પણ એના પોતાના ખર્ચે. 'જૈન' માટે ગમે તેવું નિર્ભયતાપૂર્વક લખી શકાય, છાપી શકાય અને જગજાહેર કરી શકાય, તેમાં આપણી નિઃસત્ત્વતા અને નિષ્ક્રિયતાનો ઘણો મોટો ફાળો છો.

આપણા વિદ્વાનો તે તે સાહિત્યની સમાલોચના કરે. પ્રાચીન સંદર્ભો સાથે વ્યવસ્થિત રીતે સમગ્ર નોંધ તૈયાર કરે. લેખક-પ્રકાશક સુધી તે સમાલોચના

પહોંચાડવામાં આવે. છતાં ભૂલ ન સુધારે તો દબાણ કરાય, વિરોધ કરાય, કેસ કરાય... આવી એકાદ-બે ઘટનાથી લેખકો-પ્રકાશકો બધાં જ સતર્ક બની જાય. બરાબર અભ્યાસ કરીને લખે. લખ્યા બાદ આપણાં ગીતાર્થ-ગુરુ ભગવંતો પાસે તપાસાવે. અને પછી પ્રકાશન-પ્રસારણ કરે. આમાં જિનશાસનનું ગૌરવ વધે છે, સૈદ્ધાન્તિક ગેરસમજોની શક્યતા દૂર થાય છે. પ્રકાશકોના ખર્ચે અને તેમના જ વહીવટી તંત્ર દ્વારા જિનવાણીનો જગતમાં પ્રસાર થાય છે. આ રીતે જિનશાસનને અનેક રીતે લાભ થાય છે.

બધા લેખકોના દુશ્મનાવટનો આશય હોય એવું લાગતું નથી. ગુરુગમનો અભાવ, અર્થઘટનમાં ભૂલ, અલ્પબોધ વગેરેને કારણે એમની જે ક્ષતિઓ થઈ હોય, તેને શિષ્ટતાપૂર્વક સાક્ષીઓ સાથે બતાવવાથી તેઓ પ્રાયઃ સ્વીકારી લે. પ્રકાશકો પણ લેખકોને ટકોર કરે, કે તમે બરાબર લખો/ભૂલ ન કરો/ન સમજાય ત્યાં એમને પૂછો/ એ લોકો જે ક્ષતિઓ 'પ્રુફ સાથે' દેખાડે છે એ સુધારી લો-ઈત્યાદિ. છેવટે કેસ ચાલુ થવાની સાથે જ તે તે પ્રકાશન પ્રતિબંધિત-'બેન' થઈ શકે છે. આમ છેવટે પણ તેમને શરણે આવ્યા વિના છૂટકો જ નથી. એક અપેક્ષાએ તીર્થરક્ષા આદિના 'કેસ' કરતાં પણ શ્રુતરક્ષા માટે છેલ્લા ઉપાય તરીકે આવો 'કેસ' કરવો પડે તે વધુ મહત્ત્વનો છે.

માટે સર્જન-સંશોધન-સંપાદન આદિ કરતાં પણ વર્તમાન કાળાનુસારી આ શ્રુતરક્ષાનું કાર્ય અનેકગણું મહત્ત્વનું બની રહે છે. સક્ષમ વિદ્વાનો આ કાર્ય માટે આગળ આવે અને ગુરુ ભગવંતો યોગ્ય સંયમીઓ કે પંડિતોને આવા કાર્ય માટેની સક્ષમતા કેળવવા માટે પ્રોત્સાહિત કરે, તો ધર્મરક્ષા-સિદ્ધાન્તરક્ષા-શ્રુતરક્ષાનું અદ્‌ભુત કાર્ય સાકાર બની શકે. ✷ ✷ ✷

# ચતુર્વિધ વાક્

❑ ભાણદેવ

વેદ પ્રણીત સૃષ્ટિમીમાંસા પ્રમાણે આપણી આ સૃષ્ટિ પાંચ મહાભૂતોમાંથી બનેલી છે. આ પાંચ મહાભૂતો આ પ્રમાણે છે-આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી. આ પાંચ મહાભૂતોમાં આકાશ સૌથી સૂક્ષ્મ અને સૌમાં આદિ છે. આ પાંચ મહાભૂતો પાંચ તન્માત્રામાંથી પ્રગટ થાય છે. આ પાંચ તન્માત્રા આ પ્રમાણે છે-શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ. શબ્દમાંથી આકાશ, સ્પર્શમાંથી વાયુ, રૂપમાંથી અગ્નિ, રસમાંથી જળ અને ગંધમાંથી પૃથ્વી-આ પ્રમાણે પાંચ તન્માત્રાઓમાંથી પાંચ મહાભૂતો પ્રગટ થાય છે. જેમ પાંચ મહાભૂતોમાં આકાશ સૌથી સૂક્ષ્મ અને સૌમાં આદિ છે, તેમ આ પાંચ તન્માત્રાઓમાં આકાશની તન્માત્રા શબ્દ સૌથી સૂક્ષ્મ અને સૌમાં આદિ છે.

આ સર્વ સર્ગમીમાંસામાંથી ફલિત થાય છે કે આ પંચભૂતાત્મક સૃષ્ટિનું આદિ તત્ત્વ 'શબ્દ' છે. આ સૃષ્ટિ 'શબ્દ'માંથી પ્રગટ થઈ છે.

આ આદિ તત્ત્વ 'શબ્દ'ને 'વાક્' પણ કહેવામાં આવે છે. આ શબ્દ અર્થાત્ વાક્ માત્ર આદિ તત્ત્વ સ્વરૂપે સૃષ્ટિથી પરની અવસ્થામાં જ રહે છે, તેમ નથી. આ વાક્ સૃષ્ટિમાં વ્યક્ત પણ થાય છે.

આ સૃષ્ટિ પરબ્રહ્મ પરમાત્માની અભિવ્યક્તિ છે. આ અભિવ્યક્તિના અનેક સ્વરૂપો છે. આ અનેક સ્વરૂપોમાંનું એક સ્વરૂપ વાક્ પણ છે. પરાત્પર તત્ત્વમાંથી પ્રગટ થઈને આ વાક્ આપણી આ ભૌતિક સૃષ્ટિ સુધી પહોંચે છે. સ્વરૂપતઃ આ વાક્ પરમાત્માની અભિવ્યક્તિનું એક સ્વરૂપ છે. પરંતુ અભિવ્યક્તિના આ સ્વરૂપની આ એક ઘણી મહાન વિશિષ્ટતા પણ છે કે આ વાક્ અભિવ્યક્તિનું માધ્યમ પણ બની છે.

આપણાં માટે વાક્, જેને આપણે વાણી કહીએ છીએ તે માત્ર અભિવ્યક્તિ જ નથી, પરંતુ અભિવ્યક્તિનું એક ઘણું સમર્થ માધ્યમ પણ બની ચૂક્યું છે. માનવસૃષ્ટિ માટે 'વાક્' અભિવ્યક્તિનું એક માધ્યમ તો છે જ; પરંતુ માનવેતર સૃષ્ટિમાં પણ અભિવ્યક્તિના માધ્યમ સ્વરૂપે કોઈ ને કોઈ રૂપે 'વાક્' છે જ. મયૂરનો ટહુકાર અને સિંહની ગર્જના પણ વાક્‌નું જ એક સ્વરૂપ છે અને અભિવ્યક્તિનું એક માધ્યમ છે.

સમગ્ર સૃષ્ટિ વાક્ અર્થાત્ શબ્દમાંથી પ્રગટ થઈ છે—આ સિદ્ધાંતના અનેક શાસ્ત્રીય પ્રમાણો મળે છે.

૧. चत्वारि वाक् परिमिता तानि विदुर्ब्राह्मणा ये मनीषिणः।
गुहा त्रीणि निहिता नेङ्गयन्ति तुरीयं वाचो मनुष्या वदन्ति ।।

ऋग्वेद; १.१६४.४५

'બ્રહ્મજ્ઞાની મનીષીઓએ એમ જાણ્યું છે કે વાણીના ચાર સ્વરૂપો છે. તેમાંથી વાણીના ત્રણ સ્વરૂપો (પરા, પશ્યંતિ અને મધ્યમા) સામાન્યતઃ પ્રગટ થતા નથી. સામાન્ય મનુષ્યો વાણીના ચતુર્થ સ્વરૂપ (વૈખરી)ને જ બોલે છે.'

અહીં પરા આદિ વાક્‌ના ત્રણ સ્વરૂપોને અવ્યક્ત સૃષ્ટિના સ્વરૂપો કહેલ છે અને તેમાં પણ પરા તો સર્વમાં આદિ છે અને તદનુસાર જનક પણ છે.

૨. वागेव विश्वा भूवनानि जज्ञे।

-भर्तृहरि कृत वाक्पदीयच; १.११२

'આ વાક્ જ છે, જેણે આ સમગ્ર સૃષ્ટિની રચના કરી છે.'

૩. તંત્ર શાસ્ત્રમાં પણ એક સિદ્ધાંત તરીકે કહ્યું છે-

अर्थ स्रष्टेः पूर्वं शब्द सृष्टिः।

'પદાર્થોની સૃષ્ટિ પહેલાં શબ્દ સૃષ્ટિ છે.'

તંત્રશાસ્ત્રનો સિદ્ધાંત છે કે આ સમગ્ર સૃષ્ટિ 'આદિ સ્પંદ'માંથી

પ્રગટ થઈ છે. આ આદિ સ્પંદ તે જ પરાવાક્ છે. તદનુસાર પરાવાક્માંથી સમગ્ર સૃષ્ટિ પ્રગટ થાય છે.

૪. વૈદિક સૃષ્ટિમીમાંસા પ્રમાણે સૃષ્ટિ આદિ નાદ 'ઓમકાર'માંથી પ્રગટ થઈ છે. આ આદિ નાદ તે જ પરાવાક્ છે. આનો અર્થ એમ થયો કે સૃષ્ટિ નાદ અર્થાત્ પરાવાક્માંથી પ્રગટ થાય છે.

૫. આ બાઈબલનું વિધાન છે.

In the beginning was the word. and the word was with God and the word was god.

The New Testament; John; 1-1

'સૃષ્ટિના પ્રારંભમાં 'શબ્દ' હતો અને આ શબ્દ પરમેશ્વર સાથે હતો અને શબ્દ પરમેશ્વર હતો.'

આ વિધાન દ્વારા પણ શબ્દનું આદિત્વ સિદ્ધ થાય છે અને તેમાંથી સૃષ્ટિ પ્રગટ થઈ છે, તેમ સૂચવાય છે.

આધુનિક વિજ્ઞાન પણ હવે સ્વીકારે છે કે સમગ્ર ભૌતિક પદાર્થોના પાયામાં વિદ્યુત છે. વિદ્યુતને તેઓ ભૌતિક સૃષ્ટિનું આદિ તત્ત્વ માને છે. જો તેઓ એક સોપાન આગળ જશે અને વિદ્યુતથી પણ ગહન તત્ત્વની શોધ કરશે તો નિશ્ચિતપણે તેની સમક્ષ 'નાદ' પ્રગટ થશે, જે 'આદિવાક્' છે.

આદિ વાક્ તો સૃષ્ટિથી પણ પહેલાં છે. પરંતુ આ આદિ વાક્ આ સૃષ્ટિમાં અભિવ્યક્ત પણ થાય છે. અભિવ્યક્તિનું સ્વરૂપ અવ્યક્તમાંથી વ્યક્ત તરફ અને સૂક્ષ્મમાંથી સ્થૂળ તરફ છે. તદનુસાર વાક્નું આ આદિ સ્વરૂપ, સૂક્ષ્મતમ સ્વરૂપ અભિવ્યક્તિના ક્રમે વધુ ને વધુ સ્થૂળ સ્વરૂપ ધારણ કરે છે. તદનુસાર આ વાક્ના ચાર સ્વરૂપ બને છે.

૧. પરાવાક્

૨. પશ્યન્તી વાક્

૩. મધ્યમા વાક્

૪. વૈખરી વાક્

વાક્ શબ્દ માટે વાણી શબ્દનો પ્રયોગ થાય છે. તદનુસાર આ ચાર શબ્દોને પરાવાણી, પશ્યન્તી વાણી, મધ્યમા વાણી અને વૈખરી વાણી–આ રીતે પણ મૂકી શકાય છે.

**૧. પરાવાક્**

આપણાં આ પંચભૂતાન્તર્ગત આકાશથી પણ પાર એક પરમ આકાશ (પરમેવ્યોમન્) છે. આ પરમ આકાશમાં આદિ વાક્ છે, જે સર્વ વાણીનું બીજ છે. તેને જ આદિ સ્પંદ પણ કહેવામાં આવે છે. આ વાણી આપણા આ સ્થૂળ કાન દ્વારા સાંભળી શકાય તેમ નથી. કારણકે તે પરમ વ્યોમમાં પ્રતિષ્ઠિત છે અને આપણી આ ભૌતિક સૃષ્ટિમાં તે તે જ રૂપે અભિવ્યક્ત થઈ નથી.

'પરા' શબ્દનો અર્થ થાય છે–જે સર્વને અતિક્રમીને રહેલ છે તે. આનો અર્થ એમ કે આ ભૂમિકાના કોઈ પણ તત્ત્વને કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો, મન, બુદ્ધિ કે આપણા જ્ઞાનના કોઈપણ કરણ દ્વારા પામી શકાય તેમ નથી. તેથી જ તે પરા (Trancendental) અથાત્ પારગામી (Beyond) કહેવાય છે.

આ પરાવાક્ વાણીનું મૂળ સ્વરૂપ છે.

આમ છતાં આ પરાવાક્માં કોઈ પણ પ્રકારની ગતિ કે સ્પંદ નથી, તેમ ન કહી શકાય, કારણ કે જો તે સ્પંદહીન હોય તો તેને વાક્ ન કહી શકાય. એટલું નિશ્ચિત કે આ આ પરાવાક્ આદિ સ્પંદ છે અને આપણાં સામાન્ય જ્ઞાનકરણો માટે સર્વથા અગમ્ય છે.

આ આદિ સ્પંદમાં સ્પંદ હોવા છતાં આ સ્પંદે હજુ વાણીનું સ્વરૂપ ધારણ કર્યું નથી. તેથી જ તેને વાણીનું બીજ ગણવામાં આવે છે.

**૨. પશ્યન્તી વાક્**

ઉપરથી નીચે અભિવ્યક્ત થતી પરાવાક્નું આ દ્વિતીય સોપાન છે.

નામ પરથી જ સૂચિત થાય છે કે આ પશ્યન્તી વાક્ને સાંભળી ન શકાય, પરંતુ જોઈ શકાય છે. તેનું દર્શન શક્ય છે, પરંતુ શ્રવણ શક્ય નથી. તેથી જ તો તેને પશ્યન્તી વાક્ કહેવામાં આવે છે.

ઋષિઓએ વેદના મંત્રોની રચના કરી નથી. તેમણે વેદના મંત્રોનું દર્શન કરેલ છે.

ઋષિ કોણ છે ?

ઋષયઃ મંત્રદ્રષ્ટાઃ।

'જે મંત્રોનું દર્શન કરે તે ઋષિ છે.' તદનુસાર પ્રત્યેક મંત્રના ઋષિ અર્થાત્ દૃષ્ટા હોય છે, રચયિતા નથી. મંત્રો તો અસ્તિત્વની એક ગહન અને રહસ્યપૂર્ણ ભૂમિકામાં અવસ્થિત છે જ. ત્યાં પહોંચીને ઋષિ મંત્રના દર્શન કરે છે અને દર્શન કરીને તેને અભિવ્યક્ત કરે છે. આમ વેદના મંત્રો તેના મૂળ સ્વરૂપે પશ્યન્તી વાક્ છે, કારણકે ઋષિઓએ તેમનું દર્શન કર્યું છે.

વેદના મંત્રોની જેમ ઓમ્કાર–ॐ, ऐं, क्लीं, ह्रीं આદિ બીજમંત્રો પણ દર્શનથી પ્રાપ્ત થયેલ છે અને તેમના મૂળ સ્વરૂપે પશ્યન્તી વાક્ છે.

**૩. મધ્યમા વાક્**

'મધ્યમા' શબ્દનો અર્થ થાય છે વચ્ચેની (Middle). આ વચ્ચેની એટલે કોની વચ્ચેની. એક બાજુ પરા-પશ્યન્તી જેવી ઉચ્ચ કોટિની વાક્ છે અને બીજી બાજુ વૈખરી જેવી સાવ સ્થૂળ અર્થાત્ નિમ્ન કોટિની વાક્ છે. આ બંને વચ્ચેની અવસ્થાની વાક્ (વાણી)ને મધ્યમા વાણી કહેવામાં આવે છે.

પરંતુ તો પણ પ્રશ્ન તો રહે જ છે કે મધ્યમા વાક્ એટલે શું ? વાક્ના કયા સ્વરૂપને મધ્યમા કહેવામાં આવે છે.

જ્ઞાની પુરુષોની વાણી આ મધ્યમા વાણી છે. રમણ મહર્ષિ કે શ્રી અરવિંદ જે લખે છે કે બોલે છે, તે મનોમય ભૂમિકામાંથી નહિ, પરંતુ તેનાથી ઉપરની ભૂમિકાથી આવે છે. આ વાણી પશ્યન્તી

*ઋષિ મંત્રના દર્શન કરે છે અને દર્શન કરીને તેને અભિવ્યક્ત કરે છે.*

અર્થાત્ આર્ષવાણી નથી અને છતાં આપણી મનોમય સ્વરૂપની વૈખરી વાણીથી ઘણી ઊંચી કક્ષાની વાણી છે.

વૈખરી તો મન અને જીભનો બબડાટ છે. પશ્યન્તી ઋષિનું આર્ષદર્શન છે અને રમણ મહર્ષિ, શ્રી અરવિંદ આદિની વાણી તેમની વચ્ચેની વાણી છે, જ્ઞાની પુરુષોની વાણી છે, પરંતુ આર્ષવાણી નથી. તદનુસાર તેમની કે તેમના જેવી વાણીને મધ્યમા વાણી કહેવામાં આવે છે.

શબ્દો દ્વારા વ્યક્ત થાય ત્યારે તો પશ્યન્તી અને મધ્યમા પણ વૈખરીના માધ્યમથી જ વ્યક્ત થાય છે, પરંતુ તેમના મૂળ પશ્યન્તી કે મધ્યમા ભૂમિકામાં છે, તેમ સમજવું જોઈએ. મધ્યમા વાક્ બુદ્ધિથી ઉપરના ક્ષેત્રમાંથી આવે છે, પરંતુ તેની અભિવ્યક્તિ બુદ્ધિ દ્વારા થાય છે.

**૪. વૈખરી વાક્**

વાણીનું ચતુર્થ અને સૌથી સ્થૂળ સ્વરૂપ તે વૈખરી વાક્ છે.

આપણે જે બોલીએ છીએ, લખીએ છીએ, વાંચીએ છીએ, સાંભળીએ છીએ તે વૈખરી વાક્ છે.

વૈખરી એટલે ભાષાનું નિંદનીય કે હલકું સ્વરૂપ તેમ સમજવાનું નથી. આપણાં કક્કા, બારાખડીના સ્વરો અને વ્યંજનોની રચના દ્વારા આપણે જે ભાષાની રચના કરીએ છીએ, વિનિયોગ કરીએ છીએ તે વાણીનું સૌથી અભિવ્યક્ત સ્વરૂપ છે અને તેને વૈખરી કહેવામાં આવે છે.

વૈખરી સર્વજનસુલભ અને સર્વજનવિદિત છે. વૈખરીની મનુષ્યને મુખે થતી અભિવ્યક્તિ બહુલતા અને વૈવિધ્યયુક્ત છે. સામાન્યતઃ બહુજનસમાજ તો વૈખરીમાં જ રચ્યાપચ્યા રહે છે, કારણ કે તેમની પાસે આ એક જ માધ્યમ ઉપલબ્ધ છે. વૈખરીના સ્વરૂપને વ્યક્ત કરતાં આ વિધાન 'वक्त्रे तु वैखरी' દ્વારા વૈખરીનું સ્વરૂપ સ્પષ્ટતઃ સમજાય છે.

ઋગ્વેદના આ મંત્ર चत्वारिवाक् (૧૦-૧૬૪-૧૦) થી પ્રારંભીને ભર્તૃહરિ, નાગેશ ભટ્ટ આદિ સૌએ વાક્‌ના ચાર પ્રકારનો નિર્દેશ કર્યો છે.

માનવશરીરમાં આ ચાર વાક્‌ના સ્થાનોનો નિર્દેશ પણ થયો છે. તદનુસાર...

(૧) પરાવાક્ માનવદેહના મૂલાધાર ચક્રમાં કે જ્યાં કુંડલિની શક્તિનો નિવાસ છે, અવસ્થિત છે.

(૨) પશ્યન્તી વાક્ નાભિસ્થાનમાં અવસ્થિત છે અર્થાત્ મણિપુર ચક્રમાં છે.

(૩) મધ્યમાં હૃદયમાં અર્થાત્ અનાહતચક્રમાં અવસ્થિત છ.

(૪) વૈખરી વાક્ માનવદેહના કંઠદેશમાં અવસ્થિત છે.

આ ઉપરાંત આ ચાર સ્વરૂપની વાક્‌ને માનવ ચેતનાની ચાર અવસ્થાઓ સાથે પણ જોડવામાં આવે છે.

(૧) વૈખરી જાગ્રત અવસ્થાની વાક્ છે.

(૨) મધ્યમા સ્વપ્નાવસ્થાની વાક્ છે.

(૩) પશ્યન્તી સુષુપ્તાવસ્થાની વાક્ છે.

(૪) પરા તુરીયાવસ્થાની વાક્ છે.

વળી આ ચાર વાક્‌નો સંબંધ માનવીના ચાર શરીર સાથે પણ જોડવામાં આવે છે.

(૧) વૈખરી વાક્ સ્થૂળ શરીરમાં અવસ્થિત છે.

(૨) મધ્યમા વાક્ સૂક્ષ્મ શરીરમાં અવસ્થિત છે.

(૩) પશ્યન્તી વાક્ કારણ શરીરમાં અવસ્થિત છે.

(૪) પરાવાક્ મહાકારણ શરીરમાં અવસ્થિત છે.

**સમાપન**

સૃષ્ટિનું સ્વરૂપ એવું છે કે અભિવ્યક્તિની પ્રક્રિયા પ્રમાણે તે સૂક્ષ્મમાંથી સ્થૂળ તરફ ગતિ કરે છે. સૃષ્ટિની આ પ્રક્રિયામાં અનેક તત્ત્વો અભિવ્યક્ત થઈ રહ્યા છે. વાક્ તત્ત્વ પણ આવું જ એક મૂલ્યવાન તત્ત્વ છે અને આ વાક્ તત્ત્વ પણ અભિવ્યક્ત થયું છે અને અભિવ્યક્ત થઈ રહ્યું છે.

પરા વાક્→પશ્યન્તી વાક્→મધ્યમા વાક્→વૈખરી વાક–આ પ્રમાણે વાક્‌ની અભિવ્યક્તિ સિદ્ધ થઈ છે.

ભારતીય પરંપરામાં નાદાનુસંધાન એક મૂલ્યવાન અધ્યાત્મ સાધના છે.

નાદાનુસંધાન–આ વાક્‌ના માધ્યમથી થતી સાધના છે. અભિવ્યક્તિનો ક્રમ પરાથી વૈખરી તરફ છે. પરંતુ નાદાનુસંધાનના સાધનાક્રમમાં આ ક્રમ વિપરીત છે. અર્થાત્ વૈખરીથી પ્રારંભ કરીને પરા તરફ જવાનું છે. નાદાનુસંધાન સાધનામાં પ્રારંભનો નાદ વધુ ને વધુ સૂક્ષ્મ બનતો જાય છે અને આ નાદના અનુસંધાન દ્વારા સાધક પરાવાક્‌ના પ્રદેશમાં અર્થાત્ તુરીયાવસ્થા સુધી પહોંચે છે અને તે જ તો સિદ્ધ કરવાનું છે.

આનો અર્થ એમ થયો કે આ વાક્‌ના માધ્યમથી પણ આધ્યાત્મિક વિકાસ સિદ્ધ કરી શકાય છે અને તે જ છે–નાદાનુસંધાન સાધના.

પ્રણવોપાસનાના ચાર તબક્કા છે.

(૧) વાચિક જપ

(૨) ઉપાંશુ જપ

(૩) માનસ જપ

(૪) નાદ શ્રવણ

આ નાદ શ્રવણની અવસ્થા તે જ પશ્યન્તી વાક્‌ની અવસ્થા છે અને ત્યાંથી નાદાતીત અવસ્થામાં પ્રવેશ પામવાનો છે, જે પરાવાક્‌નો પ્રદેશ છે.

✶✶✶

સરસ્વતી નિકેતન આશ્રમ, કુમાર છાત્રાલય પાસે, જોધપર (નદી),
વાયા મોરબી-૩૬૩૬૪૨.
મોબાઈલ : ૦૯૩૭૪૪૧૬૬૧૦.

# જૈનદર્શનમાં 'ઉપયોગ'નું મહત્ત્વ

❑ ગુણવંત બરવાળિયા

ઉપયોગ એ જૈનદર્શનનો પારિભાષિક શબ્દ છે. જ્ઞાન એ આત્માનો ગુણ છે. આ આત્માના જ્ઞાન ગુણનું પ્રવૃત્તિરૂપમાં પરિણમન થવાને ઉપયોગ કહે છે.

'ઉપ' એટલે સમીપ અને 'યોગ' એટલે જ્ઞાનદર્શનનું પ્રવર્તન. આનો સરળ અર્થ એ થાય કે જેના વડે આત્મા જ્ઞાનદર્શનનું પ્રવર્તન કરવાની અભિમુખતાવાળો થાય એવો જે ચેતનાનો વ્યાપાર છે તેને ઉપયોગ કહેવાય છે.

શ્રી ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થ સૂત્રના બીજા અધ્યયનમાં જીવનું લક્ષણ બતાવતા કહ્યું છે કે - उपयोगो लक्षणम् - ઉપયોગ એ જીવનું લક્ષણ છે.

જ્ઞાન અને દર્શન એ આ ઉપયોગના જ બે પ્રકાર છે. જે ઉપયોગ સાકાર એટલે વિશેષતાવાળો હોય તે જ્ઞાન કહેવાય અને જે ઉપયોગ અનાકાર એટલે સામાન્ય પ્રકારનો હોય તેને દર્શન કહેવાય.

આપણી હજી યોગની પ્રવૃત્તિ છે. યોગની પ્રવૃત્તિ પૂરી થયા પછી એકલો ઉપયોગ કામ કરશે. યોગની પ્રવૃત્તિ બદલવી તે સાધના નથી, ઉપયોગ બદલાય તે સાધના છે.

જ્ઞાન અને દર્શન એ તો જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી કે ક્ષયથી વર્તતી જીવની જ્ઞાન અને દર્શનલબ્ધિ છે, પરંતુ પોતાની એ લબ્ધિને લબ્ધિવંત જીવ જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ દ્વારા જ્યારે પ્રકાશિત કરે છે ત્યારે જ તે જ્ઞેય પદાર્થને જાણી શકે છે. શક્તિ હોવા છતાં ઉપયોગ વિના પદાર્થને જાણી દેખી શકાય જ નહિ. આ જ્ઞાન અને દર્શનની લબ્ધિ વડે વર્તતા પ્રયત્નને જ ઉપયોગ કહેવાય છે.

એક સમયે તો એક જીવને એક જ જ્ઞેય વસ્તુ યા વિષય પ્રત્યેનો ઉપયોગ હોઈ શકે છે. એક સમયે ક્રિયાની વિવિધતા હોઈ શકે, પણ ઉપયોગ તો એકમાં જ વર્તે છે. એકીસાથે બે વસ્તુમાં આપણો ઉપયોગ રહી શકતો નથી.

કોઈ પણ જીવ કોઈ પણ કાળે ઉપયોગ રહિત તો હોઈ શકે જ નહિ. એક યા અન્ય જ્ઞેય વિષય પ્રત્યે ઉપયોગ તો દરેક જીવને વર્તતો જ રહે છે. વિષયાંતર થવામાં ઉપયોગનું પરિવર્તન કે પલટો ભલે થતો રહે, પરંતુ એક યા બીજી રીતે ઉપયોગનું અસ્તિત્વ તો પ્રત્યેક સમયે જીવમાં વર્તતું જ રહે છે.

કોઈ 'અનુપયોગ દશા' એવા શબ્દનો ઉપયોગ કરે એનો અર્થ એ નથી થતો કે તે સમયે જીવની દશા તદ્દન ઉપયોગ રહિત છે, પરંતુ જે વસ્તુ અથવા વિષમ અંગેના ઉપયોગની જ જે સમયે જરૂર હોય તે સમયે તે વસ્તુ અથવા તે વિષયને છોડી અન્ય વસ્તુ અથવા વિષયમાં જીવનો ઉપયોગ ચાલ્યો જાય ત્યારે વિવક્ષિત વસ્તુ અંગેની જીવની અનુપયોગ અર્થાત્ લક્ષરહિત દશા વર્તે છે તેને ઉપયોગશૂન્યતા પણ કહી શકાય.

ઉપયોગ, અશુદ્ધ કેમ થાય છે? તે અંગે જ્ઞાનીજન સમજાવે છે કે -

ઉપયોગ, એ તો આત્માનું લક્ષણ હોવાથી સ્વપર વસ્તુનો બોધ થવા રૂપ છે, પરંતુ તેમાં ઈષ્ટપણા અને અનિષ્ટપણારૂપ વિભાવ જ પરવસ્તુના સંગથી થયેલ અનાદિ પરંપરાજન્ય અશુદ્ધતા છે.

જીવને રસ, રૂપ, ગંધ આદિ વર્ણનું જ્ઞાન થવાથી કંઈ ઉપયોગની મલિનતા થતી નથી, પરંતુ વર્ણાદિ વિષયમાં ઈષ્ટપણું અને અનિષ્ટપણું થવાથી ઈષ્ટ વિષયમાં રાગ અને અનિષ્ટ વિષયમાં દ્વેષ તથા રાગદ્વેષ અંગે વર્તતું અજ્ઞાન (મોહ) જ ઉપયોગમાં અશુદ્ધતા ઉત્પન્ન કરે છે. માટે જ ગીતાર્થ ગુરુભગવંતો આપણને રાગદ્વેષ (મોહ)ને કારણે થતી આત્મહાનિ અંગે સતત સાવધ કરતા રહે છે.

જૈનદર્શને વિશ્વને છ દ્રવ્યોનું વર્ગીકરણ આપ્યું–જીવ, અજીવ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. છેલ્લા ચાર જડ અરૂપી હોવાથી ઈન્દ્રિયગમ્ય નથી.

વિશ્વ, જીવ-અજીવ એટલે ચેતન-જડથી ભરેલ છે. જડમાં પાંચમું તે પુદ્ગલ છે, જેને વૈજ્ઞાનિકો Matter (મેટર) કહે છે.

જૈનદર્શન કહે છે કે સમસ્ત સૃષ્ટિ, જીવ અને પાંચ અજીવ પૈકીના પાંચમા અજીવ પદાર્થ પુદ્ગલના વિવિધ અણુ યા અણુસમૂહ સ્વરૂપ વિવિધ વિભાગોથી ભરપૂર છે. દૃશ્ય જગત તો વિવિધ અણુસમૂહ સ્વરૂપ પુદ્ગલનું જ બનેલું છે. તેવી રીતે આધુનિક વિજ્ઞાન પણ જણાવે છે કે 'સમસ્ત સૃષ્ટિ વીજળીમય છે' અને પ્રત્યેક પદાર્થ તે વીજળીના કણ, વીજળીના તરંગોથી ભરેલાં છે. માનવશરીર એક Powerhouse–વિજળીઘર છે.

વિજ્ઞાન તો માત્ર જડ પદાર્થ સ્વરૂપ Electricity–વીજળી સુધી જ પહોંચ્યું છે. અહીં વીજળી એ એક પૌદગલિક શક્તિરૂપ છે. જ્યારે જૈનદર્શને આત્મિક શક્તિરૂપ વીજળીનું પણ સ્પષ્ટ અને વિશદ વર્ણન કર્યું છે.

જૈનદર્શન કહે છે આત્મિક વીજળીનો કરન્ટ અદૃશ્ય શક્તિ વડે સંકલ્પના સ્પંદનથી અખંડ વિચારધારાના વાયરો દ્વારા (તાર દ્વારા) લક્ષપર્યંત લાગુ થાય તેને ઉપયોગ યા લક્ષ કહેવાય. એ રીતે વર્ણવતા ઉપયોગના કારણે, તે સમયે ઈન્દ્રિય પ્રત્યક્ષ વર્તતા પદાર્થ અંગે અગર પૂર્વે અનુભવેલ પ્રત્યક્ષતાની સ્મૃતિરૂપ પદાર્થ અંગે આત્મા પોતે વિવિધ

લાગણીઓમાં વર્તી પોતાની બુદ્ધિ અને વિવેક અનુસાર પોતાના હિતાહિતનું યા ગ્રહણ યા ત્યાગનું લક્ષ નિર્ણીત કરી રહે ત્યારે તે નિર્ણતાને ભાવના કહે છે.

અહીં ભાવના પરિણામ અને પ્રવૃત્તિમાં ઉપયોગનું અનુસંધાન તો હોય જ છે. આત્મિક વિદ્યુત કરન્ટના જોડાણ વિના ભાવના પરિણામ અને પ્રવૃત્તિ સંભવે જ નહિ. જડ અને ચેતન પદાર્થની ભિન્નતાનું કારણ એ જ છે. જ્યાં ઉપયોગ હોય ત્યાં જ ચેતન (જીવ) છે જ્યાં ઉપયોગ નથી ત્યાં ચેતન નથી જડ છે.

ઉપયોગ એ જૈન પારિભાષિક શબ્દ હોવાથી કેટલાકને તેની સમજ હોતી નથી. લૌકિક ભાષાના ધ્યાન, એકાગ્રતા, તન્મયતા, લક્ષ રાખવું, ભાન રાખવું, Concentration–ધ્યાન રાખવું. આ શબ્દો ઉપયોગ સૂચક જ છે. અમુક કાર્ય કરવા બહાર નીકળનાર વ્યક્તિ તેમાંથી કાંઈ કામ વિસરી જાય, ભૂલી જાય કે અધૂરું કરે ત્યારે તેને ભાન વિનાનો કહે છે. અહીં ભાન ભૂલી જવું તે જ ઉપયોગશૂન્યતા કહેવાય છે.

પ્રકંપિત વીર્ય દ્વારા જ આત્મામાં નવા નવા કર્મનો બંધ થતો જ રહે છે, પરંતુ તે સમયે કર્મનું શુભાશુભરૂપે ઉત્પન્ન થતું પરિણમન તો તે સમયે વર્તતા જીવના ઉપયોગના જ આધારે છે, કેમ કે ઉપયોગ વિના વીર્ય સ્ફૂરિત થઈ શકતું નથી માટે કર્મનું શુભાશુભપણું ઉપયોગના આધારે જ થાય છે. આ ઉપયોગની પ્રવૃત્તિ જ્યારે શુભ કાર્યમાં હોય ત્યારે શુભ ઉપયોગ કહેવાય. અશુભ કે અશુદ્ધ ભાવે પ્રવૃત્તિ હોય ત્યારે અશુભ ઉપયોગ કહેવાય.

સાધના ક્ષેત્રમાં ઉપયોગ વિનાની ક્રિયા એકડા વગરના મીંડા જેવી છે. ઉપયોગ એ સંચિત શક્તિનો વપરાશ છે. જે શક્તિનો વેડફાટ ઇંદ્રિય જગતમાં થઈ રહ્યો છે તે શક્તિને આત્મા તરફ વાળી તે ઉપયોગ છે. શ્રુતજ્ઞાનનું આપણા ઉપયોગમાં રૂપાંતર થાય તો જ તે આપણા માટે ઉપકારી બની શકે છે.

ધર્મધ્યાન પ્રવૃત્તિ શુભ ઉપયોગ, વિષયવાસના ઈન્દ્રિયોના વિષયની પ્રવૃત્તિ અશુભ ઉપયોગ. શુભ ઉપયોગ પ્રવૃત્તિથી દેવ અને મનુષ્યગતિ મળે. અશુભ ઉપયોગથી તિર્યંચ કે નરકગતિનાં કર્મ બંધાય. તીવ્ર ક્રોધ આદિ રૌદ્રધ્યાન તે અશુદ્ધ ઉપયોગ છે. શુભ, અશુભ અને અશુદ્ધ ઉપયોગ ઉપરાંત ચોથો શુદ્ધ ઉપયોગ છે. સહજ સ્વરૂપથી નિર્વિકલ્પ સ્વરૂપમાં પરિણમિત રહેવાની સ્થિતિ તે શુદ્ધ ઉપયોગ છે. શુદ્ધ ઉપયોગની પ્રવૃત્તિમાં કર્મ નિર્જરા થઈ શકે અને મોક્ષપ્રાપ્તિનો માર્ગ સહજ બને છે.

મનોયોગના સંદર્ભે ઉપયોગનો વિચાર કરીએ તો મનની વિચારશુદ્ધિ જ આપણા ઉપયોગને શુભમાંથી શુદ્ધ તરફ લઈ જશે.

ઉપયોગની શુદ્ધતાથી આધ્યાત્મિક ક્ષેત્રે આત્મિક ઉત્થાન અને વિશ્વશાંતિ છે, જ્યારે ઉપયોગની અશુદ્ધતાએ આત્મિક પતન, વિશ્વમાં વેર, ઝેર, ઈર્ષા, ઝઘડા અને યુદ્ધો સર્જાય છે. વળી, ઉપયોગની અશુદ્ધતા તે માનસિક વિચારોની મલીનતાને કારણે હોઈ અજ્ઞાનના વિકૃત વિચારોથી માનવીનાં બાહ્ય શરીરમાં પણ વિવિધ રોગો ઉત્પન્ન થાય છે. માટે આપણે વિચારશુદ્ધિ ટકાવી રાખવા લક્ષ આપવું જરૂરી છે.

**સદ્‌શાસ્ત્રોનું વાંચન, આધ્યાત્મિક અનુષ્ઠાનોમાં પ્રવૃત્ત અને સદ્‌ગુરુનો સત્સંગ આપણી વિચારશુદ્ધિને ટકાવી રાખશે.**

શુદ્ધાપયોગાર્થી જીવે સદા જાગૃતિ રાખવી કે વર્તમાન સમયે હું પૌદ્‌ગલિક પરિણામોનો ગ્રાહક છું કે નિજ પરિણામ આત્મધર્મનો ગ્રાહક છું ? વળી, ચિંતવવું કે ઈન્દ્રિયજન્ય સુખથી હું નિવૃત્તિ ઇચ્છું છું અને મારી ગ્રાહકતા અને રમણતા પરગુણ પર્યાયથી સ્વગુણપર્યાયની બને. હું આત્મિક શક્તિને ચાહું છું. ચેતનશક્તિને ફોરવવા ઈચ્છું છું. આ જાતનું ચિંતન અને જાગૃતિ સેવવાથી આપણા શુભ ઉપયોગની યાત્રા ક્રમે ક્રમે શુદ્ધ ઉપયોગની વૃત્તિ તરફ થશે.

વિશ્વમાં ચોતરફ ભોગ-ઉપભોગની સંસ્કૃતિનો વિસ્તાર થઈ રહ્યો છે, જ્યારે જૈન ધર્મની શ્રમણ સંસ્કૃતિએ વિશ્વને ઉપભોગ નહિ, પણ ઉપયોગની સંસ્કૃતિની ભેટ આપી છે. રોજબરોજના વહેવારુ જીવનમાં ભોગ-ઉપભોગમાં સંયમ જીવને શુભ ઉપયોગ તરફ લઈ જશે. નિશ્ચયે શુભ ઉપયોગ સાધકને શુદ્ધ ઉપયોગ તરફ લઈ જશે અને આ શુદ્ધ ઉપયોગ જ જીવને શિવ સુધીની યાત્રા કરાવશે.

✷ ✷ ✷

સ્મિત એપાર્ટમેન્ટ, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.
મોબાઈલ નં. 9820215542. Tele. : 022-25010658

## મહાવીર વંદના

વિદ્યાબેન મહાસુખલાલ શાહ (ખંભાતવાળા)ના અનુદાનથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પ્રેમપુરી આશ્રમમાં 'મહાવીર વંદના'નું આયોજન કર્યું હતું. તેની ઑડીયો C.D. વિના મૂલ્યે મળશે.

જેમને આ ઑડીયો C.D. જોઈતી હોય તેઓએ નીચેના સરનામે ફોન કરી મેળવી લેવા વિનંતી. કુરિયર કરવામાં નહીં આવે :

શ્રી કમલેશભાઈ શાહ

વિરલ જ્વેલર્સ, ૯૨૫ પારેખ માર્કેટ, ઓપેરા હાઉસ,

મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટેલિફોન :૨૩૮૬૩૮૨૬. મોબાઈલ : ૯૮૨૧૯૩૨૬૯૩.

સુંદર ભક્તિ ગીતો ધરાવતી આ ઑડીયો C.D. ઘરે વસાવી રાખવા જેવી છે તો સર્વેને આ લાભ લેવા વિનંતી.

શ્રી કમલેશભાઈના સહકારથી આ કાર્યક્રમ તા. ૨૫-૪-૨૦૧૫ના યોજાયો હતો. આ કાર્યક્રમમાં શ્રીમતી ઝરણા વ્યાસ અને એમના સાથીઓએ ભાવવાહી ભક્તિ સંગીતો પ્રસ્તુત કર્યા હતા.

# ભાવ-પ્રતિભાવ

(૧)

'પ્રબુદ્ધ જીવન'ના ગાંધી જીવનનો અંતિમ અધ્યાય વિશેષાંક તેમજ અનેકાંતવાદ, સ્યાદ્વાદ અને નયવાદ વિશેષાંક સંપાદિત કરનાર બંને વિદુષી સંપાદિકાઓના અપાર પરિશ્રમની અનુમોદના.

એપ્રિલ માસના અંકમાં 'શ્રીમદ રાજચંદ્ર અને સાબરકાંઠાના સંતો'ના લેખકશ્રીના સ્વાનુભવ સભર તારણો, અવતરણો માટે તેમને ધન્યવાદ. તેમનું આ તારણ તો અતિ મહત્ત્વનું અને માત્ર રાષ્ટ્રપિતાના રાજકીય અનુયાયીઓ જ નહીં પણ સર્વ કોઈ સામાજિક, રાષ્ટ્રીય, સાહિત્યિક અને વિશેષ તો ગાંધી વિચારક પુરસ્કર્તાઓએ પણ લક્ષ્ય આપવા જેવું છે કે,

'શ્રીમદ્' વિષે રાષ્ટ્રપિતાએ આટલો આદર દર્શાવ્યો છે પરંતુ એમના રાજકીય અનુયાયીઓએ ભૂલથી પણ એ મહાપુરુષને યાદ કરવાની તસદી લીધી નથી. ગુજરાત આ મુદ્દે નગુણું જ રહ્યું છે. પોતાની ભૂમિની વિભૂતિઓને ઓળખવા માટે એની પાસે નવરાશ જ નથી. આપણે રવીન્દ્રનાથ અને વિવેકાનંદ પાછળ ગાંડા થતા રહ્યા પણ આંગણે ઊગેલા સૂર્યને ના ઓળખી શક્યા.

અહીં આ જ વસ્તુ પર, સ્વામી વિવેકાનંદના, બાળપણથી 'વિવેકાનંદ મંડળ' સ્થાપીને, પુરસ્કર્તા રહેલા અને સર્વોદય વિચારધારાને વરેલા વિદુષી વિમલાતાઈએ મૂક્લો ભાર, જ્યારે આ પંક્તિલેખકે 'બિરાદર' માસિકમાં વ્યકત કરેલો બે વર્ષ પહેલાં, ત્યારે અમારા સર્વોદયી ભાઈ-બહેનોનાં જ ભવાં ચઢેલાં અને વિરોધના સૂર નીકળેલા એ જણાવવું પ્રાસંગિક થશે. સુશ્રી વિમલાતાઈએ શ્રીમદ્‌નું ઊંડું અધ્યયન કર્યા પછી અને તેમની અંતરચેતના સાથે તાર જોડીને વ્યક્ત કરેલું કે, **'ગુજરાતના, ભારતના યુવકો, ખાસ કરીને જૈનો તો વિવેકાનંદને ભૂલી જાય, રાજચંદ્રજીને વાંચે-વિચારે, તેમની પુસ્તિકાઓ ખીસામાં રાખે.'** (સંદર્ભ : 'પંચભાષી પુષ્પમાળા' - પૃ. ૫).

આ અનુસંધાનમાં મહાપ્રાજ્ઞ પ્રજ્ઞાચક્ષુ પં. શ્રી સુખલાલજીનું પણ આ કથન અત્યંત ચિંતનીય, ઉપાદેય અને અનુકરણીય છે :

'....તત્ત્વચિંતન કરવાની અને તે ઉપર સ્પષ્ટ તેમજ પ્રવાહબદ્ધ લખવાની અને તે પણ ઘર આંગણે રમતા કુમારની ઉંમરથી તેમજ વ્યાપારધંધા આદિની વિવિધ પ્રવૃત્તિઓ વચ્ચે-શ્રીમદ્ જેવી વ્યક્તિ ઉત્પન્ન કરવા વાસ્તે માત્ર જૈન સંસ્કૃતિ પ્રત્યે જ નહિ પણ ગુજરાતની સંસ્કૃતિ પ્રત્યે માથું આપમેળે નમી જાય છે. જૈન સમાજ માટે તો એ વ્યક્તિ ચિરકાળ લગી આદરણીય સ્થાન સાચવી રાખશે એમાં શંકા જ નથી. તટસ્થ અને ચિંતક ભાવે શ્રીમદ્‌નાં લખાણ વાંચ્યા સિવાય એમને વિષે અભિપ્રાય બાંધવા કે વ્યક્ત કરવા એ વિચારકની દૃષ્ટિમાં ઉપહાસસ્પદ થવા જેવું અને પોતાનું સ્થાન ગુમાવવા જેવું છે.

(સંદર્ભ : 'પ્રજ્ઞાસંચયન' : 'દર્શન અને ચિંતન' પૃ. ૭૮૯)

પં. સુખલાલજી અને વિમલાતાઈ જેવા દૃષ્ટાઓના આ ગંભીર ચિંતનો સર્વ ગાંધીજનો, જૈનજનો અને વિશેષ તો શ્રીમદ્‌ને વાંચ્યા-ચિંતવ્યા વગર જ ઉપહાસ પાત્ર ગણતા જૈન મુનિજનોને સાદર સમર્પિત છે. ૐ શાન્તિ.

☐ **પ્રા. પ્રતાપકુમાર જ. ટોલિયા,** બેંગલોર
(M) 09611231580
Email : pratapkumartoliya@gmaiil.com.

(૨)

બિપીનભાઈ જૈન સાથેની તમારી શ્રી મનસુખભાઈ સુવાગીયાની મુલાકાત ભારે રસપ્રદ અને ઉત્તેજક રહી. જળ-જમીન અને ગૌવંશના વિકાસ દ્વારા જળક્રાંતિમાં રત, જામકાનિવાસી મનસુખભાઈ સૌરાષ્ટ્રમાં તો ખૂબ જાણીતા છે જ.

પ્રકૃતિને, વિકૃતિથી દૂર રાખીને, સંસ્કૃતિના વિકાસમાં તેમનો ફાળો મોટો અને માતબર રહ્યો છે. જેમ ડૉ. વર્ગીસ કુરિયને શ્વેત-ક્રાંતિ 'અમૂલ' મારફત કરી, તેમ પ્રદુષણ મુક્ત, પર્યાવરણ, દ્વારા જળક્રાંતિના પ્રણેતા મનસુખભાઈનો ઉત્સાહ અને ઉમંગ માણ્યા, બળદનો અર્થ જ બળ આપનાર ભૂલાયો, ગાય હાંસિયામાં ધકેલાઈ ગઈ. પશુપાલકો ભેંસો તરફ વળ્યા. પરિણામે ગાયમાતા ઔપચારિક રીતે પછાત રહી, પરંતુ તેના વંશનું તો નિકંદન થતું રહ્યું! એ કેમ પોષાય? મનસુખભાઈ સુવાગીયા, શ્રી કૃષ્ણનું કાર્ય જ આગળ ધપાવી રહ્યા છે-ગોપાલ-ગોવાળનું. આજે કૃષિકારો જાણે પાયાની વાત ભૂલીને આર્થિક સદ્ધરતા તરફ વળી રહ્યા છે. તેથી ગ્રામ્ય સંસ્કૃતિને ખૂબ દુઃખ સહન કરવું પડ્યું છે. ચેક ડેમો, તળાવો, દ્વારા પાણીનાં તળ ઊંચા આવતાં સરવાળે ખેડૂતોને તો લાભ જ થાય છે. દેશી ખાતરો પણ ઉપયોગી હોય છે. છાણ, માટી, રાખ, સાથે વનસ્પતિના અંશો દ્વારા ખાડામાં તૈયાર થતું છાણિયું ખાતર, પાક ઉગાડવામાં આજે પણ મોખરે છે. 'આકાશવાણી'-રાજકોટ દ્વારા 'ગામનો ચોરો', કાર્યક્રમમાં તેનો પ્રચાર થતો રહ્યો છે. જે ખેડૂતોમાં નવા રસ અને ઉત્સાહનું સિંચન કરે છે.

☐ **હરજીવન થાનકી,** પોરબંદર

(૩)

આપણી ફોન પર વાત, ઘોઘાવદર સંવાદ અને જામકા દર્શનને આપશ્રીએ શબ્દોમાં જે મૂર્તિમંત કર્યા છે એ લેખ અમારા કાર્યનો શિલાલેખ બની ગયો. ઇતિહાસ આપના શબ્દને લાંબો સમય યાદ રાખશે. વિશ્વના જૈન સમાજ અને વિશ્વના બૌધિકો સામે આ લેખ મુકીને તમે ગામડામાં ચાલી રહેલા જળરક્ષા-ગોરક્ષા યજ્ઞને વિશ્વ પ્રકાશિત કર્યો છે.

સંસારી તરીકે આ સેવાયજ્ઞમાં પારાવાર આર્થિક-સામાજિક-રાજકીય સંકટો વેઠ્યાં છે. પણ પરમાત્મા આપ જેવા સત્પુરુષોને દેવદૂત

રૂપે મોકલે છે. એથી જ સેવાયજ્ઞની જ્યોત નિરંતર જલતી રહી છે. આપની લાગણી–આશીર્વાદ અમારું સદ્‌ભાગ્ય છે. અમારા દાદાને શત્ શત્ પ્રણામ.

**☐ મનસુખભાઈ સુવાગીયા**
પ્રમુખ-જળક્રાંતિ ટ્રસ્ટ
C/o. ફ્લોટેક એન્જિનિયરિંગ પ્રા. લિ. શાપર મેઈન રોડ, મું. શાપર
(વેરાવળ) જિ. રાજકોટ (ગુજરાત)
ફોન : (૦૨૮૨૭) ૨૫૨૫૦૯, ૨૫૩૩૦૯
ફેક્સ : (૦૨૮૨૭) ૨૫૩૨૨૨
Web : www.jalkranti.org / e-mail : info@jalkranti org

(૪)

'પ્રબુદ્ધ જીવન'નો હુ નિયમિત વાંચક છું. ઘણું સુંદર લખાણ આવે છે. સર્વધર્મ સમભાવની ભાવના વ્યક્ત કરતા સુંદર લેખોનું વાંચન મળે છે. જૈન ધર્મની સાથે હિંદુ, ઈસ્લામ, ખ્રિસ્તી ધર્મને પણ તમે સમભાવે ન્યાય આપ્યો છે.

મે-૨૦૧૫ના અંકમાં કલિકાલ સર્વજ્ઞ મુનિ હેમચન્દ્રાચાર્ય વિશે ખૂબ સુંદર લેખ છપાયો છે તે વાંચ્યો, ખૂબ જ ગમ્યો. ઉત્તર ગુજરાત-પાટણ યુનિવર્સિટીની જોડે તેમનું નામ જોડાયેલું છે તે કામ પાર પાડવામાં મારો મહદ્ અંશનો ફાળો છે તેનો મને સંતોષ છે.

હમણાં જ તા. ૨૭-૫-૧૫ના 'જન્મભૂમિ'માં મેં જે પત્ર લખ્યો તેની કોપી આ સાથે ભીડું છું.

હું આશા રાખું છું કે, તમને આ પ્રસ્તાવ ગમશે.

'આધુનિક સંદર્ભમાં ધર્મના નામે આપણે જે વહેવારો, રીત-રસમો પાળીએ છીએ અને જેનો સદીઓથી આગ્રહ રાખ્યો છે તેમાં ફેરફાર કરવાની જરૂર છે. **સાચો અભિગમ તો, ધર્મ, શ્રદ્ધા, અધ્યાત્મ કે પરમતત્ત્વની સાધના છે.** દૈનિક ક્રિયાઓ અને વહેવાર, ભૌતિક નિયમોનું આચરણ અને પાલન તે તો, આનુષાંગિક પ્રક્રિયાઓ છે જે સમય, સંજોગ, દેશકાળ, પરિસ્થિતિ પ્રમાણે બદલતા રહેવું એ શિખામણ આપણી સાચી વિરાસત છે.

જૈન ધર્મ સાથે હું નિકટતાથી જ જોડાયેલો છું. જૈન મિત્રો સાથે મારે ચર્ચા પણ થાય છે અને એક ખાસ વાત તો એ કે, જેમાં મોટાભાગના સંમત થાય છે **તે સાધુ-સાધ્વીઓની શૌચ ક્રિયા.**

હમણાંનો જ એક દાખલો આપું. દહાણુ તાલુકામાં હાઈવે પર અંબોલી ગામે મારું ફાર્મ છે. બરોબર એની સામે જ એક ઉપાશ્રય છે. શરૂઆતના વરસોમાં જ્યારે એ ઉપાશ્રયને સ્થાપવામાં આવ્યો ત્યારે એ શુભ કામની જોડે હું સંકળાયેલો પણ હતો. હવે, ત્યાં સાધુ-સાધ્વીઓનો વાસ હોય છે. વિહાર કરતાં-કરતાં રાતવાસો ગાળવાનું અને વિશ્રામનું સ્થળ છે.

થોડા દિવસ પહેલાં સાંજના ૭-૦૦ વાગે ૮-૧૦ સાધ્વીઓને મેં ઉપાશ્રયથી નીકળીને સળંગ છ લાઈનનો ડબલ હાઈવે ક્રોસ કરીને સામી બાજુ આવતી જોઈ. સામાન્ય રીતે, આ મોટા ટ્રાફિકવાળા રસ્તમાં કોઈ ક્રોસ કરે નહિ. તેમણે જોખમ લીધું. મને કૂતુહલ થયું કે, અત્યારે આ બહેનો બહાર કેમ? શું પ્રયોજન? ધીરે-ધીરે કરતા મેં એમની ઉપર નજર રાખી તો તે ૫-૧૦ મિનિટ ચાલી. હાઈવે ઉપરથી નીચે ઉતરી નદી કિનારે કોઈ આદિવાસીના ખેતરમાં થોડીક આડશ શોધીને કુદરતી હાજતે બેઠી. હું તો, પાછો ફરી ગયો પણ પાછળ નજર નાખી તો ૭-૮ આદિવાસીના છોકરાઓ ટીખળ કરતા હતા અને હસતાં-હસતાં કાંકરીચાળો પણ કરતા હતા.

તો, મારી વાત આટલી જ કે, આવું બધું શા માટે? આને માટે કોઈ વ્યવહારૂ, શિષ્ટ માર્ગ ન કાઢી શકાય? હવે તો, એ આદિવાસી ગરીબ-અભણ પ્રજા પણ ખૂલ્લામાં બેસતી નથી. ઘણા મારા જૈન મિત્રો કે જે સમાજના મોવડીઓ છે તેઓ મારી વાત સાથે સંમત છે.

**☐ ડૉ. મોહન પટેલ** (પૂર્વ શેરીફ)
પટેલ વનિકા, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે,
ગોરેગાંવ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
Phone : 2877 1293. Fax : 2877 3298 / 0570
Email : mipatel@epltube.com

(૫)

આપના તરફથી 'પ્રબુદ્ધ જીવન'ના બધા જ અંકોની pdf ફાઈલ ડીજીટલ સ્વરૂપે DVDમાં મળ્યા છે. ખરેખર ખૂબ જ સારી મહેનત કરીને આટલા બધા જ વર્ષોના અંકો જિજ્ઞાસુઓને પહોંચાડવા માટે Digital DVD બનાવીને ખૂબ જ અનુમોદના સભર ઉત્તમ કાર્ય કર્યું છે. અમારી Liabraryમાં આનો સંગ્રહ કરેલ છે.

હૃદયપૂર્વકની અનુમોદના સહ આભાર

**☐ બી. એસ. શાહ**
હિરાજૈન સોસાયટી,
સાબરમતી, અહમદાવાદ-૩૮૦ ૦૦૫.
મો. 94265 85904 ઑ. : (079) 2213 2543
Email : ahoshrut.bs@gmail.com
Website : www.ahoshrut.org

(૬)

અનુકૂળતાએ આપણું 'પ્રબુદ્ધ જીવન' વાંચું છું. શરીર પર આંખે, ઇતર સામાજિક પરિવાર જવાબદારી સાથ વડીલ નાતે (૭૫ પૂરાં) તેથી જૂના કે નવો અંક ક્યારેક હાથવગુ હોઈ વાંચું છું જ. આસ્વાદવું જીવનનો લહાવો છે. વિચારાય તેવું લખાણ છે.

ડિસેમ્બર ૨૦૧૪માં અમારા મથુરાદાસ આજે બીજી વખત વાંચ્યું. ૧૮ વર્ષ સુધી સંસ્થાની સેવા કરેલી. જન્મ તારીખ ૯-૨-૧૯૮૬. ૭૦ વર્ષની ઉપરની હશે. મારા વાંચવામાં દેહ વિલય હુમલો વંચાયું. ડૉ. રેણુકાની સાથે ફોન પર વાત થયેલી. અનુકૂળતાએ પો. કા.માં મને જ્ઞાત કરવા વિનંતિ છે. પાયાના સ્થંભ ઓછા જનો યાદ કરે છે. ઘણાં દેખાદેખી, ફોટાને વંદન, તો દરરોજ કરે. તૂડે તૂડે મતિર ભીન્ના.

પંચતત્ત્વમાં મારી શ્રદ્ધાંજલિ વાચક તરીકે પાઠવું છું. (૧) 'પ્રબુદ્ધ જીવન'ની વિશિષ્ટતાઓ, અંગ્રેજીમાં શરૂ કર્યું. (૨) ભાવ-પ્રતિભાવમાં એકના એક જ પાઠવનાર—બબ્બે વખત. કેટલાંક લાંબા ૨-૨ાા પાનાં પણ. આ મારા જીવન દરમિયાન પહેલી વખત જ. ઘણાં પ્રકાશનો નિયમો ઘડે છે જ. અહીં તે જણાવવું ઉચિત નથી. 'ગુજરાત મિત્ર' ૧૫૨ વર્ષ જૂનું કોઈ દિવસ એવું નથી જણાવ્યું કે આમ કરો. હા અમુક આર્ટીકલ માટે સમય નિયત હોય છે. હાલ આટલું જ. ડિસે.'૧૪ હું ખ્રિસ્તી ભાઈબહેનોને અન્યને વાંચવા આપીશ. ખ્રિસ્તી ફળિયું નજીક જ છે.

ઈશુ માનવ મિત્ર, વયસ્ક મિત્ર.

**□ દામોદર કુ. નાગર**
(ઊમરેઠ), જિલ્લો આણંદ

(૭)

'પ્રબુદ્ધ જીવન'ના એક પછી એક ખૂબ જ સમૃદ્ધ વિશેષાંકો જે તમે શક્ય બનાવો છો તે માટે જૈન સમાજ તમારો ઋણી રહેશે.

મારા નમ્ર મત મુજબ, હવે શ્રીમદ્ રાજચંદ્ર વિષયમાં જે જે શોધનિબંધો, અત્યાર સુધીમાં થયા છે તે સહુને સમાવી લેતો અંક આવો જે વિશેષાંક અનિવાર્ય બની ગયો છે, તો યોગ્ય સંપાદક શોધી કાઢી એક 'શ્રીમદ્ વિશેષાંક' બહાર પાડવા યોગ્ય કરશોજી.

**□ અશોક ન. શાહ**
એ-૩૦૮, સુપ્રભ એપાર્ટમેન્ટ, બેકરી સિટી,
વેજલપુર, અમદાવાદ૩૮૦૦૫૧.

(૮)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજાયેલ મહાવીરવંદના કાર્યક્રમ માટે આપશ્રીને ખૂબ ખૂબ અભિનંદન.

ઝરણાબેન વ્યાસ તથા તેમના ગ્રુપ દ્વારા ભક્તિ સંગીતનો કાર્યક્રમ યોજાયો તથા જે હૃદયથી તેમના ગ્રુપે પ્રભુના ગીત ગાયા તથા સુંદર સંગીત આપ્યું તે બદલ તેઓ સહુ પણ ખૂબ અભિનંદનના અધિકારી છે.

સૌ પ્રથમ અલ્પાહાર ખૂબ સુંદર તથા સ્વાદિષ્ટ હતો તેથી ખરેખર સહુ તૃપ્ત થઈ ગયા હતા.

પછી જે ભક્તિ સંગીતના ગીતોનો આરંભ થયો તેમાં એક પછી એક ગીતો આવતા ગયા તેમાં ત્રણ કલાક સહુ ભક્તજનોને આ ભક્તિ ગ્રુપે જકડી રાખ્યા હતા.

એક એક ગીત પ્રભુ મહાવીરને જ જાણે અર્પણ થયા હોય તેવા હતા તથા જૈન હોય કે જૈનેતર પણ તમામ ગીતો મહાવીર સ્વામીને હૃદયમાં સ્થાપીને, તેમના શરણે જઈને ગવાયા હોય તેવું લાગ્યું. ત્રણ કલાક પ્રભુ ભક્તિ કરતાં કરતાં ક્યાં વીતી ગયા તેની ખબર જ ન પડી.

ડૉ. રમણભાઈએ આ કાર્યક્રમને 'મહાવીર વંદના' નામ આપ્યું હતું તે આજે ખરેખર સાર્થક થયું હોય તેમ લાગ્યું. આ માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તથા તેમના આયોજકોને ખૂબ ખૂબ અભિનંદન.

ભવિષ્યમાં આવા કાર્યક્રમ આપ અવારનવાર યોજતા રહેશો તેવી જ શુભેચ્છા.

**□ અમિતા ઝવેરી**
શ્રીકુંજ, બીજે માળે, અલ્ટા માઉન્ટ રોડ, મુંબઈ.

(૯)

તા. ૨૫-૪-૧૫ના રોજ પ્રેમપુરી આશ્રમમાં 'મહાવીર વંદના'નો કાર્યક્રમ સાંભળવાનો લહાવો આપ્યા બદલ સંસ્થાનો તથા તેના Sponsorsનો આભાર. સાથે નાસ્તો પણ અત્યંત સુમધુર હતો.

સ્તવન ગાનાર, સંગીતકાર તથા પ્રવચક બધાએ ખૂબ જ સુંદર રજૂઆત કરી ત્રણ કલાક પ્રેક્ષકો ને જકડી રાખ્યા. ખૂબ ખૂબ આનંદ આવ્યો.

કાર્યક્રમનું નામ (શીર્ષક) મહાવીર વંદના હતું. પણ તેમાં મહાવીર સ્વામીના તથા ભગવાનના સ્તવનો ખૂબ જ ઓછા હતા. જૈનેતર ભજનો ખૂબ જ સારી રીતે પણ વધુ સંખ્યામાં હતા. તો આ કાર્યક્રમનું નામ 'ભજન સંધ્યા' રાખવાનું વધુ અનુકૂળ લાગત.

**□ વિજય પી. શાહ**
૭૦-૭૨, વાલકેશ્વર રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૬.

(૧૦)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત મહાવીર વંદનાનો કાર્યક્રમ શ્રીમતી ઝરણાબેન વ્યાસ તથા અયોધ્યાદાસના ગ્રુપ દ્વારા રચાયો, તથા તેના પહેલાં ઉચિત ચોવિહારનો લાભ શ્રી કમલેશભાઈ શાહ તથા પરિવારજનોએ લીધો હતો; તેમાં સહુ સહભાગી થવાનો લાભ અમને મળ્યો હતો.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ શ્રીમતી વિદ્યાબેન મહાસુખલાલ શાહના ફંડમાંથી રચાયેલા આ અદ્ભુત કાર્યક્રમની સફળતા સર્વે લોકોએ અનુભવી અને ભક્તિમાં રસ તરબોળ થઈ ગયા. શ્રી પ્રભુ મહાવીર વંદનામાં જે ધૂન તેમણે ઉપાડી તે ખરેખર અવિસ્મરણીય હતી અને ખાસ કરીને અમને રાજા રાવણ તથા મંદોદરી રાણીની અષ્ટાપદ પર્વતની ભક્તિ યાદ આવી ગઈ.

આ પ્રકારના કાર્યક્રમ વધુ ને વધુ થાય અને આપશ્રી તથા આપના સંયોજકો જે પ્રકારની મહેનત કરી રહ્યા છો તે બદલ હું શ્રી જૈન યુવક સંઘ તથા સંયોજકોની તથા પૂરા સંગીતના ગ્રુપની ખૂબ ખૂબ અનુમોદના કરું છું. તથા વધુ ને વધુ લોકો આમાં ભાગ લે તથા પ્રભુની ભક્તિમાં ડૂબીને આવા ભક્તિ રસનો લાભ લે તેવી જ શુભેચ્છા અને ખૂબ ખૂબ અનુમોદના.

**□ સચ્ચીદાનંદ શાહ – જ્યોતિ શાહ**
કૃષ્ણ મહલ, મરીન ડ્રાઈવ, મુંબઈ.

✶ ✶ ✶

## પંથે પંથે પાથેય

(અનુસંધાન પૃષ્ઠ છેલ્લાથી ચાલુ)

છે. મારી દીકરીઓ મને કેટલી વહાલી હતી. તેને પણ મળી શકતો નથી. મને ભૂતકાળ યાદ ન કરાવો. *'હમસે મત પૂછો, કૈસે, મંદિર તૂટા સપનોં કા, લોગોં કી બાત નહિ હે, યે કિસ્સા હે અપનોં કા.'*

એમના રૂદિયામાં એવો ઘા પડ્યો હતો કે પોતાના દર્દની પરવા કરવાની છોડી દીધી. મારું કોઈ નથી. આ શરીર મારા કામનું નથી. મનથી નક્કી કર્યું કે 'જૈન મુનિની જેમ મારે સંથારો કરવો છે.' ખાવાનું-ન્હાવાનું છોડી દીધું. આખો દિવસ સૂઈ રહે, કપડાં પણ બદલે નહિ, હાથીપગાને કારણે ખૂબ પરૂ નીકળે. ડ્રેસિંગ પણ ન કરવા દે. તેના કારણે અસંખ્ય ઈયળ જેવા જંતુ પડી ગયા. ધીમે ધીમે આખા શરીર પર, દાઢીના વાળમાં, માથાના વાળમાં, ગોદડા-ધાબળામાં જંતુ ફર્યા કરે. વોર્ડના દર્દીઓ તેમની દુર્ગંધથી ત્રાસી ગયા, ફરિયાદ આવવા માંડી. ડૉક્ટર, વોર્ડબોય સુરેશભાઈ-સુભાષભાઈ બધા સમજાવીને થાક્યા. દવા કે જમવાની વાત કરીએ તો ના જ પાડે.

એક રાત્રે તેમને મેં કહ્યું, 'અલગારીબાબા આ જંતુ તમને કરડતા નથી? તમે કેવી રીતે ઊંઘી શકો છો ? તમને ગંધ મારતી નથી ? કાલે સવારના તમને બે ત્રણ ભાઈઓ નવડાવશે, દાઢી માથાના વાળ કાપી આપશે, તમને નવું ગોદડું પાથરી આપશે. તમને સારું લાગશે.'

તેમણે તેમની જીદ ચાલુ રાખી. 'મારે સંથારો કરવો છે, મને મારી રીતે મરવા દો ! મારા શરીર પર જે દિવસે પાણી પડશે તે દિવસે મારું મોત થશે. ઈન્દીરાબેન, તમે સમજી લેજો.'

પણ મેં તેમની વાત ન માની. સવારના આઠ વાગે તેમની ઈચ્છા વિરૂધ્ધ તેમના વાળ કપાવ્યા, ગરમ પાણી કરી તેમને બધાએ ઉંચકીને બાથરૂમની બહાર બેસાડ્યા-તેમનું શરીર ભારે, શરીર પર કપડાં ચોંટી ગયેલા. ભાઈઓને કહ્યું કે તમે તેમને નવડાવો. હું તેમના માટે ખીચડી બનાવીને લઈ આવું. ખીચડી બનાવતા મનમાં વિચારવા લાગી-આજે બાબા સ્વચ્છ થશે. તેથી શાંતિથી ઉંઘી શકશે. જંતુથી મુક્તિ મળશે. પણ થોડીવારમાં સુરેશભાઈ મને બોલાવવા આવ્યા, 'જલ્દી ચાલ-તેં ખૂબ મોટું પાપ કર્યું છે.'

અલગારી બાબાને નવડાવ્યા અને ત્યાં જ તેઓ ઢળી પડ્યા, તેઓ અનંત યાત્રાએ ઉપડી ગયા. હું દોડીને તેમને જોવા ગઈ. આંખમાંથી અશ્રુ સરી પડ્યા. દત્તના ઉપાસક ચિર નિદ્રામાં પોઢી ગયા હતા. તેમને પ્રણામ કરી. દત્ત ધૂન બોલવતા બોલાવતા તેમને અનંતયાત્રાની મંઝિલ ભણી લઈ ગયા.

*'ચલ અકેલા, ચલ અકેલા-ચલ અકેલા*
*તેરા મેલા પીછે છૂટા, રાહી ચલ અકેલા.'*

✷ ✷ ✷

સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ, હિંમતનગર-૩૮૩૨૭૬.
મોબાઈલ : ૯૪૨૬૦ ૫૪૩૩૭.


**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત**

**આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં**




**॥ મહાવીર કથા ॥**
**બે ડી.વી.ડી. સેટ**
ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર **'મહાવીરકથા'**




**॥ ગૌતમ કથા ॥**
**બે ડી.વી.ડી. સેટ**
અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ-સ્વામીના પૂર્વ-જીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર **'ગૌતમકથા'**




**॥ ઋષભ કથા ॥**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી **'ઋષભ કથા'**




**॥ નેમ-રાજુલ કથા ॥**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીને રાજુલનો વૈરાગ્ય ઉદ્‌બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા



**પાર્શ્વ-પદ્માવતી કથા**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ. ભગવાનનું જીવન અને ચ્યવન કલ્યાણક. શંખેશ્વર તીર્થની સ્થાપના. પદ્માવતી ઉપાસના. આત્મ સ્પર્શી કથા

**માર્ચ, ૨૦૧૫માં પ્રસ્તુત થયેલ હેમચંદ્રાચાર્ય કથાની ડી.વી.ડી. પણ ઑગસ્ટ માસમાં તૈયાર થઈ જશે.**
**● પ્રત્યેક સેટની કિંમત રૂા. ૧૫૦/- ● ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ**

● બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 IFSC : BKID 0000039 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.

ઉપરની **ડી.વી.ડી. સંઘની ઑફિસ** શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪માં મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬. અથવા નીચેના સ્થળેથી પ્રાપ્ત થશે–
ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજી,બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

# સર્જન – સ્વાગત

**ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **સમ્યગ્ દર્શન મોક્ષમાર્ગનું પ્રવેશ દ્વાર**
લેખક : ડૉ. જે. એમ. શાહ
પ્રકાશક : શ્રીમતી પ્રમિલાબહેન જયંતીલાલ શાહ પરિવાર (પાટણવાળા)
પ્રેમજયંતી બંગ્લોઝ, ૭-બી, જીવનસ્મૃતિ સોસાયટી, મીરામ્બિકા સ્કૂલ પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : (૦૭૯) ૨૭૪૩૫૪૧૮/૨૭૪૭૦૫૯૪.
મો. : (૯૩૨૭૫૪૦૯૫૬-ડૉ. જે. એમ. શાહ).
મૂલ્ય-સ્વાધ્યાય, પાના-૧૮૬, આવૃત્તિ-પ્રથમ, ફેબ્રુઆરી-૨૦૦૫.

સમ્યગ્દર્શન : મોક્ષમાર્ગનું પ્રવેશદ્વાર ડૉ. જે. એમ. શાહ લખેલ મનનીય કૃતિ છે. આ પુસ્તકની વિશેષતા એ છે કે લેખકે નવ પ્રકરણોમાં આધ્યાત્મિક પથ પર પ્રયાણ કરનાર સાધકને મોક્ષમાર્ગના પ્રવેશદ્વાર સુધી પહોંચવાનું માર્ગદર્શન કર્યું છે. સાથે સાથે એ પણ સમજાવ્યું છે કે સમ્યગ્ દર્શનની પ્રાપ્તિનો આધાર વિશુદ્ધ અંતઃકરણ પર છે.

સમ્યગ્ દર્શન જૈન આચાર વ્યવસ્થાનો આધાર છે. સમન્તભદ્ર સ્વામીએ સમ્યૂગ દર્શનને મોક્ષમાર્ગનો કર્ણધાર કહ્યું છે. જો મોક્ષની પ્રાપ્તિ કરવી હોય તો કર્મથી બંધાયેલ આત્માને મુક્ત થવું પડે. કર્મયોગથી ભ્રમણશીલ આત્માને સ્વસ્વરૂપમાં સ્થિર કરવો પડે, અનાદિકાળની વિકૃતિઓનો વિનાશ કરવો પડે અને આત્માનું વિશુદ્ધ સ્વરૂપ પ્રકટ કરવું જોઈએ. બધાં ધર્મોને તેનું વાસ્તવિક સ્વરૂપ આપવું હોય અને આચરિત ધર્મને સાર્થક બનાવવો હોય તો સમ્યક્ દર્શનનું પ્રકટીકરણ અત્યંત આવશ્યક છે.

આ ગ્રંથની વિશેષતા એ છે કે લેખકે મહાપુરુષોના કથનો, દોહાઓ તથા આગમ સાહિત્યના ઉદાહરણો આપી વાચકને આ પુસ્તક વાંચવાની પ્રેરણા આપી છે.

સમ્યક્ દર્શન અધ્યાત્મ જગતનું શ્રેઠ રત્ન તથા સિદ્ધિ અપાવનાર છે.

x x x

પુસ્તકનું નામ : **મધ્યસ્થભાવ**
સંઘ એકતાની Master Key
સંપાદક : મુનિ કૈવલ્યજિત વિજયજી મ.સા.
પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન : 'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મૂલ્ય-રૂા. ૬૫/-, પાના-૨૦૧, આવૃત્તિ પ્રથમ, વિ. સ. ૨૦૭૧.

પ્રસ્તુત મધ્યસ્થભાવના વ્યાખ્યાનોને માટે કહ્યું છે કે આજથી આશરે ૯-૧૦ વર્ષ પૂર્વે તિથિના પ્રશ્નને લઈને અમદાવાદમાં ગિરધરનગર સંઘમાં વિગ્રહનું વાતાવરણ પેદા થયું હતું. આવા સમયે ગીતાર્થ પ્રવચનકારોએ આરાધકોને તટસ્થતાપૂર્વક માર્ગદર્શન આપવું એવી ફરજ ઊભી થઈ હતી. તે અરસામાં વિવિધ સંઘોમાં થયેલ પૂજ્યશ્રીના આઠ વ્યાખ્યાનોનો સંગ્રહ એટલે પ્રસ્તુત પુસ્તક.

પ્રસ્તુત પ્રવચનોમાં ગુરુદેવશ્રીએ સામાચારીભેદ, વાચનાભેદ વગેરે સંબંધી આગમાદિના શાસ્ત્રપાઠો અને તપાગચ્છાધિરાજ આચાર્ય હીરસૂરીશ્વરજી મહારાજાએ કરેલ પટ્ટક તથા તે અનુસારી પરંપરાને અનુસરીને વિષયનું નિરૂપણ કરેલ છે.

પ્રવચનોના વિષય વિશે તેઓ જણાવે છે કે વર્તમાન આરાધક વર્ગની મુખ્ય સમસ્યાને ક્યાંક મોઘમમાં, તો ક્યાંક સ્પષ્ટપણે વિવેચિત કરી છે. આત્માર્થી સૌને તટસ્થતાપૂર્વક સૂચન કે ટકોર પણ કરી છે. આ પ્રવચનો આપતાં પૂજ્યશ્રી વર્તમાન શ્રી સંઘમાં પ્રચલિત પક્ષો, સંપ્રદાયોની અનેક માન્યતાઓમાંથી ક્યાંય કોઈ તરફ ઢળ્યા નથી. પૂજ્યશ્રીના શબ્દોમાં જોઈએ તો,

'હું કોઈ વ્યક્તિ કે પક્ષને લક્ષ્ય કરીને બોલતો નથી. આજે શાસન-સંઘમાં મતભેદ ઘણાં દેખાય છે માટે આ બધું બોલવું પડ્યું છે. જે ખુલાસો કર્યો છે, તેમાં અંશ માત્ર ફેરફાર નથી. શાસ્ત્રોના પરામર્શ વિના બોલતો નથી. ભગવાનના વચન પ્રમાણે યોગ્ય લાગ્યું તે કહ્યું છે.'

x x x

પુસ્તકનું નામ : **વૃદ્ધાવસ્થા Old Age**
લેખક - સંકલન તથા આલેખન : સુબોધભાઈ બી. શાહ
પ્રકાશક : સુબોધભાઈ બી. શાહ
૩૦૧, આંગી ફ્લેટ, નવા વિકાસ ગૃહ સામે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : R : 26602757, મો. : 9374019362.
મૂલ્ય-અમૂલ્ય, પાના-૧૦૨.

અક્ષયબોધિ વિજયગણિ આ પુસ્તક વિશે મનનીય અભિપ્રાય દર્શાવે છે.

શ્રેષ્ઠીવર્ય સુબોધભાઈ આ પુસ્તકમાં અનેક લેખકોના ચિંતનો, કવિઓના કાવ્યો, સંતોના સુવાક્યો અને જીવંત વ્યક્તિના આદર્શો અને ઉદાહરણો મૂકી વૃદ્ધાવસ્થામાં ખુમારીથી જીવવાનો એક સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

વૃદ્ધત્વ (ઘડપણ) ભારતની બહુચર્ચિત તેમ જ સળગતી સમસ્યા છે. સમય જાય છે તેમ વૃદ્ધોની સંખ્યા વધતી જ જાય છે અને વૃદ્ધોનું અવમૂલ્યન થઈ રહ્યું છે અને વૃદ્ધોના પ્રશ્નો વધતા જ જાય છે. તેનું કારણ આધુનિક સમાજની વ્યવસ્થા અને મનો વૈજ્ઞાનિક કારણો છે. વૃદ્ધો આવા અનેક પ્રશ્નોમાંથી બહાર આવે અને પ્રભુમાં શ્રદ્ધા રાખી સ્વસ્થ અને આનંદમય, ધાર્મિક જીવન જીવતા થઈ જાય તે ખૂબ જ જરૂરી છે.

ઘડપણ એક અવસ્થા છે અને એ અવસ્થા વિશે ૮૦ વર્ષના યુવાન સુબોધભાઈ બી. શાહ લેખો લખે, સંપાદનો કરે એ બહુ મોટી વાત છે. આ પુસ્તકમાં પ્રાર્થનાથી લઈ ફિલ્મી ગીત સુધી અને પ્રેરક પ્રસંગો લઈને વસિયતનામાં સુધીની ઉપયોગી વાતો મૂકવામાં આવી છે.

આ પુસ્તક એટલે અભાવને ભાવમાં પ્રગટાવવાની દિશામાં થયેલો પ્રયાસ.

x x x

પુસ્તકનું નામ :
**સમન્વય, શાન્તિ ઓર સમન્વયયોગ કા આધાર અનેકાન્તવાદ**
લેખક : ડૉ. પ્રિતમ સિંઘવી
પ્રકાશક : પાર્શ્વ ઈન્ટરનેશનલ શૈક્ષણિક ઔર શોધનિષ્ટ પ્રતિષ્ઠાન-અમદાવાદ.
પ્રાપ્તિસ્થાન : સરસ્વતી પુસ્તક ભંડાર, ૧૧૨, હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન નં. : ૫૩૫૬૬૯૨.
મૂલ્ય-રૂા. ૬૦/-, પાના-૧૦૫, આવૃત્તિ-પ્રથમ, ૧૯૯૦.

